વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થી માટે અત્યંત ઉપયોગી

# વર્તમાન પ્રવાહો

June E-COPY

01/06/2024
to
30/06/2024












- મિશન કર્મયોગી
- India Exim બેંકે પૂર્વ આફ્રિકાના નૈરોબી ખાતે ઓફિસ ખોલી
- AI Krish અને Bhoomi
- મેન્ગ્રોવ ઈકોસિસ્ટમ પર IUCN રિપોર્ટ

પેજ નં. 22
શ્રીનગરને 'વર્લ્ડ ક્રાફ્ટ સિટી' તરીકે ઓળખવામાં આવ્યું

પેજ નં. 25
નમો વડ વન

પેજ નં. 63
IPL 2024માં કોલકત્તા નાઈટ રાઈડર્સ ચેમ્પિયન

GPSC-I/II | GPSC-III | નાયબ મામલતદાર
PSI-ASI | CONSTABLE | તલાટી | બિન સચિવાલય
BANK | SBI | IBPS | SSC | RAILWAY

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

# અનુક્રમણિકા


| ક્રમ | મુદ્દાઓ | પાના નંબર |
|---|---|---|
| | **મહિનાના મુખ્ય મુદ્દાઓ :** | |
| 1 | સ્પેશિયલ કેટેગરી સ્ટેટસ (SCS) | 06 |
| 2 | BRICS નું વિસ્તરણ | 07 |
| 3 | મિશન કર્મયોગી | 08 |
| 4 | 50મી G7 સમિટનું આયોજન | 09 |
| 5 | નરેન્દ્રભાઈ મોદીએ ભારતના વડાપ્રધાન તરીકે સતત ત્રીજીવાર શપથ લીધા | 10 |
| 6 | પોસ્ટ ઓફિસ એકટ – 2023 | 12 |
| | **આંતરરાજ્ય** | |
| 7 | કેરળના આર્થિક સંકટને પંહોચી વળવા કેન્દ્રએ રૂા. 21,253 કરોડ મંજૂર કર્યા | 13 |
| 8 | સરકારે આર્મી ચીફ જનરલ મનોજ પાંડેના કાર્યકાળમાં વધારો કર્યો | 13 |
| 9 | ગૃહ મંત્રાલયના સહયોગથી સંચાર સાથી પહેલની શરૂઆત | 13 |
| 10 | હમ્પીનું વિરૂપાક્ષ મંદિર | 14 |
| 11 | ભારતીય સેનાને પ્રથમ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ મળી | 14 |
| 12 | ADB એ વિવિધ પ્રોજેક્ટ્સ માટે ભારતને $2.6 બિલિયનનું ધિરાણ મંજૂર કર્યું | 15 |
| 13 | સુપ્રીમ કોર્ટે લિંગ સંવેદના સમિતિનું પુનર્ગઠન કર્યું | 15 |
| 14 | ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજી (iCET) પર યુ.એસ. – ભારત પહેલની બેઠકનું આયોજન | 15 |
| 15 | MoD એ SPARSH સેવા કેન્દ્રોના વિસ્તરણ માટે MoU પર હસ્તાક્ષર કર્યા | 16 |
| 16 | બિહારના નાગી અને નક્તી પક્ષી અભયારણ્યોને રામસર સાઈટનો દરજ્જો મળ્યો | 16 |
| 17 | યુનિવર્સિટીઓને વર્ષમાં બે વાર પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવશે : UGC | 17 |
| 18 | ભારતીય સેનાએ ઈન્ટિગ્રેટેડ જનરેટર મોનિટરિંગ, કંટ્રોલ સિસ્ટમ 'વિદ્યુત રક્ષક' શરૂ કરી | 17 |
| 19 | ગાંધીસાગર વન્યજીવ અભયારણ્યમાં ચિત્તાનું નિવાસસ્થાન | 18 |
| 20 | ફિઝિકલ રિસર્ચ લેબોટરી (PRL)ના વૈજ્ઞાનિકો દ્વારા મંગળ પર ત્રણ ક્રેટર શોધવામાં આવ્યા | 18 |
| 21 | ચિનાબ બ્રિજ : ભારતીય રેલવેએ વિશ્વના સૌથી ઉંચા સ્ટીલ આર્ક રેલ બ્રિજ પર ટ્રાયલ રનનું આયોજન કર્યું | 19 |
| 22 | ADBએ રોગચાળાની તૈયારી અને પ્રતિભાવને મજબૂત કરવા $ 170 મિલિયન ધિરાણ પર હસ્તાક્ષર કર્યા | 19 |
| 23 | કેન્દ્રીય કેબિનેટે મહારાષ્ટ્રના વઢવાણ ખાતે ગ્રીનફિલ્ડ મેજર પોર્ટના વિકાસને મંજૂરી આપી | 19 |
| 24 | UPના મહારાજગંજમાં વિશ્વનું પ્રથમ એશિયન કિંગ ગીધ સંરક્ષણ અને સંવર્ધન કેન્દ્રની સ્થાપના | 20 |
| 25 | વડાપ્રધાન દ્વારા વિવેકાનંદ રોક મેમોરિયલની મુલાકાત | 20 |
| 26 | વડાપ્રધાને નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું | 20 |
| 27 | ચાર રાજયોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર | 21 |
| 28 | વૈશ્વિક ડોમેસ્ટિક એરલાઈન માર્કેટમાં ભારત ત્રીજા ક્રમે | 21 |
| 29 | વિશ્વની પ્રથમ 100% બાયોડિગ્રેડેબલ પેન ભારતમાં લોન્ચ થઈ | 22 |
| 30 | શ્રીનગરને 'વર્લ્ડ ક્રાફ્ટ સિટી' તરીકે ઓળખવામાં આવ્યું | 22 |
| 31 | કેરળ વિધાનસભાએ રાજયનું નામ બદલીને 'કેરલમ' કરવાનો ઠરાવ પસાર કર્યો | 23 |

| | | |
|---|---|---|
| 32 | કમ્પ્રેસ્ડ બાયોગેસ ઉત્પાદનમાં ઉત્તરપ્રદેશ ભારતમાં અગ્રેસર | 23 |
| | **ગુજરાત** | |
| 33 | નમો વડ વન | 25 |
| 34 | 44 રિચાર્જ બોરવેલનું ગાંધીનગરથી લોકાર્પણ | 25 |
| 35 | ગાંધીનગરમાં ફિડે વર્લ્ડ જૂનિયર ચેસ ચેમ્પિયનશિપ – 2024નો સમાપન સમારોહ | 25 |
| 36 | ગુજરાતની પાંચ બેઠક પર વિધાનસભાની પેટા ચૂંટણી | 26 |
| 37 | રાજયવ્યાપી પ્લસ પોલિયો અભિયાનનો મુખ્યમંત્રીએ ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો | 26 |
| 38 | રાજકોટમાં ગેમઝોનમાં આગની દુર્ઘટના | 26 |
| | **આંતરરાષ્ટ્રીય** | |
| 39 | ડીપ સી માઈનિંગ સામે ક્લાઈમેટ લિટીગેશન | 27 |
| 40 | KAZA સમિટ 2024નું આયોજન | 27 |
| 41 | રશિયન અવકાશયાત્રી અવકાશમાં 1000 દિવસ ગાળનાર પ્રથમ વ્યક્તિ બન્યો | 28 |
| 42 | પેરુ ઈન્સ્ટન્ટ ડિજિટલ પેમેન્ટ્સ માટે ભારતની UPI સિસ્ટમ અપનાવે છે | 28 |
| 43 | બોન ક્લાઈમેટ કોન્ફરન્સ 2024 | 28 |
| 44 | UNSC ના નવા બિન–સ્થાયી સભ્યોની પસંદગી | 29 |
| 45 | આબોહવા પરિવર્તનને કારણે પનામા ટાપુનું સ્થળાંતર | 29 |
| 46 | યુરોપિયન કમિશને તાંઝાનિયાને સંરક્ષણ અનુદાનમાંથી બાકાત રાખ્યું | 30 |
| 47 | 67મી Global Environment Facility Councilનું આયોજન | 30 |
| 48 | High Seas Biodiversity Treaty | 31 |
| 49 | યુક્રેન 'પાથ ટુ પીસ' સમિટનું આયોજન | 31 |
| 50 | વિશ્વના સૌથી જૂના ઉધઈના ટેકરા નામક્વાલેન્ડમાં શોધાયા | 31 |
| | **અર્થવ્યવસ્થા** | |
| 51 | RBI એ ફિનટેક સેક્ટરમાં સ્વ– નિયમનકારી સંસ્થાઓ માટે ફ્રેમવર્ક સૂચિત કર્યું | 33 |
| 52 | સેન્ટ્રલ એક્સાઈઝ બિલ, 2024 | 33 |
| 53 | 2023-24 માં નેધરલેન્ડ ભારતનું ત્રીજું સૌથી મોટું નિકાસ સ્થળ બન્યું | 34 |
| 54 | ભારતનું ફોરેક્સ રિઝર્વ રેકોર્ડ ઉચા સ્તરે પંહોચ્યું | 34 |
| 55 | India Exim બેંકે પૂર્વ આફ્રિકાના નૈરોબી ખાતે ઓફિસ ખોલી | 35 |
| 56 | 2023-24 માટે ભારતના GDPમાં 8.2% નો વધારો | 35 |
| 57 | Preston Curve | 35 |
| | **યોજના, પોર્ટલ અને એપ્લિકેશન** | |
| 58 | RBI એ PRAVAAH પોર્ટલ, રીટેલ ડાયરેક્ટ મોબાઈલ એપ અને ફિનટેક રીપોઝીટરીનું અનાવરણ કર્યું | 37 |
| 59 | AMRUT (Atal Mission for Rejuvenation and Urban Transformation) યોજના | 37 |
| 60 | આસામે કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 'મુખ્યમંત્રી નિજુત મોઈના' યોજના શરૂ કરી | 38 |
| 61 | AI Krish અને Bhoomi | 39 |
| 62 | નેશનલ હેલ્થ ક્લેમ એક્સચેન્જ | 39 |
| | **રિપોર્ટ અને ઈન્ડેકસ** | |
| 63 | શહેરીકરણ નાઈટ – ટાઈમ વોર્મિંગમાં વધારો કરે છે | 41 |
| 64 | 2024માં વૈશ્વિક બેરોજગારીનો દર નજીવો ઘટશે | 41 |
| 65 | મેન્ગ્રોવ ઈકોસિસ્ટમ પર IUCN રિપોર્ટ | 41 |


Banking Academy

| | | |
|---|---|---|
| 66 | ટાઈમ મેગેઝિન ગ્લોબલ 100 સૌથી પ્રભાવશાળી કંપનીઓની યાદીમાં ટાટા, રિલાયન્સ અને SII નો સમાવેશ | 42 |
| 67 | QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2025 | 42 |
| 68 | યુનેસ્કોનો સ્ટેટ ઓફ ઓશન રિપોર્ટ 2024 જાહેર | 43 |
| 69 | કન્ટેનર પોર્ટ પરર્ફોમન્સ ઈન્ડેક્સ (CPPI) 2023 જાહેર | 43 |
| 70 | ગ્લોબલ નાઈટ્રસ ઓક્સાઈડ બજેટ 2024 | 44 |
| 71 | ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ 2024 જાહેર | 45 |
| 72 | પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક 2024 જાહેર | 45 |
| 73 | મુંબઈ ભારતનું સૌથી મોંઘુ શહેર : મર્સર રિપોર્ટ જાહેર | 46 |
| 74 | એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ 2024 જાહેર | 46 |
| 75 | વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ 2024 જાહેર | 47 |
| | **પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી** | |
| 76 | કેરળમાં પશ્ચિમ ઘાટમાં નવી શેવાળની પ્રજાતિઓ મળી | 48 |
| 77 | કેટરપિલરમાં ઈલેક્ટ્રોરિસેપ્શન | 48 |
| 78 | રિકોમ્બિનન્ટ પ્રોટીનના મોટા પાયે ઉત્પાદન માટે નદી પદ્ધતિ | 48 |
| 79 | ભારતનું પ્રથમ ક્વોન્ટમ ડાયમંડ માઈક્રોચિપ ઈમેજર | 49 |
| 80 | વેટ બલ્બ ટેમ્પરેચર | 49 |
| 81 | ભારતની Rudra M-II મિસાઈલનું ઓડિશાના દરિયાકાંઠે સફળ પરીક્ષણ કરવામાં આવ્યું | 50 |
| 82 | શુક્ર પર જ્વાળામુખીની પ્રવૃત્તિ | 50 |
| 83 | સિમ્પેટ્રિક વિશિષ્ટતા (Sympatric Speciation) | 50 |
| 84 | બિન–ચેપી નિપાહ વાયરસ જેવા કણોની શોધ | 51 |
| 85 | અગ્નિકુલ કોસ્મોસે સિંગલ–પીસ 3D પ્રિન્ટેડ એન્જિન સાથે વિશ્વનું પ્રથમ રોકેટ લોન્ચ કર્યું | 52 |
| 86 | 77મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીનું આયોજન | 52 |
| 87 | Coordinated Lunar Time (LTC), Standard Time for the Moon | 52 |
| 88 | Tmesipteris oblanceolate શું છે? | 53 |
| 89 | Galaxy JADES – GS – z14 – 0 | 53 |
| 90 | ચીનનું Chang'e – 6 પ્રોબ | 54 |
| 91 | પૂર્વીય હિમાલયમાં નવી વાદળી કીડીની પ્રજાતિઓ મળી | 54 |
| 92 | ભારતીય વાયુસેના અને નૌકાદળ યુ.એસ. આયોજિત મેગા મલ્ટીનેશનલ વોર ગેમ્સમાં ભાગ લેશે | 54 |
| 93 | રિવર્સ ટ્રાન્સક્રિપ્ટેસ | 55 |
| 94 | આબોહવા પરિવર્તનને કારણે ભૂગર્ભજળ ગરમ થઈ રહ્યું છે | 55 |
| 95 | IIT ધારવાડે નવીન ફાયર રેસ્કયુ ડ્રોનનું અનાવરણ કર્યું | 56 |
| 96 | TRISHNA મિશન | 56 |
| 97 | મેક્સિકોમાં H5N2 બર્ડ ફ્લૂથી પ્રથમ માનવ મૃત્યુ | 56 |
| 98 | પોર્ટેબલ ઓપ્ટિકલ એટોમિક ક્લોક | 57 |
| 99 | Catla (Labeo Catla) | 58 |
| 100 | ISRO એ તેનું રિયુઝેબલ લોન્ચ વ્હીકલ (RLV) ટેક્નોલોજી પ્રદર્શન પૂર્ણ કર્યું | 58 |
| 101 | યુનાઈટેડ નેશન્સે વર્ષ 2025ને ક્વોન્ટમ સાયન્સ અને ટેકનોલોજીના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે જાહેર કર્યું | 59 |
| 102 | ISSમાં મલ્ટી – ડ્રગ રેઝિસ્ટન્ટ પેથોજેન્સ | 59 |


Banking Academy

| | | |
|---|---|---|
| 103 | ડોનાનેમેબ (Donanemab) : નવી અલ્ઝાઈમર દવા માટે FDAની મંજૂરી | 59 |
| 104 | Ophichthus Suryai : ઓડિશામાં સાપની ઈલની નવી પ્રજાતિ | 60 |
| 105 | JIMEX – 2024 | 60 |
| 106 | ભારતીય સેનાને નાગાસ્ત્ર – 1 ડ્રોનની પ્રથમ બેચ મળી | 60 |
| 107 | ઈલેક્ટ્રિક ટિલર (Electric Tiller) | 61 |
| 108 | બેલોન પ્રોટીન (Balon Protein) | 61 |
| 109 | Iberian Lynx | 62 |
| 110 | ભારતીય વનસ્પતિશાસ્ત્રીઓએ છોડની બે નવી પ્રજાતિઓ શોધી કાઢી | 62 |
| | **રમત–જગત** | |
| 111 | IPL 2024માં કોલકત્તા નાઈટ રાઈડર્સ ચેમ્પિયન | 63 |
| 112 | ફ્રેન્ચ ઓપન 2024 | 63 |
| | **નિમણૂક, વ્યકિત, પુસ્તક અને નિધન** | |
| 113 | ઓમ બિરલા 20 વર્ષમાં સાંસદ તરીકે ફરી ચૂંટાયેલા પ્રથમ લોકસભા સ્પીકર બન્યા | 65 |
| 114 | અનામિકા રાજીવ ભારતીય નૌકાદળની પ્રથમ મહિલા હેલિકોપ્ટર પાયલટ બની | 65 |
| 115 | પ્રખ્યાત વન્યજીવન ક્ષેત્ર જીવવિજ્ઞાની અને સંરક્ષણવાદી એ.જે.ટી. જોનસિંહનું નિધન | 65 |
| 116 | લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીની ભારતના 30માં આર્મી ચીફ તરીકે નિમણૂક કરવામાં આવી | 66 |
| 117 | SSCના અધ્યક્ષ તરીકે રાકેશ રંજનની નિમણૂક | 66 |
| 118 | ભારતીય શાસ્ત્રીય સંગીતકાર રાજીવ તારાનાથનું નિધન | 66 |
| | **એવોર્ડ અને પુરસ્કાર** | |
| 119 | મેજર રાધિકા સેનને યુએન મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ 2023 | 68 |
| 120 | WHO નેલ્સન મંડેલા એવોર્ડ ફોર હેલ્થ પ્રમોશન 2024 | 68 |
| 121 | સિદ્ધલિંગા પટ્ટનશેટ્ટીએ ગુડલેપ્પા હલ્લિકેરી એવોર્ડ 2024 જીત્યો | 69 |
| 122 | SEBI એશિયન બેન્કર દ્વારા 'બેસ્ટ કન્ડક્ટ ઓફ બિઝનેસ રેગ્યુલેટર' એવોર્ડથી સન્માનિત | 69 |
| 123 | કાવલી પુરસ્કાર (Kavli Prize) | 70 |
| 124 | સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર અને બાળ પુરસ્કાર 2024 | 70 |
| 125 | IPBES એ બ્લુ પ્લેનેટ પ્રાઈઝ જીત્યું | 71 |
| 126 | IIIT – દિલ્હીએ એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્ટ પ્રોજેક્ટ માટે પુરસ્કાર જીત્યો | 71 |
| | **મહત્વના દિવસો** | |
| 127 | 1 – જૂન : વિશ્વ દૂધ દિવસ (World Milk Day) | 74 |
| 128 | 3 – જૂન : વિશ્વ સાયકલ દિવસ (World Bicycle Day) | 74 |
| 129 | 5 – જૂન : વિશ્વ પર્યાવરણ દિવસ (World Environment Day) | 74 |
| 130 | 7 – જૂન : વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ (World Food Safety Day) | 75 |
| 131 | 8 – જૂન : વિશ્વ મહાસાગર દિવસ (World Ocean Day) | 75 |
| 132 | 12 – જૂન : વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ (World Day Against Child Labour) | 75 |
| 133 | 13 – જૂન : આંતરરાષ્ટ્રીય અલ્બિનિઝમ જાગૃતિ દિવસ (International Albinism Awareness Day) | 75 |
| 134 | 14 – જૂન : વિશ્વ રક્તદાતા દિવસ (World Blood Donor Day) | 76 |
| 135 | 15 – જૂન : વિશ્વ દુર્વ્યવહાર જાગરૂકતા દિવસ (World Elder Abuse Awareness Day) | 76 |
| 136 | 17 – જૂન : વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ (World Day to Combat Desertification and Drought) | 76 |

| | | |
|---|---|---|
| 137 | 19 – જૂન : વિશ્વ સિકલ સેલ દિવસ (World Sickle Cell Day) | 76 |
| 138 | 20 – જૂન : વિશ્વ શરણાર્થી દિવસ (World Refugee Day) | 77 |
| 139 | 21 – જૂન : આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (International Day of Yoga) | 77 |
| 140 | 23 – જૂન : વિશ્વ ઓલિમ્પિક દિવસ (World Olympic Day) | 78 |
| 141 | 26 – જૂન : નશીલા પદાર્થોના દૂરૂપયોગ અને ગેરકાયદેસર હેરફેર વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Drug Abuse and Illicit Trafficking) | 78 |
| 142 | 27 – જૂન : સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ દિવસ (Micro, Small and Medium Sized Enterprises (MSME) Day | 78 |
| 143 | 29 – જૂન : રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ (National Statics Day) | 79 |
| 144 | 30 – જૂન : આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ (International Day of Parliamenterism) | 79 |
| Facts.... Inshort | | 80 |


Banking Academy

# 1 મહત્વના મુખ્ય મુદ્દાઓ

## સ્પેશિયલ કેટેગરી સ્ટેટસ (SCS)




- લોકસભા ચૂંટણીમાં વિભાજીત ચુકાદાએ કેન્દ્ર સરકારની રચનામાં તેલુગુ દેશમ પાર્ટી (TDP) ના નેતા ચંદ્રાબાબુ નાયડુ અને જનતા દળ (યુનાઈટેડ) ના નીતિશ કુમારની નિર્ણાયક ભૂમિકાઓને પ્રકાશિત કરી છે.
- પરિણામે આ નેતાઓ આંધ્રપ્રદેશ અને બિહારને વિશેષ દરજ્જો આપવા માટેની તેમની અગાઉની માંગણીઓનું નવીનીકરણ કરે તેવી અપેક્ષા છે.

### ❖ સ્પેશિયલ કેટેગરી સ્ટેટસ (SCS) શું છે?

- ઐતિહાસિક આર્થિક અથવા ભૌગોલિક ગેરફાયદાનો સામનો કરી રહેલા રાજ્યોને મદદ કરવા માટે સ્પેશિયલ કેટેગરી સ્ટેટસની રચના કરવામાં આવી હતી.

#### ❍ માપદંડો (ગાડગીલ ફોર્મ્યુલા પર આધારિત)

- રાજય પાસે ડુંગરાળ અને મુશ્કેલ ભૂપ્રદેશ હોવો જરૂરી છે.
- તેમની પાસે વસ્તીની ગીચતા ઓછી અને / અથવા આદિવાસી વસ્તીનો મોટો હિસ્સો હોવો જરૂરી છે.
- રાજયની પાડોશી દેશો સાથેની સરહદો સાથે વ્યૂહાત્મક સ્થાને હોવા જોઈએ.
- રાજય આર્થિક અને માળખાકીય રીતે પછાત હોવા જોઈએ.
- રાજયની નાણાકીય બાબતોની બિન –સધ્ધર પ્રકૃતિ હોવી જોઈએ .

#### ❍ SCS ની શરૂઆત

- તે 1969 માં કેટલાક પછાત રાજયોને લાભ આપવા માટે 5 માં નાણા પંચ (મહાવીર ત્યાગીની અધ્યક્ષતામાં) ની ભલામણો પર રજૂ કરવામાં આવ્યું હતું.
- તે સમયે આસામ, જમ્મુ અને કાશ્મીર અને નાગાલેન્ડને આપવામાં આવ્યું હતું.
- SCS ના વિચારને સૌપ્રથમ એપ્રિલ 1969 માં ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું હતું જયારે નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલ (NDC) દ્વારા ફંડ ફાળવણીની ગાડગીલ ફોર્મ્યુલાને મંજૂરી આપવામાં આવી હતી.
- આ ફોર્મ્યુલાને આધારે, વધુ રાજયોને જયારે રાજયનો દરજ્જો મળ્યો ત્યારે તેમને SCS આપવામાં આવ્યા હતા.
- તેમાં 1970 – 71 માં હિમાચલ પ્રદેશ, 1971-72 માં મણિપુર, મેઘાલય અને ત્રિપુરાનો સમાવેશ થાય છે. 1975-76 માં સિક્કિમ, 1986-87 માં અરૂણાચલ પ્રદેશ અને મિઝોરમ તથા 2001-02 માં ઉત્તરાખંડનો સમાવેશ થાય છે.

#### ❍ વર્તમાન સ્થિતિ

- હાલમાં, આસામ, નાગાલેન્ડ, હિમાચલ પ્રદેશ, મણિપુર, મેઘાલય, સિક્કિમ, ત્રિપુરા, અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ, ઉત્તરાખંડ અને તેલંગાણા સહિત દેશમાં 11 રાજયોમાં SCS છે.
- તેલંગાણા આંધ્રપ્રદેશથી અલગ થવાના કારણે તેમાંથી એક છે, કારણ કે વિભાજનના કારણે તેની નાણાકીય સ્થિરતાને પ્રતિકૂળ અસર કરી છે.
- ઓડિશા ઘણા વર્ષોથી વિશેષ શ્રેણીના દરજ્જાની માંગ કરી રહ્યું છે, સાથે બિહાર અને આંધ્રપ્રદેશ પણ SCS ની માંગ કરી રહ્યા છે.

#### ❍ SCS ધરાવતા રાજયોને કયા લાભો મળે છે?

- આ રાજયોને મળતા લાભોમાં કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓ માટે અનુદાનના રૂપમાં 90% જેટલી કેન્દ્રીય સહાય અને 10% લોનનો સમાવેશ થાય છે.
- જે નોન – SCS રાજયો માટે, સામાન્ય કેન્દ્રીય સહાયની ગણતરી 30% અનુદાન અને 70% લોન તરીકે કરવામાં આવી હતી.
- SCS ને રાજ્ય માટે વિશેષ મહત્વના પ્રોજેક્ટ્સ માટે વિશેષ યોજના સહાય પણ પૂરી પાડવામાં આવી હતી.
- SCS રાજયોને ફાળવવામાં આવેલ ફંડ નાણાકીય વર્ષના અંતે સમાપ્ત થતું નથી, જેનાથી વણવપરાયેલ ભંડોળને વહન કરવામાં આવે છે.
- આ રાજયોને કર રાહતો પણ મળે છે, જો કે હવે GST હેઠળ ઘણા કર લાભો સામેલ કરવામાં આવ્યા છે.

Banking Academy

❖ **બિહાર દ્વારા SCS ની માંગ**

- વર્ષ 2000 માં ખનીજ સમૃદ્ધ પ્રદેશ, ઝારખંડ તેનાથી અલગ થયુ ત્યારથી બિહારે SCS ની માંગ કરી છે.
- બિહાર એ ભારતના સૌથી ગરીબ રાજ્યોમાંનું એક છે, જેની માથાદીઠ GDP આશરે રૂ.54,000 છે અને તે 94 લાખ ગરીબ પરિવારોનું ઘર છે.
- SCS અનુદાન એ પાંચ વર્ષમાં કલ્યાણના પગલાં માટે જરૂરી આશરે રૂ.2.5 લાખ કરોડને સુરક્ષિત કરવાના માર્ગ તરીકે જોવામાં આવે છે.
- કેન્દ્રના બહુપરીમાણીય ગરીબી સૂચકાંક (MPI) અનુસાર, બિહારની લગભગ 52% વસ્તીમાં આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણનો પૂરતો અભાવ છે.
- મોટાભાગના SCS માપદંડોને પૂર્ણ કરવા છતા બિહાર પર્વતીય પ્રદેશ અથવા ભૌગોલિક મુશ્કેલીઓ સંબંધિત માપદંડો હેઠળ લાયક નથી.

❖ **આંધ્રપ્રદેશ દ્વારા SCS ની માંગ**

- 2014 માં તેના વિભાજન પછી, કેન્દ્રની તત્કાલીન UPA સરકારે મહેસૂલ અને રાજયના આર્થિક હબ હૈદરાબાદના નુકશાનની ભરપાઈ કરવા માટે આંધ્રપ્રદેશને SCS આપવાનું વચન આપ્યું હતું.
- 2015-2020 માટે ડિવોલ્યુશન પછીની આવક ખાદ્ય રૂ. 22113 કરોડ હોવાનો અંદાજ હતો પરંતુ તે વધીને રૂ.66,362 કરોડ થયો હતો. વિભાજન સમયે દેવું રૂ.97,000 કરોડથી વધીને રૂ.3.5 લાખ કરોડથી વધુ થયું છે.
- આંધ્રપ્રદેશ મુખ્યત્વે કૃષિપ્રધાન રાજ્ય છે. 2015-16 માં માથાદીઠ આવક રૂ. 8397 નોંધાઈ હતી, જે તેલંગાણાના રૂ.14,411 કરતા નોંધપાત્ર રીતે ઓછી હતી.

❖ **શક્યતાઓ**

- 14 મા નાણાપંચ અનુસાર, SCS એ કેન્દ્રના સંસાધનો પર બોજ હતું અને તેનો ઉપયોગ કેન્દ્ર સરકાર દ્વારા SCS ને વધુ રાજયોમાં ન કરવા માટે સૂચન કર્યુ હતું.
- 14 મા નાણાપંચે ઉત્તર – પૂર્વીય બને ત્રણ પહાડી રાજયો સિવાયના રાજયો માટે 'વિશેષ કેટેગરીનો દરજ્જો' નાબૂદ કર્યો.
- તેના બદલે તે સૂચન કરે છે. કે દરેક રાજયના સંસાધન તફાવતને 'ટેક્સ ડિવોલ્યુશન' દ્વારા ભરવામાં આવે, યુનિયનને કરની આવકમાં રાજયોનો હિસ્સો 32% થી વધારીને 42% કરવા વિનંતી કરે છે જે 2015 થી લાગૂ કરવામાં આવી છે.
- 16 મા નાણાપંચે પહેલેથી જ 1 એપ્રિલ, 2026 થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળા માટે કેન્દ્ર અને રાજયો વચ્ચે ટેક્સ ડિવોલ્યુશનની ફોર્મ્યુલા પર કામ કરી રહી છે.

## BRICS નું વિસ્તરણ




- ભારતે 10 જૂનના રોજ ઈજિપ્ત, ઈરાન, UAE, સાઉદી અરેબિયા અને ઈથોપિયાને BRICS માં જોડાવાનુ આવકાર્યું કરાણ કે તેમના પ્રતિનિધિઓએ પ્રથમ વખત રશિયા દ્વારા આયોજિત જૂથની મુખ્ય બેઠકમાં હાજરી આપી હતી.
- ભારતના વરિષ્ઠ રાજદ્વારી દમ્મુ રવિએ પશ્ચિમ રશિયાના નિઝની નોવગોરોડમાં BRICS વિદેશમંત્રીઓની બેઠકમાં ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કર્યું.

❖ **BRICS નું મહત્વ**


- જૂથ (વિસ્તૃત) માં આશરે 3.5 અબજ લોકોનો સમાવેશ થાય છે જે વિશ્વની 45% વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે.
- સામૂહિક રીતે, તેના સભ્યોની અર્થવ્યવસ્થા USD 28.5 ટ્રિલિયનને વટાવી ગઈ છે, જે વૈશ્વિક અર્થતંત્રમાં લગભગ 28% હિસ્સો ધરાવે છે.
- ઈરાન, સાઉદી અરેબિયા અને UAE, જૂથના ભાગરૂપે વૈશ્વિક ક્રૂડ ઓઈલ ઉત્પાદનમાં સામૂહિક રીતે આશરે 44% ફાળો આપે છે.
- સાઉદી અરેબિયા અને ઈરાનનો સમાવેશ નોંધપાત્ર ઉર્જા ભંડારમાં BRICS ની પહોંચને વેગ આપે છે.
- ઈજિપ્ત અને ઈથોપિયાનો વ્યૂહાત્મક સમાવેશ, હોર્ન ઓફ આફ્રિકા અને લાલ સમુદ્રના પ્રદેશમાં નિર્ણાયક દરિયાઈ વેપાર માર્ગો પર વધુ પ્રભાવ અને એક્સેસ પ્રદાન કરીને બ્રિક્સના ભૌગોલિક રાજકીય મહત્વને વધારે છે.

### BRICS વિશે....

- BRICS એ વિશ્વની અગ્રણી ઉભરતી અર્થવ્યવસ્થાઓ એટલે કે, બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા જૂથનું ટૂંકુ નામ છે.
- ઈજિપ્ત, ઈરાન, UAE, સાઉદી અરેબિયા અને ઈથોપિયા 1 જાન્યુઆરી 2024થી બ્રિક્સમાં જોડાયા છે.
- 2006માં રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં G8 (હવે G7) આઉટરીચ સમિટની બાજુમાં બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન (BRIC) ના નેતાઓની બેઠક દરમિયાન પ્રથમ વખત અનૌપચારિક રીતે જૂથની રચના કરવામાં આવી હતી, જેને પછીથી 2006માં ન્યુયોર્કમાં 1લી BRIC વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું.
- 2009માં ઉદ્દઘાટન BRIC સમિટ રશિયાના ટોકાટેરિનબર્ગમાં થઈ હતી. તે પછીના વર્ષે (2010), દક્ષિણ આફ્રિકા BRICS તરીકે ઓળખાતા જૂથની રચનામાં જોડાયું.
- BRICS લીડર્સ સમિટ વાર્ષિક ધોરણે બોલાવવામાં આવે છે.
- 15મી BRICS સમિટનું આયોજન 2023 માં દક્ષિણ આફ્રિકા દ્વારા કરવામાં આવ્યું હતું અને રશિયા ઓક્ટોબર 2024માં 16મી BRICS સમિટનું આયોજન કરશે.

Banking Academy

## મિશન કર્મયોગી




➲ તાજેતરમાં મિશન કર્મયોગી સમાજ પર સર્જાયેલી વિવિધ સિદ્ધિઓ અને સકારાત્મક અસરોના સંદર્ભમાં સમાચારમાં હતું.

❖ **મિશન કર્મયોગી શું છે?**

- **વિશે :** તે નાગરીક સેવાઓ ક્ષમતા નિર્માણ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ છે.
- **ધ્યેય :** ભારતના 30 લાખ નાગરીક કર્મચારીઓને નાગરીક – કેન્દ્રિત, કાર્યક્ષમ, ભાવિ – તૈયાર 'કર્મયોગીઓ' માં રૂપાંતરીત કરવાનો છે.
- **અમલીકરણ :** કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય
- **પેરાડાઈમ શિફ્ટ :** નિયમમાંથી ભૂમિકા – આધારિત તાલીમ અને ક્ષમતા નિર્માણ તરફ શિફ્ટ, આનો અર્થ એ છે કે તાલીમ હવે સામાન્ય નથી પરંતુ વ્યક્તિગત અધિકારીઓની ચોક્કસ જરૂરિયાતો જવાબદારીઓ અને આકાંક્ષાઓને અનુરૂપ છે.
- **યોગ્યતા આધારિત માળખું :** રાષ્ટ્રીય તાલીમ નીતિ (2012) સાથે સંરેખણમાં, મિશન કર્મયોગી એક યોગ્યતા આધારિત અભિગમ અપનાવે છે જેમાં જાહેર અધિકારીઓને તેમની ફરજો અસરકારક રીતે નિભાવવા માટે જરૂરી વલણ, કૌશલ્યો અને જ્ઞાનનો સમાવેશ થાય છે.
- **આજીવન શિક્ષણ :** વિશ્વ વર્ગની ક્ષમતા નિર્માણ સંસાધનોની એક્સેસને લોકશાહી બનાવવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ મુખ્ય ભૂમિકા ભજવે છે, તે સુનિશ્ચિત કરે છે કે શિક્ષણ ચાલુ અને સમાવિષ્ટ છે.
- **સર્વગ્રાહી અને સંકલિત અભિગમ :** આ અભિગમ માત્ર સંકલન અને કાર્યક્ષમતામાં સુધારો કરતુ નથી પરંતુ 2047 સુધીમાં વિકસિત ભારતની વ્યાપક દ્રષ્ટિ સાથે સંરેખિત થઈને શાસન માટે સર્વગ્રાહી અને સંકલિત અભિગમને પણ પ્રોત્સાહન આપે છે.
- **કર્મયોગી પ્રારંભ મોડયુલ :** તે વિવિધ સરકારી વિભાગોમાં તમામ નવા નિયુક્તિઓ માટે એક ઓનલાઈન ઓરિએન્ટેશન કોર્સ છે જે સરકારી કર્મચારીઓ માટે આચારસંહિતા પ્રદાન કરશે, જેમાં કાર્યસ્થળની નૈતિકતા અને અખંડિતતા અંગેના નિર્દેશો પણ સામેલ છે.
- **70-20-10 આદેશ :** 70% શિક્ષણ નોકરી પરના અનુભવો અને પ્રતિબિંબોમાંથી આવે છે. 20% ક્રિયાપ્રતિક્રિયાઓ અને અન્ય લોકો સાથે કામ કરવાથી મેળવવામાં આવે છે. 10% ઔપચારિક તાલીમ કાર્યક્રમોમાંથી આવે છે.

❖ **આ મિશન દ્વારા કયા મોટા સકારાત્મક ફેરફારો જોવા મળ્યા છે?**

- **PM ગતિ – શક્તિ પ્લેટફોર્મ :** આ મિશન દ્વારા આપવામાં આવેલી તાલીમમાં તમામ કાયદાકીય અને ભૌગોલિક સ્તરો, જેમાં જંગલો, વન્યજીવ અભ્યારણ્ય, રસ્તાઓ અને રેલ્વે લાઈનનો સમાવેશ થાય છે. તેમજ મેગા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું આયોજન અને અમલીકરણ સામેલ છે.
- **નાગરિક કેન્દ્રિત અભિગમ :** કેન્દ્રશાસિત પ્રદેશોમાં 50,000 પોલીસ કર્મચારીઓને સેવા–લક્ષી અભિગમને પ્રોત્સાહન આપવા માટે તેણે ગૃહ મંત્રાલય સાથે ભાગીદારી કરી.
- **પ્રમોટેડ ટુરિઝમ :** ઉન્નત પોલીસ પ્રશિક્ષણે પર્યટનમાં વધારામાં ફાળો આપ્યો છે, 2023 માં લગભગ 21 મિલિયન પ્રવાસીઓ કાશ્મીરની મુલાકાતે આવ્યા છે, જે જાહેર સુરક્ષામાં સુધારો દર્શાવે છે.
- **iGOT કર્મયોગી ભારત :** કેપેસિટી બિલ્ડિંગ કમિશન (CBC) એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, બિગ ડેટા વિશ્લેષણ જેવી ઉભરતી ટેક્નોલોજીઓ પર એક ઓનલાઈન લર્નિંગ મોડયુલ તૈયાર કર્યું છે જે ઓનલાઈન લર્નિંગ પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યું હતું.
- **રેલ્વે સુધારા :** તાલીમ પછી સેવાની જોગવાઈ અને ઉકેલ પ્રતિસાદ પર નાગરિક સંતોષમાં 1.5 થી 1.9 ગણો વધારો થયો છે.
- **ગ્રામીણ ડાક સેવકો :** ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય હેઠળના 4 લાખથી વધુ ગ્રામીણ ડાક સેવકો અને લગભગ 1 લાખ ગ્રામીણ સ્તરના CSC ને ઉન્નત નાગરિક સેવા વિતરણમાં તાલીમ આપવામાં આવી હતી.
- **કર સુધારણા :** CBC એ કરદાતાઓની વારંવારની ફરિયાદોના પ્રણાલીગત ઉકેલો પર ઓનલાઈન મોડયુલ તૈયાર કરવા માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ સાથે ભાગીદારી કરી.
- **મ્યુનિસિપલ રિફોર્મ્સ :** સેવાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જાહેર ચીજવસ્તુઓ જેવી કે પીવાનું પાણી, સ્વચ્છતા અને મ્યુનિસિપલ સરકારો દ્વારા આપવામાં આવતા રસ્તાઓમાં તાલીમ અભ્યાસક્રમો પછી સકારાત્મક પરિવર્તન જોવા મળ્યું છે.
- **વહિવટી સુધારણા :** ભારતીય જાહેર વહીવટી સંસ્થાએ તેમના સુપરવાઈઝર પાસેથી તાજેતરમાં પ્રશિશિત સ્ટાફ પર ઈનપુટ મેળવીને અસરનું મૂલ્યાંકન કર્યું અને ડેટા એનાલિટિક્સ અને ઈ–ગવર્નન્સ ટૂલ્સમાં પ્રાવીણ્યમાં વધારો નોંધ્યો.
- **સ્થાનિક સરકારની ક્ષમતા નિર્માણ :** અમદાવાદ, નાગપુર અને મૈસુર જેવા શહેરોમાં પાયલોટ પ્રોજેક્ટ્સ મ્યુનિસિપલ સ્ટાફની કુશળતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

❖ **નિષ્કર્ષ**

✍ ભારતની મહત્વકાંક્ષાઓને હાંસલ કરવા માટે સુધારેલ શાસન અને સક્ષમ નાગરીક સેવાઓ જરૂરી છે.

Banking Academy

- વૈશ્વિક પુરવઠા શૃંખલામાં મેન્યુફેક્ચરિંગ હબ બનવાનું વિઝન 2047 નું સ્વપ્ન, મૂલ્યવર્ધિત સેવાઓના નિર્ણાયક નિકાસકાર અને વિકસિત વિશ્વમાં માનવ કૌશલ્યોના મોટા પાયે સપ્લાયર બનવા માટે મિશન કર્મયોગી એ મહત્વનું પગલું છે.
- 2047 સુધીમાં 30 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા હાંસલ કરવા માટે જે જરૂરી છે તે કરવા માટે મિશન કર્મયોગી આપણી નાગરિક સેવાઓને વધુ સક્ષમ બનાવી શકે છે.

## 50મી G7 સમિટનું આયોજન




- તાજેતરમાં ભારતના વડાપ્રધાને 13 થી 15 જૂન 2024 દરમિયાન ઈટાલીમાં આયોજિત વાર્ષિક G7 સમિટમાં હાજરી આપી હતી.
- આ શિખર સંમેલન G7 જૂથની 50 મી વર્ષગાંઠને ચિહ્નિત કરે છે.
- સતત ત્રીજી મુદત માટે સત્તા સંભાળ્યા બાદ નરેન્દ્ર મોદીનો આ પ્રથમ વિદેશ પ્રવાસ હતો.
- ભારતીય વડાપ્રધાને આઉટરીચ કેન્દ્રી તરીકે અપુલિયા પ્રદેશમાં સમિટના આઉટરીચ સત્રને પણ સંબોધિત કર્યું જ્યાં તેમણે ટેક્નોલોજીમાં એકાધિકારનો અંત લાવવા હાકલ કરી.

### ❖ 50 મી G7 સમિટની મુખ્ય વિશેષતાઓ

- આ સમિટમાં નેતાઓએ નક્કર G7 PGII (Partnership for Global Infrastructur and Investment) પહેલને પ્રોત્સાહન આપવાનું નક્કિ કર્યુ.
- આ હેઠળ, G7 વિકાસશીલ અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પંહોચાડવા માટે 2027 સુધીમાં USD 600 બિલિયન એકત્રિત કરશે.
- G7 દેશો ભારત – મધ્ય પૂર્વ – યુરોપ કોરિડોર (IMEC) ને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.
- G7 એ મધ્ય આફ્રિકામાં લોબિટો કોરિડોર અને લુઝોન કોરિડોર અને મિડલ કોરિડોર માટે પણ સમર્થન આપ્યું છે.
- G7 2024 ના અંત સુધીમાં યુક્રેનને વધારાના ભંડોળમાં આશરે USD 50 બિલિયનનું ધિરાણ પૂરું પાડવા માટે સંમત થયા.
- G7 નેતાઓ વધુ વિશ્વસનીયતા, પારદર્શિતા, અને જવાબદારીને પ્રોત્સાહિત કરવા માટે તેમના AI ગવર્નન્સ અભિગમો વચ્ચે આંતરકાર્યક્ષમતા વધારવાના પ્રયાસો વધારવા માટે પ્રતિબદ્ધ છે.

### G7 વિશે....

- G7 એ વિશ્વની સૌથી વિકસિત અને અદ્યતન અર્થવ્યવસ્થાઓનો સમૂહ છે. એટલે કે ફ્રાન્સ, જર્મની, ઈટાલી, યુનાઈટેડ કિંગ્ડમ, જાપાન, યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા.
- G7 ની ઉત્પતિ 1973 ની તેલ કટોકટી અને પરિણામે નાણાકીય કટોકટીથી થઈ હતી. જેણે 6 મોટા ઔદ્યોગિક રાષ્ટ્રોના નેતાઓને 1975 માં એક બેઠક બોલાવવાની ફરજ પાડી હતી.
- કેનેડા 1976 માં જોડાયું, જે G7 ની રચના તરફ દોરી ગયું.
- 1997 માં રશિયા જોડાયા પછી તે G8 તરીકે જાણીતું હતું, પરંતુ 2014 માં યુક્રેનના ક્રિમીઆ પ્રદેશના જોડાણ બાદ રશિયાને સભ્ય તરીકે હાંકી કાઢવામાં આવ્યા પછી તેનું નામ G7 રાખવામાં આવ્યું.
- G7 ની સમિટ વાર્ષિક ધોરણે યોજવામાં આવે છે અને જૂથના સભ્યો દ્વારા પરિભ્રમણના આધારે હોસ્ટ કરવામાં આવે છે.
- G7 દેશો વૈશ્વિક સંપતિના 60% પર નિયંત્રણ ધરાવે છે.
- G7 દેશો વૈશ્વિક GDP ના 46% વૃદ્ધિ દર્શાવે છે.
- G7 દેશો વિશ્વની 10% વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે.

#### ❍ આઉટરીચ સત્ર

- યજમાન દેશ ઈટાલીએ G7 ના આઉટરીચ સત્રમાં ભારત સહિત 11 દેશોને આમંત્રણ આપ્યું હતું.
- G7 સમિટનું આઉટરીચ સત્ર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને એનર્જી, આફ્રિકા અને ભૂમધ્ય પ્રદેશ પર કેન્દ્રિત હતું.
- PM એ AI for all પર ભાર મૂક્યો જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ સમગ્ર માનવજાતની પ્રગતિ અને સમૃદ્ધિ માટે થવો જોઈએ.

### ❖ G7 સમિટની બાજુમાં કયા દ્વિપક્ષીય સંવાદો થયા?

#### ❍ ભારત – ઈટાલી

- ભારતે દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીની પ્રગતિ વિશે ઈટાલી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી અને વૈશ્વિક મંચો અને બહુપક્ષીય પહેલોમાં સહકારને મજબૂત કરવા સંમત થયા.

#### ❍ ભારત – જાપાન

- ભારત અને જાપાને દ્વિપક્ષીય વાટાઘાટો યોજી હતી જેમાં ભારતે ઈન્ડો – પેસિફિક માટે ભારત – જાપાન સંબંધોના મહત્વ પર ભાર મૂક્યો હતો.
- બંને દેશો બિઝનેસ – ટુ – બિઝનેસ (B2B) અને પીપલ ટુ પીપલ (P2P) સહયોગને મજબૂત કરવા સંમત થયા હતા.

### ❖ ભારત – યુક્રેન

- ભારત યુક્રેન દ્વિપક્ષીય વાટાઘાટોમાં બંને પક્ષો દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા સમંત થયા હતા અને યુક્રેનમાં યુદ્ધની સ્થિતિ અને શાંતિ મંત્રણા યોજવાના પ્રયાસો અંગે ચર્ચા કરી હતી.

## નરેન્દ્રભાઈ મોદીએ ભારતના વડાપ્રધાન તરીકે સતત ત્રીજીવાર શપથ લીધા



- ભારતમાં તાજેતરમાં 18મી લોકસભા માટે યોજાયેલી ચૂંટણીમાં NDAને મળેલા પ્રચંડ વિજય બાદ 9 જૂન, 2024ના રોજ નરેન્દ્રભાઈ મોદીએ ભારતના વડાપ્રધાન તરીકે સતત ત્રીજીવાર શપથ લીધા છે.
- આ માટેનો શપથવિધિ કાર્યક્રમ નવી દિલ્હી ખાતે આવેલા રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં યોજાયો હતો.
- વર્ષ 2024ના આ શપથવિધિ સમારોહમાં ભારતના પાડોશી દેશો અને હિંદ મહાસાગર ક્ષેત્રના નેતાઓને વિશિષ્ટ અતિથિઓ તરીકે ઉષ્માભર્યું આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસિના, શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, માલદીવના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ મુઈઝ્ઝુ, સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ અહમદ આફીફ, મોરેશિયસના વડાપ્રધાન પ્રવિન્દ કુમાર જુગનાથ, નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' અને ભૂટાનના વડાપ્રધાન શેરિંગ તોબગે આ શપથવિધિ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત ત્રીજા કાર્યકાળ માટે શપથગ્રહણ સમારંભમાં ભાગ લેવા માટે નેતાઓની મુલાકાત ભારત દ્વારા તેની 'પાડોશી પ્રથમ'ની નીતિ અને 'સાગર' વિઝનને સર્વોચ્ચ પ્રાથમિકતાને અનુરૂપ છે.
- આ સમારોહમાં વંદે ભારતના 10 લોકો પાયલટ અને કિન્નર સમાજના પ્રતિનિધિઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- નોંધનીય છે કે અગાઉ વર્ષ 2014ના શપથવિધિ સમારોહમાં નરેન્દ્ર મોદીએ સાર્ક (South Asian Association for Regional Cooperation – SAARC) દેશોના વડાઓને આમંત્રણ આપ્યું હતું.
- જ્યારે વર્ષ 2019ના શપથવિધિ સમારોહમાં બિમસ્ટેકના વડાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

### ❖ શપથવિધિ

- 9 જૂન, 2024ના રોજ ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત 71 મંત્રીઓને હોદ્દો અને ગુપ્તતાના શપથ અપાવ્યા હતા.
- આ 71 મંત્રીઓમાં કેબિનેટ કક્ષાના 30, રાજ્યકક્ષાના સ્વતંત્ર હવાલો ધરાવતા 5 અને રાજ્યકક્ષાના 36 મંત્રીઓનો સમાવેશ થાય છે.
- આ મંત્રી પરિષદમાં સૌથી વધુ મંત્રીઓ ઉત્તરપ્રદેશ રાજ્યનાં સાંસદો બન્યા છે ત્યારબાદ બીજા નંબરે બિહાર રાજ્યમાંથી સૌથી વધુ મંત્રી બન્યા છે.
- તાજેતરમાં રચાયેલા નરેન્દ્ર મોદીના નવા મંત્રીપરિષદમાં કુલ 7 મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- જેમાંથી નિર્મલા સીતારામન અને અન્નપુર્ણા દેવીનો કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે સમાવેશ થયો છે. જ્યારે અનુપ્રિયા પટેલ, રક્ષા નિખિલ ખડસે, સાવિત્રી ઠાકુર, નિમુબેન બાંભણિયા અને શોભા કરંદલાજેનો સમાવેશ રાજ્ય કક્ષાના મંત્રી તરીકે થયો છે.
- 36 વર્ષીય રામ મોહન નાયડુ સૌથી નાની વયના મંત્રી બન્યા છે. જ્યારે 79 વર્ષીય જીતનરામ માંઝી સૌથી વધુ વયના મંત્રી બન્યા છે.

### ❖ નવુ મંત્રી પરિષદ

- નરેન્દ્ર મોદી : વડાપ્રધાન અને પ્રભારી પણ, કર્મચારી – જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય, અવકાશ વિભાગ, પરમાણુ ઊર્જા વિભાગ તથા તમામ નીતિ વિષયક મહત્વપૂર્ણ મુદ્દાઓ અને અન્ય મંત્રીઓને ન ફાળવાયેલા તમામ ખાતા

**કેબિનેટ મંત્રીઓ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | રાજનાથ સિંહ | સંરક્ષણ મંત્રાલય | 16 | કિંજુરાપુ રામમોહન નાયડુ | નાગરિક ઉડ્ડયન મંત્રી |
| 2 | અમિતભાઈ શાહ | ગૃહમંત્રી, સહકાર મંત્રી | 17 | પ્રહલાદ જોષી | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી અને નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી |
| 3 | નીતિન ગડકરી | માર્ગ પરિવહન અને રાજમાર્ગ (હાઈવે) મંત્રી | 18 | જુઆલ ઓરમ | આદિજાતિ બાબતોના મંત્રી |
| 4 | જગત પ્રકાશ (જે.પી.) નડ્ડા | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તથા રસાયણ અને ખાતર મંત્રી | 19 | ગિરિરાજ સિંહ | કાપડ મંત્રી |
| 5 | શિવરાજસિંહ ચૌહાણ | કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી અને ગ્રામીણ વિકાસ મંત્રી | 20 | અશ્વિની વૈષ્ણવ | રેલવે મંત્રી, માહિતી અને પ્રસારણ મંત્રી અને ઈલેક્ટ્રોનિકસ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી |
| 6 | નિર્મલા સીતારામન | નાણા મંત્રી અને કોર્પોરેટ બાબતોના મંત્રી | 21 | જ્યોતિરાદિત્ય એમ. સિંધિયા | સંચાર મંત્રી અને પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 7 | ડૉ. સુબ્રમણ્યમ જયશંકર | વિદેશ મંત્રાલય | 22 | ભૂપેન્દ્ર યાદવ | પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી |
| 8 | મનોહરલાલ ખટ્ટર | આવાસ અને શહેરી બાબતોના મંત્રી તથા ઊર્જા મંત્રી | 23 | ગજેન્દ્રસિંહ શેખાવત | સંસ્કૃતિ મંત્રી અને પ્રવાસન મંત્રી |
| 9 | એચ.ડી. કુમારસ્વામી | ભારે ઉદ્યોગ મંત્રી અને સ્ટીલ મંત્રી | 24 | અન્નપૂર્ણા દેવી | મહિલા અને બાળવિકાસ મંત્રી |
| 10 | પિયુષ ગોયલ | વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી | 25 | કિરેન રિજ્જુ | સંસદીય બાબતોના મંત્રી અને લઘુમતી બાબતોના મંત્રી |
| 11 | ધર્મેન્દ્ર પ્રધાન | શિક્ષણ મંત્રી | 26 | હરદીપસિંહ પુરી | પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી |
| 12 | જીતનરામ માંઝી | સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી | 27 | ડૉ. મનસુખ માંડવિયા | શ્રમ અને રોજગાર મંત્રી તથા યુવા બાબતો અને રમત–ગમત મંત્રી |
| 13 | રાજીવ રંજનસિંહ ઉર્ફે લલનસિંહ | પંચાયતી રાજ મંત્રી અને મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી | 28 | જી.કિશન રેડ્ડી | કોલસા મંત્રી અને ખાણ મંત્રી |
| 14 | સર્બાનંદ સોનોવાલ | બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી | 29 | ચિરાગ પાસવાન | ફૂડ પ્રોસેસિંગ મંત્રી |
| 15 | વિરેન્દ્ર કુમાર | સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી | 30 | સી.આર. પાટીલ | જળશકિત મંત્રી |

| રાજ્યકક્ષાના મંત્રીઓ (સ્વતંત્ર હવાલો) | | |
|---|---|---|
| 1 | રાવ ઈન્દ્રજીત સિંહ | સ્ટેટિકસ અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલયના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો), આયોજન મંત્રાલયના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને સંસ્કૃતિ મંત્રાલયમાં રાજ્યમંત્રી |
| 2 | જિતેન્દ્ર સિંહ | વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો), પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો), વડાપ્રધાન કાર્યાલયમાં રાજ્ય મંત્રી, કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયમાં રાજ્યમંત્રી, પરમાણુ ઊર્જા વિભાગમાં રાજ્યમંત્રી, અવકાશ વિભાગમાં રાજ્યમંત્રી |
| 3 | અર્જુન રામ મેઘવાલ | કાયદા અને ન્યાય મંત્રાલયના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) અને સંસદીય બાબતોના મંત્રાલયમાં રાજ્યમંત્રી |
| 4 | જાધવ પ્રતાપરાવ ગણપતરાવ | આયુષ મંત્રાલયના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયમાં રાજ્યમંત્રી |
| 5 | જયંત ચૌધરી | કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલયના રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો), શિક્ષણ મંત્રાલયમાં રાજ્યમંત્રી |

| કેન્દ્રીય મંત્રી મંડળમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ | | |
|---|---|---|
| 1 | અમિતભાઈ શાહ | ગૃહમંત્રી અને સહકાર મંત્રી (કેબિનેટ કક્ષાના) |
| 2 | જગત પ્રકાશ નડ્ડા (રાજ્યસભાના સંસદ છે) | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી અને ગ્રામીણ વિકાસ મંત્રી (કેબિનેટ કક્ષાના) |
| 3 | ડૉ. સુબ્રમણ્યમ જયશંકર (રાજ્યસભાના સંસદ છે) | વિદેશમંત્રી (કેબિનેટ કક્ષાના) |
| 4 | સી.આર. પાટીલ | જળશકિત મંત્રી (કેબિનેટ કક્ષાના) |
| 5 | ડૉ. મનસુખ માંડવિયા | શ્રમ અને રોજગાર મંત્રી તથા યુવા બાબતો અને રમત–ગમત મંત્રી (કેબિનેટ કક્ષાના) |
| 6 | નિમુબેન બાંભણિયા | ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયમાં રાજ્યમંત્રી (રાજ્યમંત્રી) |

### ❖ લોકસભા ચૂંટણી 2024

- ચૂંટણી પંચે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 18મી લોકસભા માટે સાત તબક્કામાં કુલ 543 બેઠકો માટે મતદાન થયું હતું.
- ચૂંટણી પંચના પ્રારંભિક અંદાજ અનુસાર ભારતમાં તાજેતરમાં યોજાયેલી વર્ષ 2024ની લોકસભા ચૂંટણીમાં સાતેય તબક્કાનું સરેરાશ મતદાન 65.79 ટકા હતું.
- જ્યારે આ અગાઉ વર્ષ 2019માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં સાતેય તબક્કાનું સરેરાશ મતદાન 67.11 ટકા હતું. જે ભારતમાં અત્યાર સુધી યોજાયેલી તમામ લોકસભા ચૂંટણીઓમાં સૌથી વધુ છે.
- ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળા ગઠબંધન NDAને 293 બેઠકો અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ગઠબંધન INDIA ને 234 બેઠકો પર વિજય થયો હતો તથા અન્યને 16 બેઠકો મળી હતી.
- વર્ષ 2024 લોકસભાની ચૂંટણીમાં 74 મહિલા સાંસદો વિજયી બન્યા છે.
- ઉત્તર પ્રદેશની કૌશામ્બી લોકસભા સીટ પરથી ચૂંટણી જીતનાર સમાજવાદી પાર્ટીના ઉમેદવાર પુષ્પેન્દ્ર સરોજ સૌથી યુવા ઉમેદવાર છે.
- ઈન્દોર બેઠકમાં ભાજપના ઉમેદવાર શંકર લાલવાણી સૌથી મોટી લીડથી જીત્યા છે, તેઓ ઈન્દોર બેઠક પરથી 11,75,092 મતોના વિશાળ માર્જિનથી વિજયી બન્યા છે. તેમને કુલ 12,26,751 મત મળ્યા હતા.

## પોસ્ટ ઓફિસ એક્ટ – 2023




- તાજેતરમાં 'ભારતીય પોસ્ટ ઓફિસ એક્ટ 1898'ને રદ કરતો 'પોસ્ટ ઓફિસ એક્ટ 2023'અમલમાં આવ્યો છે.
- આ કાયદો ઈન્ડિયા પોસ્ટનું નિયમન કરે છે, જે કેન્દ્ર સરકારનો એક વિભાગીય ઉપક્રમ છે.
- ટપાલ સેવાઓ બંધારણના યુનિયન લિસ્ટ હેઠળ આવે છે.
- આ બિલનો ઉદ્દેશ્ય ઈન્ડિયા પોસ્ટને સંચાલિત કરતા નિયમનકારી માળખાને આધુનિક બનાવવાનો છે.

### ❖ બિલની મુખ્ય વિશેષતાઓ

- ટપાલ સેવાના મહાનિર્દેશકને સેવાઓ માટેના ટેરિફ અને પોસ્ટેજ સ્ટેમ્પના પુરવઠા સહિત વિવિધ બાબતો પર નિયમનો બનાવવાની સત્તા સાથે ઈન્ડિયા પોસ્ટના વડા તરીકે નિયુક્ત કરવામાં આવશે.
- પોસ્ટ ઓફિસ પાસે પોસ્ટેજ સ્ટેમ્પ જારી કરવાનો વિશેષાધિકાર હશે.
- નવું પોસ્ટ ઓફિસ બિલ, કલમ 9 હેઠળ, ઈન્ટરસેપ્શન માટે લેખિત ઓર્ડરની જરૂરિયાતને દૂર કરે છે. કેન્દ્ર સરકાર હવે લેખિત આદેશ જારી કર્યા વિના કોઈ પણ વસ્તુને અટકાવવા, ખોલવા અથવા અટકાયતમાં લેવાની સત્તા ધરાવે છે.
- પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટ અધિકારીઓને પોસ્ટલ સેવા પ્રદાન કરતી વખતે નુકશાન, ખોટી ડિલિવરી, વિલંબ માટે જવાબદારીમાંથી મુક્તિ આપવામાં આવશે સિવાય કે સરકારી નિયમોમાં જવાબદારી નિર્ધારિત કરવામાં આવી હોય.
- આ બિલ પ્રથમ વખત ખાનગી કુરિયર સેવાઓને તેના દાયરામાં લાવીને તેનું નિયમન કરે છે.
- આ બિલે 1898 ના અધિનિયમની કલમ 4 દૂર કરી છે, જે કેન્દ્રને તમામ પત્રો એક જગ્યાએથી બીજી જગ્યાએ પોસ્ટ દ્વારા પંહોચાડવાનો વિશેષાધિકાર આપતો હતો.
- પોસ્ટ ઓફિસના અધિકારીને કોઈપણ સ્થાનિક આંતરરાષ્ટ્રીય સ્ત્રોતમાંથી પ્રાપ્ત ડયૂટી ચોરીથી શંકા હોય તો કસ્ટમ અથવા કોઈપણ સંબંધિત સત્તાધિકારીને કોઈ વસ્તુ પંહોચાડવાની સત્તા આપવામાં આવશે.
- પોસ્ટ ઓફિસ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાનો લાભ લેનાર દરેક વ્યકિત આવી સેવાના સંદર્ભમાં શુલ્ક ચૂકવવા માટે જવાબદાર રહેશે. જો કોઈ વ્યકિત ચાર્જ ચૂકવવાનો ઈન્કાર કરે અથવા અવગણના કરે તો આવી રકમ તેની પાસેથી જમીન મહેસૂલ તરીકે વસૂલવા પાત્ર રહેશે.

### ❖ બિલની ટીકાઓ

- મોકલનાર અને પ્રાપ્તકર્તાઓના ગોપનીયતાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે.
- આ બિલ 'ઈમરજન્સી' ના આધારે પોસ્ટલ લેખોને અટકાવવાની મંજૂરી આપે છે, પરંતુ તેનાથી વાણી અને અભિવ્યકિતની સ્વતંત્રતાનું ઉલ્લંઘન થઈ શકે છે.
- અધિકારીઓની પસંદગી, સત્તા અને કાર્ય પધ્ધતિ અંગે સ્પષ્ટતાનો અભાવ છે.
- પોસ્ટલ ઓફિસર દ્વારા પોસ્ટલ આર્ટિકલને અનધિકૃત રીતે ખોલવા માટેના કોઈ પણ ગુના અને દંડનો ઉલ્લેખ જોવા મળતો નથી.

Banking Academy

# 2 આંતરરાજ્ય (રાષ્ટ્રીય)

## કેરળના આર્થિક સંકટને પહોંચી વળવા કેન્દ્રએ રૂા. 21,253 કરોડ મંજૂર કર્યા

- ભારતની કેન્દ્ર સરકારે મે, 2024ના અંતમાં કેરળ રાજયને તેની આર્થિક સમસ્યાઓનો સામનો કરવા માટે ડિસેમ્બર, 2024 સુધી રૂા.21,253 કરોડ સુધીનું ઋણ લેવાની છૂટ આપી છે.




- કેરળ તેની અર્થવ્યવસ્થા સાથે ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે, જેમ કે તેના કામદારોને સમયસર ચૂકવણી ન કરવી અને રાજયના ઘણા પ્રોજેક્ટ પર પ્રગતિ અટકાવવી.
- મંજૂર કરાયેલ ઉધારનો હેતુ પગાર અને પેન્શન સમયસર ચૂકવવામાં આવે, કોસ્ટલ પ્રોટેક્શન અને મિની હાર્બર પ્રોજેક્ટ જેવા મહત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ પૂર્ણ થાય અને દરિયાઈ પ્રવૃતિઓને ટેકો મળે તેની ખાતરી કરીને કેરળના અર્થતંત્રને વેગ આપવાનો છે.
- ઉપરાંત, કોસ્ટલ પોલીસ ઓફિસર્સ (CPO) ની ભરતી કરવાની પ્રક્રિયા ઝડપી કરવામાં આવશે, જે દરિયાકાંઠાને વધુ સુરક્ષિત બનાવશે.

**❖ કેરળમાં આર્થિક કટોકટીના પરિબળો**

- અગાઉ કેરળના નાણામંત્રી કેએન બાલગોપાલે ચિંતા વ્યક્ત કરી હતી કે દક્ષિણના રાજયને કેન્દ્ર તરફથી મળતા ભંડોળની ટકાવારીમાં ઘટાડો થયો છે.
- ચોક્કસ સમયગાળા દરમિયાન કેન્દ્ર (સરકાર) દ્વારા એકત્ર કરાયેલ ભંડોળમાં 11 ગણો વધારો થયો છે, પરંતુ કેરળમાં કરમાં વધારો માત્ર 8.8 ગણો છે જેનો અર્થ એ છે કે તેમાં તીવ્ર ઘટાડો થયો છે.
- 2018 ના પૂરથી 4.4 બિલિયનથી વધુનું નુકશાન થયું હતું, જેણે મોટે ભાગે પાક અને પ્રવાસનને અસર કરી હતી.
- કેરળમાં ઘણા સારા સામાજિક પગલા હોવા છતાં, 2017-18 માં તેનો 9.4% નો બેરોજગારી દર રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણો વધારે હતો.

## સરકારે આર્મી ચીફ જનરલ મનોજ પાંડેના કાર્યકાળમાં વધારો કર્યો

- વડાપ્રધાનની આગેવાની હેઠળની કેબિનેટની નિમણૂક સમિતિએ વર્તમાન ચીફ ઓફ આર્મી સ્ટાફ, જનરલ મનોજ પાંડેની સેવામાં એક મહિનાનો વધારો કર્યો છે.



- જનરલ મનોજ પાંડે 31 મે, 2024 ના રોજ નિવૃત થવાના હતા અને તેમનો કાર્યકાળ 31 જૂન , 2024 સુધી લંબાવવામાં આવ્યો હતો.
- સરકારે આર્મી રૂલ્સ 1954 ના નિયમ 16A(4) હેઠળ જનરલ મનોજ પાંડેના કાર્યકાળને લંબાવવાનો નિર્ણય કર્યો, જે 'સેવાઓની આવશ્યકતાઓ' ના આધારે અધિકારીઓને જાળવી રાખવા સાથે વ્યવહાર કરે છે.
- પાંચ દાયકામાં આ પ્રકારનું બીજુ એક્સ્ટેંશન આપવામાં આવ્યું છે, જે પ્રથમ જનરલ જીજી બેવૂરને આપવામાં આવ્યું હતું, જે 1973 માં સેના પ્રમુખ તરીકે ફિલ્ડ માર્શલ માણેકશાના અનુગામી બન્યા હતા.

**કેબિનેટની નિમણૂક સમિતિ વિશે....**

- કેબિનેટની નિમણૂક સમિતિએ સર્વોચ્ચ સંસ્થા છે જે ભારત સરકારના ઉચ્ચ હોદ્દા માટે અને કેટલાક જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં વ્યકિતઓની નિમણૂકને મંજૂરી આપે છે.
- આ સમિતિમાં ભારતના વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહપ્રધાનનો સમાવેશ થાય છે. વડાપ્રધાન સમિતિના વડા છે.

## ગૃહ મંત્રાલયના સહયોગથી સંચાર સાથી પહેલની શરૂઆત

- છેતરપિંડીભર્યા SMS ના વધતા ખતરા સામે લડવા માટેના સંકલિત પ્રયાસરૂપે, ટેલિકોમ્યુનિકેશન વિભાગ એ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સહયોગથી સંચાર સાથી પહેલ શરૂ કરી છે.
- આ પહેલનો હેતુ અસંદિગ્ધ મોબાઈલ વપરાશકર્તાઓને લક્ષ્ય બનાવતા ભ્રામક સંદેશાઓના પ્રસારનો સામનો કરવાનો છે.
- નોંધનીય છે કે સરકારે સાયબર અપરાધીઓ દ્વારા વારંવાર શોષણ કરતા આઠ SMS હેડરોને ઓળખીને બ્લોક કર્યા છે.
- છેલ્લા ત્રણ મહિનામાં સરકારે આઠ અલગ – અલગ સંસ્થાઓમાંથી ઉદ્ભવતા 10,000 થી વધુ કટકપૂર્ણ સંદેશાઓને અટકાવ્યા છે.

Banking Academy

❖ **સંચાર સાથી પહેલ**

- મે 2023 માં કેન્દ્રીય સંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા શરૂ કરાયેલ, સંચાર સાથી પહેલ મોબાઈલ સબસ્ક્રાઈબર્સને સશક્ત કરવા, સરકારી પહેલો વિશે જાગૃતિ લાવવા અને સુરક્ષા પગલાને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી છે.
- તેમના નોંધપાત્ર મોડયુલોમાં નીચેનાનો સમાવેશ થાય છે.
  - **કટકપૂર્ણ સંદેશાવ્યવહારની જાણ કરવા માટે ચક્ષુ સુવિધા**
    - નાગરિકો શંકાસ્પદ કોલ્સ અથવા મેસેજીસ, સાયબર ક્રાઈમ, નાણાકીય છેતરપિંડી, બનાવટી લોટરી સ્કિમ અને છેતરપિંડીભરી નોકરીની ઓફરની જાણ કરવા માટે ચક્ષુ મોડયુલનો ઉપયોગ કરી શકે છે.
  - **સેન્ટ્રલાઈઝ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજિસ્ટર (CEIR)**
    - મોબાઈલ યુઝર્સ CEIR પર તેમના 15 અંકના IMEI નંબરની નોંધણી કરીને ખોવાયેલા અથવા ચોરાયેલા ઉપકરણોની જાણ કરી શકે છે. એક વાર ચકાસ્યા પછી, સિસ્ટમ આ ઉપકરણોને ભારતીય નેટવર્ક્સ એક્સેસ કરવાથી, અનિધકૃત ઉપયોગને ઘટાડવાથી અવરોધિત કરે છે.
  - **SIM સબસ્ક્રાઈબર વેરિફિકેશન માટે ASTR**
    - મોબાઈલ કનેકશન મેળવવા માટે બનાવટી દસ્તાવેજોના દુરઉપયોગને રોકવા માટે, ASTR, AT – આધારિત સોલ્યુશન તૈનાત કરવામાં આવ્યું છે. આ ટૂલ છેતરપિંડીથી મેળવેલા સિમને ઓળખે છે, વેરિફિકેશનની પ્રક્રિયાઓને વધારે છે અને મોબાઈલ કનેકશન્સ સાથે સંકળાયેલી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકે છે.

## હમ્પીનું વિરૂપાક્ષ મંદિર



- કર્ણાટકમાં વિરૂપાક્ષ મંદિરનો એક ભાગ તાજેતરમાં મુશળધાર વરસાદને કારણે ધરાશાયી થયો હતો.
- મંદિરના મંડપ અથવા સાલુ મંડપને નુકશાન થયું હતું કારણ કે તેને પકડી રાખેલા થાંભલાઓનો એક ભાગ તૂટી પડયો હતો.

❖ **વિરૂપાક્ષ મંદિર**

- વિરૂપાક્ષ મંદિર કર્ણાટકના હમ્પીમાં આવેલું 7 મી સદીનું શિવ મંદિર છે.
- ભગવાન વિરૂપાક્ષ, જેને પમ્પાપતિ તરીકે પણ ઓળખવામાં આવે છે તે વિરૂપાક્ષ મંદિરના મુખ્ય દેવતા છે.
- આ મંદિર સંકુલનું નિર્માણ વિજયનગર શાસન દરમિયાન શાસક પારુડ દેવ રાયા II ના નાયક (સરદાર) લક્કન દંડેશ દ્વારા કરવામાં આવ્યું હતું.
- તે હમ્પીના સ્મારક જૂથનો એક ભાગ છે જેને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.
- તુંગભદ્રા નદીના કિનારે આવેલું આ મંદિર ભારતના સૌથી જૂના મંદિરો પૈકિનું એક છે.
- આ મંદિર નવ – સ્તરીય પ્રવેશદ્વારા અને જટિલ ગાણિતિક પેટર્ન સાથે દ્રવિડિયન સ્થાપત્ય શૈલી ધરાવે છે.
- ડિસેમ્બર મહિનો ભગવાન વિરૂપાક્ષ અને દેવી પમ્પાના લગ્ન અને સમારોહનો સાક્ષી બને છે જેમાં વાર્ષિક રથ ઉત્સવ ઉજવાય છે.

## ભારતીય સેનાને પ્રથમ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ મળી



- તાજેતરમાં ભારતીય સેનાએ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ ટેક્નોલોજીના નિદર્શન ટ્રાયલ માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) સાથે સહયોગ કર્યો છે.
- આ સહયોગને આગળ વધારવા માટે સેના પ્રમુખ જનરલ મનોજ પાંડે અને IOCLના ચેરમેન શ્રીકાંત માધવ વૈદ્ય દ્વારા એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- આ કરારમાં નવીનતાને વેગ આપવા અને ભવિષ્યમાં પર્યાવરણને અનુકૂળ અને ટકાઉ પરિવહનનો ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો છે.
- હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ ભારતીય સેનાને 'ઓલિવ ગ્રીન – ગોઈંગ ગ્રીન' પહેલ અંતર્ગત પ્રાપ્ત થઈ છે.
- આ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ 37 મુસાફરોની પ્રભાવશાળી બેઠક ક્ષમતા ધરાવે છે અને હાઈડ્રોજન ઈંધણની સંપૂર્ણ 30 કિગ્રા ઓનબોર્ડ ટાંકી પર 250-300 કિમીની અસાધારણ માઈલેજનું વચન આપે છે.

**Indian Oil Corporation Limited (IOCL) વિશે....**

- સ્થાપના – 30 જૂન, 1959
- મુખ્યાલય – નવી દિલ્હી

- હાઈડ્રોજન ફ્યુઅલ સેલ એ એક અદ્યતન તકનીક છે જે વીજળી ઉત્પન્ન કરવા માટે હાઈડ્રોજનની રાસાયણિક ઉર્જાનો ઉપયોગ કરે છે.

Banking Academy

## ADB એ વિવિધ પ્રોજેક્ટ્સ માટે ભારતને $2.6 બિલિયનનું ધિરાણ મંજૂર કર્યું

- એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) એ 2023 માં ભારતને સાર્વભૌમ ધિરાણ (વિશ્વભરના દેશો માટે ધિરાણનો મહત્વપૂર્ણ સ્ત્રોત) માં USD 2.6 બિલિયનની નોંધપાત્ર પ્રતિબદ્ધતા આપી છે, જેમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ અને પહેલો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- 2023 માં ADB ના પોર્ટફોલિયોએ તેના પોર્ટફોલિયોને ભારતની પ્રાથમિકતાઓ સાથે સંરેખિત કર્યો, જેમાં પરિવર્તન, રોજગાર સર્જન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રીન ગ્રોથ (નવીનીકરણીય ઉર્જા), શહેરીકરણ, ઉદ્યોગ, શક્તિ અને આબોહવા સ્થિતિસ્થાપકતા અને સર્વસમાવેશકતા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.
- વિશાખાપટ્ટનમ – ચેન્નઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર માટે ચોક્કસ સમર્થન સાથે ભારતના રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર વિકાસ કાર્યક્રમને પ્રોત્સાહન આપવા માટે વધારાના ભંડોળને મંજૂરી આપવામાં આવી હતી.
- ટકાઉ વિકાસ પરના બેંકનો ભાર ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) હાંસલ કરવા અને ગરીબી નાબૂદ કરવાના વૈશ્વિક પ્રયાસો સાથે સંરેખિત છે.




### Asian Development Bank (ADB) વિશે....

- મુખ્યમથક – મનીલા, ફિલિપાઈન્સ
- ભારત સહિત 68 સભ્યો છે.
- ભારત ADB નો ચોથો સૌથી મોટો શેરધારક છે.
- ADB એ એશિયા – પેસિફિક ક્ષેત્રમાં આર્થિક વૃદ્ધિ અને સહકારને પ્રોત્સાહન આપવાના મિશન સાથે 1966 માં સ્થપાયેલી બહુપક્ષીય વિકાસ બેંક છે.

## સુપ્રીમ કોર્ટે લિંગ સંવેદના સમિતિનું પુનર્ગઠન કર્યું

- ભારતની સર્વોચ્ચ અદાલતે 2013ના લિંગ સંવેદના અને જાતીય સતામણી નિયમો અનુસાર તેની જાતિ સંવેદના અને આંતરિક ફરિયાદ સમિતિની પુનઃરચના કરી છે.
- જેમાં ન્યાયમૂર્તિ હિમા કોહલીને અધ્યક્ષ તરીકે અને ન્યાયમૂર્તિ બીવી નાગરથનાને સભ્ય તરીકે નિયુક્ત કર્યા છે.
- આ સમિતિમાં સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન, સુપ્રીમ કોર્ટ એડવોકેટ – ઓન – રેકોર્ડ એસોસિએશન અને સુપ્રીમ કોર્ટ બાર કલાર્ક એસોસિએશન જેવી વિવિધ કાનૂની સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.
- ન્યાયમૂર્તિ હિમા કોહલી, જેમણે અગાઉ સમિતિના વડા તરીકે સેવા આપી છે, તેઓ અધ્યક્ષ તરીકેની તેમની ભૂમિકા ચાલૂ રાખે છે.
- આ સમિતિ એ સુનિશ્ચિત કરે છે કે સમિતિ ભારતની સર્વોચ્ચ અદાલતોમાં લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવા માટે કાર્યરત એક મજબૂત જૂથ બની રહે.




## ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજી (iCET) પર યુ.એસ. – ભારત પહેલની બેઠકનું આયોજન

- 17 જૂન, 2024ના રોજ, નવી દિલ્હીમાં હેદરાબાદ હાઉસ ખાતે ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજી (iCET) પર ભારત – યુ.એસ. પહેલની સમીક્ષા બેઠક યોજાઈ હતી.
- આ બેઠકની અધ્યક્ષતા ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અને યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (APNSA) દ્વારા કરવામાં આવી હતી.
- બેઠકનું પ્રાથમિક ધ્યાન અનેક નિર્ણાયક અને ઉભરતા ટેક્નોલોજી ક્ષેત્રોમાં વ્યૂહાત્મક સહકારને વધુ ગાઢ બનાવવા અને વિસ્તરણ કરવામાં બંને રાષ્ટ્રો દ્વારા કરવામાં આવેલી પ્રગતિનું મૂલ્યાંકન કરવાનું હતું.



**❖ મુખ્ય હાઈલાઈટ્સ**

**❍ નવીનતા**

- સેમીકન્ડક્ટર ટેક્નોલોજી, ટકાઉ કૃષિ વગેરે ક્ષેત્રોમાં સંશોધન ભાગીદારીને પ્રોત્સાહન આપવા યુ.એસ– ઈન્ડિયા ગ્લોબલ ચેલેન્જિસ ઈન્સ્ટિટ્યૂટ માટે આગામી 5 વર્ષમાં સંયુક્ત $90 મિલિયનનું સરકારી ભંડોળ અનલોક કરવું.

### ❍ સ્પેસ – ટેક્નોલોજી સહયોગ

- NASA – ISRO સિન્થેટિક એપર્ચર રડાર લૉંચ કરવી, આબોહવા પરિવર્તનનો સામનો કરવાના પ્રયાસોના ભાગરૂપે પૃથ્વીની સપાટીને દર 12 દિવસમાં બે વાર મેપ કરવા માટે સંયુક્ત રીતે વિકસિત ઉપગ્રહ છે.
- લુનર ગેટવે પ્રોગ્રામ (LGP) માં ભાગ લેવાની તકોનું અન્વેષણ કરવું, જેનો હેતુ યુએસની આગેવાની હેઠળના સહયોગી આર્ટમિસ પ્રોગ્રામના ભાગરૂપે ચંદ્રની આસપાસ સ્પેસ સ્ટેશન બનાવવાનો છે.

### ❍ ટેલિકોમ્યુનિકેશન્સ

- ખર્ચ – અસરકારક ઓપન રેડિયો એક્સેસ નેટવર્ક ટેક્નોલોજીનો ઉપયોગ કરવા માટે ભાગીદારી કરવી, 6G ટેક્નોલોજી વગેરેમાં સહકારને મજબૂત બનાવવો.

### ❍ બાયોટેક્નોલોજી

- વૈશ્વિક બાયોફાર્માસ્યુટિકલ સપ્લાય ચેઈનને ઓપ્ટિમાઈઝ અને મજબૂત કરવા માટે સંયુક્ત વ્યૂહાત્મક ફ્રેમવર્ક વિકસાવવું.
- બાયોટેક્નોલોજીમાં સહકારને પ્રોત્સાહન આપવા અને બાયોટેક્નોલોજી ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા વધારવા માટે 'Bio - X' પહેલ શરૂ કરવી.

**Initiative on Critical and Emerging Technology (iCET) વિશે....**

- ભારતીય રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને યુએસ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની આગેવાની હેઠળ iCET 2023 માં શરૂ કરવામાં આવી હતી.
- તે અંતરિક્ષ, સેમિકન્ડક્ટર્સ, ટેલિકોમ્યુનિકેશન્સ, ક્લીન એનર્જી, બાયોટેક્નોલોજી વગેરે સહિતના ક્ષેત્રોમાં CET પર સહકાર માટેનું માળખું છે.

### ❍ ક્લીન એનર્જી

- દક્ષિણ અમેરિકામાં લિથિયમ રિસોર્સ પ્રોજેક્ટમાં સહ – રોકાણ અને આફ્રિકામાં રેર અર્થ ડિપોઝિટ દ્વારા ખનિજ સુરક્ષા ભાગીદારીને વધારવી.

## MoD એ SPARSH સેવા કેન્દ્રોના વિસ્તરણ માટે MoU પર હસ્તાક્ષર કર્યા

- સંરક્ષણ મંત્રાલયના ડિફેન્સ એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટ (DAD) એ તાજેતરમાં તેના SPARSH પ્રોગ્રામને સુધારવા માટે ચાર બેંકો સાથે જોડાણ કર્યું છે. જેમાં બેંક ઓફ ઈન્ડિયા, કેનેરા બેંક, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા અને ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંક સામેલ છે.
- આ સમજૂતી કરારનો હેતુ દેશભરમાં 1128 શાખાઓમાં પેન્શન એડમિનિસ્ટ્રેશન માટે સિસ્ટમનો લાભ લઈને SPARSH સેવા કેન્દ્રો સ્થાપિત કરવાનો છે.
- ખાસ કરીને દૂરના વિસ્તારોમાં ટેક્નિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ ધરાવતા લોકો માટે છેલ્લા – માઈલની કનેક્ટિવિટી વિસ્તારવા માટે એક વ્યૂહાત્મક પગલાને ચિહ્નિત કરે છે.
- આ SPARSH કેન્દ્રો પેન્શનરો માટે મુખ્ય બિંદુઓ તરીકે સેવા આપશે, પ્રોફાઈલ અપડેટ, ફરિયાદ નોંધણી, ડિજિટલ વાર્ષિક ઓળખ, ડેટા વેરિફિકેશન અને વિગતવાર પેન્શન માહિતિની એક્સેસમાં સહાયતા પ્રદાન કરશે.




**System for Pension Administration Raksha (SPARSH) વિશે....**

- તે પ્રતિબંધોના ઓટોમેશન અને સંરક્ષણ પેન્શનના વિતરણ માટે એક સંકલિત વેબ – આધારિત સિસ્ટમ છે.
- આ વેબ આધારિત સિસ્ટમ પેન્શનના દાવા પર પ્રક્રિયા કરે છે અને કોઈપણ બાહ્ય મધ્યસ્થી પર આધાર રાખ્યા વિના સીધા જ સંરક્ષણ પેન્શનરોના બેંક ખાતામાં પેન્શન જમા કરે છે.
- તે કાર્યક્ષમતા, પ્રતિભાવ અને પારદર્શિતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## બિહારના નાગી અને નક્તી પક્ષી અભયારણ્યોને રામસર સાઈટનો દરજ્જો મળ્યો

- તાજેતરમાં રામરસ સંમેલન અંતર્ગત બિહારની બે વેટલેન્ડને આંતરરાષ્ટ્રીય મહત્વની વેટલેન્ડની વૈશ્વિક યાદીમાં ઉમેરવામાં આવી છે.
- જેથી ભારતમાં આવા વેટલેન્ડની કુલ સંખ્યા 82 થઈ ગઈ છે.
- બિહારના જમુઈ જિલ્લામાં નાગી અને નક્તી પક્ષી અભયારણ્ય હવે રામસર સંમેલનનો ભાગ છે.
- બંને પક્ષી અભયારણ્યો માનવ નિર્મિત ભીની જમીનો પર બાંધવામાં આવ્યા છે જે મુખ્યત્વે નક્તી ડેમના નિર્માણ દ્વારા સિંચાઈ માટે વિકસાવવામાં આવ્યા છે.
- સ્થળાંતર કરતી પ્રજાતિઓ માટે શિયાળાના નિવાસસ્થાન તરીકે તેમના મહત્વને કારણે બંને અભયારણ્યોને 1984 માં પક્ષી અભયારણ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.




Banking Academy

- જેમાં ઈન્ડો– ગંગાના મેદાનમાં રેડ – ક્રેસ્ટેડ પોચાર્ડ (નેટ્ટા રૂફિના) અને બાર – હેડેડ ગીસ (આન્સર ઈન્ડિક્સ) ના સૌથી મોટા મંડળોમાંનો એક સમાવેશ થાય છે.
- તેના કેચમેન્ટ વિસ્તારમાં ટેકરીઓથી ઘેરાયેલા સૂકા પાનખર જંગલો છે.
- આ વેટલેન્ડ્સ પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ, માછલીઓ, જળચર છોડ, સરિસૃપ અને ઉભયજીવી પ્રાણીઓની 150 થી વધુ પ્રજાતિઓ માટે નિવાસસ્થાન પ્રદાન કરે છે.
- તે લુપ્તપ્રાય ભારતીય હાથી અને સંવેદનશીલ મૂળ કેટફિશ જેવી વૈશ્વિક સ્તરે જોખમમાં મુકાયેલી પ્રજાતિઓને સંરક્ષણ આપે છે.
- એશિયાટિક વોટરબર્ડ સેન્સસ 2023 મુજબ, નક્તી પક્ષી અભયારણ્યમાં 7844 પક્ષીઓની ગણતરી સાથે સૌથી વધુ પક્ષીઓની સંખ્યા સાથેની ભીની જમીન છે. ત્યારબાદ 6938 પક્ષીઓ સાથે નાગી પક્ષી અભયારણ્ય આવે છે.

### Ramsar Convention (રામસર સાઈટ્સ) વિશે....

- આદ્રભૂમિ પરનું રામસર સંમેલન એક આંતર સરકારી સંધિ છે, જે આદ્રભૂમિના સંસાધનોના સંવર્ધન અને સમાવેશી ઉપયોગ માટે રાષ્ટ્રીય પ્રતિક્રિયા અને આંતરરાષ્ટ્રીય સહકાર માટેનું માળખું/ફ્રેમવર્ક પૂરું પાડે છે.
- તે ઈરાની શહેર 'રામસર' ખાતે 2 ફેબ્રુઆરી, 1971 ના રોજ અપનાવવામાં આવ્યું હતું અને 23 ડિસેમ્બર, 1975માં અમલમાં આવ્યું હતું, અને તે એકમાત્ર વૈશ્વિક પર્યાવરણીય સંધિ છે જે કોઈ ચોક્કસ પરિસરતંત્ર સાથે સંબંધિત છે.
- ભારતે આ સંમેલનને 1 ફેબ્રુઆરી 1982 થી લાગુ કરેલ છે.

- 5 જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે આ સ્થળોને આંતરરાષ્ટ્રીય મહત્વના વેટલેન્ડ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

## યુનિવર્સિટીઓને વર્ષમાં બે વાર પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવશે : UGC




- ભારતીય યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ($HEI_S$) ને હવે વિદેશી યુનિવર્સિટીઓની જેમ વર્ષમાં બે વાર પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવશે.
- બે પ્રવેશ ચક્ર – વૈશ્વિક સ્તરે પણ અનુસરવામાં આવે છે. 2024-25 શૈક્ષણિક સત્રથી જુલાઈ – ઓગસ્ટ અને જાન્યુઆરી – ફેબ્રુઆરી હશે.
- યુનિવર્સિટીઓ માટે આ નવી સિસ્ટમ અપનાવવી ફરજિયાત નથી.
  - **લાભો**
    - આંતરરાષ્ટ્રીય સહયોગ અને વિદ્યાર્થી વિનિમયમાં વધારો થશે કારણ કે તે વૈશ્વિક શૈક્ષણિક ધોરણો સાથે સંરેખિત છે.
    - ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER) વધારવામાં મદદ મળશે.
    - સ્નાતકો માટે રોજગારીની તકોમાં સુધારો થશે કારણ કે ઉદ્યોગો પણ વર્ષમાં બે વાર તેમની કેમ્પસ ભરતી કરી શકે છે.
    - ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને તેમના સંસાધન વિતરણ, જેમ કે ફેકલ્ટી, લેબ્સ, વર્ગખંડો અને સહાયક સેવાઓ વધુ અસરકારક રીતે આયોજન કરવા સક્ષમ થશે.

### University Grant Commission (UGC) વિશે....

- UGC એ યુનિવર્સિટી ગ્રાન્ડ કમિશન એક્ટ – 1956 દ્વારા સ્થાપિત એ વૈધાનિક સંસ્થા છે.
- તે ઉચ્ચ શિક્ષણના ધોરણોનું સંકલન, નિર્ધારણ અને જાળવણી કરવા માટે શિક્ષણ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
- UGC દ્વારા ભારતમાં યુનિવર્સિટીઓને માન્યતા આપવામાં આવે છે અને માન્ય યુનિવર્સિટીઓ અને કોલેજોને ભંડોળ પૂરું પાડે છે.
- UGC નું મુખ્ય મથક નવી દિલ્હીમાં છે અને અન્ય 6 પ્રાદેશિક કેન્દ્રો ભોપાલ, પુણે, કોલકાતા, ગુવાહાટી, હૈદરાબાદ અને બેંગ્લોરમાં છે.


## ભારતીય સેનાએ ઈન્ટિગ્રેટેડ જનરેટર મોનિટરિંગ, કંટ્રોલ સિસ્ટમ 'વિદ્યુત રક્ષક' શરૂ કરી




- ભારતીય સેના દ્વારા વિકસિત ટેક્નોલોજી આધારિત નવીનતા, ઈન્ટિગ્રેટેડ જનરેટર મોનિટરિંગ, પ્રોટેક્શન એન્ડ કંટ્રોલ સિસ્ટમ 5 જૂનના રોજ લોન્ચ કરવામાં આવી હતી.
- આર્મી ડિઝાઈન બ્યુરો (ADB) દ્વારા વિકસિત 'વિદ્યુત રક્ષક' આર્મીના વાઈસ ચીફ લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી દ્વારા લોન્ચ કરવામાં આવી હતી.
- 'વિદ્યુત રક્ષક' ને મેજર રાજપ્રસાદ આર એસ દ્વારા વિકસાવવામાં આવ્યું છે અને તાજેતરમાં 'એક્સરસાઈઝ ભારત શક્તિ' ખાતે પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.
  - **Vidyut Rakshak વિશે**
    - વિદ્યુત રક્ષક એ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ – સક્ષમ ઈન્ટિગ્રેટેડ જનરેટર મોનિટરિંગ, પ્રોટેક્શન અને કંટ્રોલ સિસ્ટમ છે.

- ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) એ આંતરસંબંધિત ઉપકરણોનું નેટવર્ક છે જે અન્ય IoT ઉપકરણો અને ક્લાઉડ સાથે ડેટાને જોડે છે અને વિનિમય કરે છે.
- આ નવીનતા ભારતીય સેના પાસેના તમામ વર્તમાન જનરેટર પર લાગૂ થાય છે, તેમના પ્રકાર, મેક, રેટિંગ અને વિન્ટેજને ધ્યાનમાં લીધા વિના.
- જનરેટર ના પરિણામોનું નિરીક્ષણ કરવા ઉપરાંત, તે ફોલ્ટ અનુમાન અને નિવારણને સક્ષમ કરે છે અને યુઝર – ફ્રેન્ડલી ઈન્ટરફેસ દ્વારા મેન્યુઅલ ઓપરેશનને સ્વચાલિત કરે છે, માનવશક્તિની બચત કરે છે.

## ગાંધીસાગર વન્યજીવ અભયારણ્યમાં ચિત્તાનું નિવાસસ્થાન




- તાજેતરમાં મધ્યપ્રદેશ સરકારે માહિતી આપી છે કે તેણે ગાંધીસાગર વન્યજીવ અભયારણ્યમાં આફ્રિકાથી ચિત્તાઓને ફરીથી દાખલ કરવા માટેની તૈયારીઓ પૂર્ણ કરી છે.
- કુનો નેશનલ પાર્ક પછી ભારતમાં ચિત્તાઓ માટે તે બીજુ ઘર હશે.

**ગાંધીસાગર વન્યજીવ અભયારણ્ય વિશે**

**સ્થાન**

- 1974માં અધિસૂચિત, રાજસ્થાનની સરહદે આવેલા પશ્ચિમ મધ્યપ્રદેશમાં મંદસૌર અને નીમચ જિલ્લાઓને આવરી લે છે.
- ચંબલ નદી અભયારણ્યને બે લગભગ સમાન ભાગોમાં વિભાજિત કરે છે, જેમાં ગાંધીસાગર ડેમ અભયારણ્યની અંદર આવેલો છે.

**ઈકોસિસ્ટમ**

- તેની ઈકોસિસ્ટમ તેના ખડકાળ ભૂપ્રદેશ અને છીછરા ટોચની જમીન દ્વારા વર્ગીકૃત થયેલ છે, જે સવાના ઈકોસિસ્ટમને ટેકો આપે છે.
- આમા શુષ્ક પાનખર વૃક્ષો અને ઝાડીઓથી છવાયેલા ખુલ્લા ઘાસના મેદાનોનો સમાવેશ થાય છે. વધુમાં અભયારણ્યની અંદર આવેલી નદીની ખીણો સદાબહાર છે.

**ચિત્તાઓ માટે આદર્શ આવાસ**

- કેન્યામાં પ્રખ્યાત રાષ્ટ્રીય અનામત મસાઈ મારા સાથે અભયારણ્યની સામ્યતા તેના સવાના રણ અને વિપુલ પ્રમાણમાં વન્યજીવન માટે જાણીતી છે, તે ચિત્તાઓ માટે તેની યોગ્યતા દર્શાવે છે.

**પ્રોજેક્ટ ચિત્તા વિશે....**

- પ્રોજેક્ટનો તબક્કો – 1 વર્ષ 2022 માં ચિત્તાઓની વસ્તીને પુનઃસ્થાપિત કરવા શરૂ થયો.
- તેમાં દક્ષિણ આફ્રિકા અને નામિબિયાથી કુનો નેશનલ પાર્કમાં ચિત્તાનું સ્થાનાંતરણ સામેલ છે.
- આ પ્રોજેક્ટ NTCA (National Tiger Conservation Authority) દ્વારા મધ્યપ્રદેશ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ અને વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (WII) ના સહયોગથી અમલમાં મૂકવામાં આવ્યો છે.
- પ્રોજેક્ટના તબક્કા – 2 હેઠળ ભારત સમાન વસવાટને કારણે કેન્યામાંથી ચિત્તા મેળવવાનું વિચારી રહ્યું છે.

## ફિઝિકલ રિસર્ચ લેબોટરી (PRL) ના વૈજ્ઞાનિકો દ્વારા મંગળ પર ત્રણ ક્રેટર શોધવામાં આવ્યા

- અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL) ના સંશોધકોએ મંગળ પર ત્રણ નવા ક્રેટરની શોધ કરી છે.
- આ ક્રેટર થાર્સિસ જ્વાળામુખી પ્રદેશમાં સ્થિત છે જે આશરે 21.0°S અને 209°W ના સંકલન પર છે.
- ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન (IAV) વર્કિંગ ગ્રુપે પ્લેનેટરી સિસ્ટમ નામકરણ માટે PRL ની ભલામણના આધારે આ ક્રેટર્સના નામકરણની મંજૂરી આપી છે.



**ક્રેટર શું છે?**

- ક્રેટર એ લેન્ડફોર્મ છે જે ગ્રહોની સપાટી પર છિદ્ર અથવા ડિપ્રેશન દર્શાવે છે.
- સામાન્ય રીતે સપાટી પર અથડાતા પદાર્થ દ્વારા અથવા ઉલ્કાપિંડ, જ્વાળામુખીની પ્રવૃત્તિ અથવા વિસ્ફોટ જેવી ભૂસ્તરશાસ્ત્રીય પ્રવૃત્તિઓ દ્વારા રચાયેલ છે.
- ઈમ્પેક્ટ ક્રેટર, જ્વાળામુખી ક્રેટર, વિસ્ફોટ ક્રેટર, પિટ ક્રેટર, સબસિડન્સ ક્રેટર વગેરે ક્રેટર્સના પ્રકારો છે.

**મંગળ પર નવા શોધાયેલા ક્રેટર્સના નામ**

- **લાલ (Lal) ક્રેટર**
  - પ્રોફેસર દેવેન્દ્ર લાલ, એક પ્રતિષ્ઠિત ભારતીય ભૂ–ભૌતિકશાસ્ત્રી અને PRL (1972-1983) ના ભૂતપૂર્વ ડિરેક્ટરના નામ પરથી નામ આપવામાં આવ્યું છે.
  - સ્થાન અને કદ :– 20.98° અને 209.34° પર કેન્દ્રિત 65 કિમી પહોળો ક્રેટર છે.
  - વૈજ્ઞાનિક મહત્વ :– થારસીસ જ્વાળામુખી પ્રદેશમાં આવેલ લાલ ક્રેટરનો વિસ્તાર સંપૂર્ણપણે લાવાથી ઢંકાયેલો છે.
- **મુર્સન (Mursan) ક્રેટર**
  - ભારતના ઉત્તરપ્રદેશના એક શહેર મુર્સન પરથી તેનુ નામ આપવામાં આવ્યું છે.
  - તે લાલ ક્રેટરની પૂર્વ કિનારા પર સ્થિત ~10 કિમી પહોળો ક્રેટર છે.

- **હિલ્સા (Hilsa) ક્રેટર**
  - ભારતના બિહારના એક શહેર હિલ્સા પરથી તેનુ નામ આપવામાં આવ્યું છે.
  - તે લાલ ક્રેટરની પશ્ચિમ કિનારા પર ~10 કિમી પહોળો ક્રેટર છે.

## ચિનાબ બ્રિજ : ભારતીય રેલવેએ વિશ્વના સૌથી ઉંચા સ્ટીલ આર્ક રેલ બ્રિજ પર ટ્રાયલ રનનું આયોજન કર્યું

- ભારતીય રેલવેએ વિશ્વના સૌથી ઉંચા સ્ટીલ કમાનવાળા રેલ બ્રિજ, ચિનાબ બ્રિજને પાર કરીને સંગલદાનથી રિયાસી સુધીના ઈલેક્ટ્રિક એન્જિનનું સફળ ટ્રાયલ પૂર્ણ કર્યું.



- ચિનાબ બ્રિજ નદીની ઉચર 359 મીટર ઉંચાઈ અને 1315 મીટર લંબાઈ ધરાવે છે.
- તે મહત્વકાંક્ષી ઉધમપુર – શ્રીનગર – બારામુલ્લા રેલ લિંક (USBRL) પ્રોજેક્ટનો એક ભાગ છે, જેનો હેતુ કાશ્મીર ખીણને ભારતના રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે એકીકૃત કરવાનો છે.
- રિક્ટર સ્કેલ પર 8 ની તીવ્રતા સુધી પવન અને ભૂકંપની પ્રવૃત્તિનો સામનો કરવા માટે કોંક્રિટથી ભરેલા ટ્રસ સાથેનો સિંગલ – કમાન સ્ટિલનો પુલ છે.
- આ બ્રિજ બ્લાસ્ટ – પ્રૂફ બનાવવા માટે રચાયેલ છે, જે માળખાકીય અખંડિતતા અને સલામતીની ખાતરી કરે છે.
- આ પ્રોજેક્ટ કાશ્મીર ખીણને વ્યાપક ભારતીય રેલ નેટવર્ક સાથે એકીકૃત કરે છે, સામાજિક – આર્થિક વિકાસ અને પ્રવાસનને વધારે છે.

## ADB એ રોગચાળાની તૈયારી અને પ્રતિભાવને મજબૂત કરવા $ 170 મિલિયન ધિરાણ પર હસ્તાક્ષર કર્યા




- ભારત સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) એ ભારતની આરોગ્ય પ્રણાલીની સજ્જતા અને ભાવિ રોગચાળા સામે પ્રતિભાવ ક્ષમતાને મજબૂત કરવા માટે USD 170 મિલિયન નીતિ – આધારિત લોન પર હસ્તાક્ષર કર્યા.
- આ લોન દ્વારા ભારતની રોગચાળાની તૈયારી અને પ્રતિભાવ ક્ષમતાઓને મજબૂત કરવામાં મદદ મળશે.
- મજબૂત રોગ દેખરેખ અને મલ્ટિસેક્ટોરલ પ્રતિભાવ.
- આરોગ્ય માટે માનવ સંસાધનોને મજબુત બનાવવું.
- વિસ્તૃત આબોહવા – સ્થિતિસ્થાપક જાહેર આરોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવીન સેવા વિતરણ.
- ADB નો કાર્યક્રમ ભારતની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ 2017, પ્રધાનમંત્રી – આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન, નેશનલ વન હેલ્થ મિશન અને સ્વાસ્થ્ય સાથે માનવ સંસાધનોને મજબૂત કરવાના પ્રયાસો સાથે સંકલિત કરવામાં આવશે.
- તે રાજય, સંઘ અને મેટ્રોપોલિટન સ્તરે ચેપી રોગની દેખરેખ માટે લેબોરેટરી નેટવર્કની સ્થાપના કરશે.
- તે ગરીબો, મહિલાઓ અને અન્ય સંવેદનશીલ જૂથો માટે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય કાર્યક્રમો નિરીક્ષણ અને સંકલન કરવા મજબૂત ડેટા સિસ્ટમનું નિર્માણ કરશે.
- તે નર્સો, મિડવાઈવ્સ, સંલગ્ન કામદારો અને ડોક્ટરોના શિક્ષણ, સેવાઓ અને વ્યાવસાયિક આચરણના ધોરણોનું નિયમન અને જાળવણી કરશે.

## કેન્દ્રીય કેબિનેટે મહારાષ્ટ્રના વઢવાણ ખાતે ગ્રીનફિલ્ડ મેજર પોર્ટના વિકાસને મંજૂરી આપી

- પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કેબિનેટે મહારાષ્ટ્રમાં દહાણુ નજીક વઢવાણમાં એક મુખ્ય બંદરની સ્થાપનાને મંજૂરી આપી.
- આ પ્રોજેક્ટનું નિર્માણ જવાહરલાલ નહેરુ પોર્ટ ઓથોરિટી (JNPA) અને મહારાષ્ટ્ર મેરિટાઈમ બોર્ડ (MMB) દ્વારા રચવામાં આવેલી 'વઢવાણ પોર્ટ પ્રોજેક્ટ લિમિટેડ (VPPL)' દ્વારા કરવામાં આવશે. જેમાં તેનો હિસ્સો અનુક્રમે 74% અને 26% જેટલો હશે.



- વઢવાણ બંદરને મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના વઢવાણમાં ઓલ– વેધર ગ્રીનફિલ્ડ ડીપ ડ્રાફ્ટ મેજર પોર્ટ તરીકે વિકસાવવામાં આવશે.
- જમીન સંપાદન સહિત પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂા.76,220 કરોડ છે. તેમાં સરકારી – ખાનગી ભાગીદારી (PPP) મોડમાં કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટર્મિનલ્સ અને અન્ય વાણિજ્યિક માળખાગત સુવિધાઓના વિકાસનો સમાવેશ થશે.
- આ પોર્ટમાં 9 કન્ટેનર ટર્મિનલ હશે, જે પ્રત્યેક 1000 મીટર લાંબા હશે.
- આ પ્રોજેક્ટ દર વર્ષે 298 મિલિયન મેટ્રિક ટનની સંચિત ક્ષમતા ઉભી કરશે, જેમાં કન્ટેનર હેન્ડલિંગ ક્ષમતાના આશરે 23.2 મિલિયન TEVs (Twenty foot equivalents) સામેલ છે.

- આ પોર્ટ IMES (ઈન્ડિયા મિડલ ઈસ્ટ યુરોપ ઈકોનોમિક કોરિડોર) અને INSTC (ઈન્ટરનેશનલ નોર્થ સાઉથ ટ્રાન્સપોર્ટેશન કોરિડોર) દ્વારા એક્સપોર્ટ – ઈમ્પોર્ટ વેપાર પ્રવાહમાં મદદ કરશે.
- આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક ટેક્નોલોજી સાથે માલસામાનના ટર્નઅરાઉન્ડ ટાઈમને ઘટાડશે.
- પ્રધાનમંત્રીના ગતિ શક્તિ કાર્યક્રમના ઉદ્દેશ્યો સાથે સુસંગત આ પ્રોજેક્ટ વધુ આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો કરશે તથા રોજગારની તકોમાં પણ વધારો કરશે.

## UP ના મહારાજગંજમાં વિશ્વનું પ્રથમ એશિયન કિંગ ગીધ સંરક્ષણ અને સંવર્ધન કેન્દ્રની સ્થાપના




- તાજેતરમાં ઉત્તરપ્રદેશે મહારાજગંજ જિલ્લામાં એશિયન કિંગ ગીધ માટે વિશ્વનું પ્રથમ સંરક્ષણ અને સંવર્ધન કેન્દ્ર સ્થાપ્યું છે.
- આ સુવિધાનો ઉદ્દેશ્ય એશિયન કિંગ ગીધની વસ્તીમાં સુધારો કરવાનો છે, જે 2007 થી ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચરની રેડ લિસ્ટમાં ગંભીર રીતે જોખમમાં મુકાયેલાં છે.
- આ કેન્દ્રનું નામ જટાયુ સંરક્ષણ અને સંવર્ધન કેન્દ્ર છે, જયાં ગીધનું 24 × 7 મોનિટરિંગ કરવામાં આવે છે.
- એશિયન કિંગ ગીધ તેમના રહેઠાણોની ખોટ અને ઘરેલું પ્રાણીઓમાં બિન –સ્ટીરોઈડ બળતરા વિરોધી દવા, ડીક્લોફેનાકના વધુ પડતા ઉપયોગને કારણે ગંભીર રીતે જોખમમાં છે, જે ગીધ માટે ઝેરી બની જાય છે.
- હાલમાં કેન્દ્રમાં નર અને માદા ગીધની જોડી છે. વધુ ત્રણ માદાઓ જે પક્ષીસંગ્રહણમાં છે તેઓ ધીમે ધીમે તેમના પુરુષ સમકક્ષો મેળવશે.
- કેન્દ્રનો ઉદ્દેશ્ય નવા ગીધના સારા સ્વાસ્થ્યને સુનિશ્ચિત કરવાનો અને તેમને એક જોડી પ્રદાન કરવાનો છે. એકવાર માદા ઈંડા મૂકે છે પછી જોડીને તેમના કુદરતી વાતાવરણમાં મુક્ત રાખવામાં આવશે.

**એશિયન કિંગ ગીધ વિશે....**

- આ ગીધની 9 પ્રજાતિઓમાંથી એક છે જે ભારતમાં જોવા મળે છે.
- તેને એશિયન કિંગ ગીધ અથવા પોંડિચેરી ગીધ તરીકે પણ ઓળખવામાં આવે છે, પરંતુ ભારતમાં ડીક્લોફેનાક ઝેર પછી તેની સંખ્યામાં ભારે ઘટાડો થયો છે.
- IUCN રેડ લિસ્ટ – Critically Endangered
- વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, 1972 – શેડયૂલ 1

## વડાપ્રધાન દ્વારા વિવેકાનંદ રોક મેમોરિયલની મુલાકાત



- તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 48 કલાક ધ્યાન ધરવા અને 2024 ની લોકસભા ચૂંટણીની પરાકાષ્ઠા માટે કન્યા કુમારીમાં વિવેકાનંદ રોક મેમોરિયલની મુલાકાત લીધી હતી.
- વિવેકાનંદ રોક મેમોરિયલ કન્યાકુમારીની એક નાના ટાપુ પર સ્થિત છે.
- વાવાથુરાઈના મુખ્ય ભૂમિથી લગભગ 500 મીટર દૂર સ્થિત બે ખડકોમાંથી એક પર આ સ્માકર ઉભું છે.
- આ ખડક લક્કડાઈવ સમુદ્રથી ઘેરાયેલો છે, જયાં બંગાળની ખાડી, હિંદ મહાસાગર અને અરબી સમુદ્રથી ઘેરાયેલો છે.
- તે 1970 માં સ્વામી વિવેકાનંદના માનમાં બનાવવામાં આવ્યું હતુ, જેમણે ખડક પર જ્ઞાન પ્રાપ્ત કર્યુ હોવાનું કહેવાય છે.
- તેમાં 'શ્રીપદ મંડપમ' અને 'વિવેકાનંદ મંડપમ' નો સમાવેશ થાય છે.
- આ પરિસરમાં સ્વામી વિવેકાનંદની કાંસાની પ્રતિમા પણ છે.

## વડાપ્રધાને નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્દ્ઘાટન કર્યું




- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના નાલંદા જિલ્લાના રાજગીરમાં નવા નાલંદા યુનિવર્સિટી કેમ્પસનું ઉદ્દઘાટન કર્યુ હતું. જે ભારત અને પૂર્વ એશિયા સમિટ (EAS) રાષ્ટ્રો વચ્ચેની સંયુક્ત પહેલ છે.
- 455 એકરમાં બનાવેલી નાલંદા યુનિવર્સિટીમાં હાલમાં 17 દેશોના 400 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે.
- નવા કેમ્પસમાં સૌર ઉર્જા, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ, વોટર રિસાયકલિંગ અને વ્યાપક જળ સંસ્થાઓ સાથેનું 'નેટ ઝિરો' ગ્રીન કેમ્પસ છે.
- આ યુનિવર્સિટીમાં બે એકેડેમિક બ્લોક છે જેમાં 40 વર્ગખંડો છે, બે ઓડિટોરિયમ પણ છે તથા સૌથી મોટી લાઈબ્રેરી પણ બનાવવામાં આવી રહી છે.

- નાલંદાના પુનરુત્થાનનો વિચાર 2000 ના દાયકાની શરૂઆતમાં ઉભરી આવ્યો હતો. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ, સિંગાપોર સરકાર અને પૂર્વ એશિયન સમિટ દેશના નેતાઓએ તેની હિમાયત કરી હતી.
- ભારતીય સંસદે 2010 માં નાલંદા યુનિવર્સિટી એક્ટ પસાર કર્યો હતો, જે નવી સંસ્થા માટે કાનૂની માળખું પૂરું પાડે છે.

**પ્રાચીન નાલંદા વિદ્યાપીઠ વિશે....**

- નાલંદા વિદ્યાપીઠની સ્થાપના 5 મી સદીમાં ગુપ્તવંશના શાસક કુમારગુપ્ત પ્રથમે કરાવી હતી.
- નાલંદા એ પ્રાચીન અને મધ્યયુગીન મગધ, પૂર્વ ભારતમાં એક પ્રખ્યાત બૌદ્ધ અને હિન્દુ મહાવિહાર (મહાન મઠ) હતું.
- હ્યુ – એન – ત્સાંગ અને ઈત્સીંગ જેવા વિદેશી પ્રવાસીઓએ નાલંદા વીદ્યાપીઠની મુલાકાત લીધી હતી.
- નાલંદામાં પ્રસિદ્ધ પુસ્તકાલયોમાં રત્નસાગર, રત્નોદધિ અને રત્નરંજક હતા. આ તમામ પુસ્તકાલયો 'ધર્મગંજ' નામના સંકુલમાં આવેલી હતી.
- તુર્કીના શાસક કુતુબદ્દિન એબકના સેનાપતિ બખ્તિયાર ખિલજી દ્વારા 1193 માં યુનિવર્સિટીનો નાશ કરવામાં આવ્યો હતો.

## ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર




- તાજેતરમાં ભારતમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીની સાથે જ ભારતના ચાર રાજ્યો આંધ્રપ્રદેશ, ઓડિશા, અરૂણાચલપ્રદેશ અને સિક્કિમમાં વિધાનસભા ચૂંટણીનું પણ આયોજન થયું હતું.

❖ **આંધ્રપ્રદેશ**

- આંધ્રપ્રદેશ તેલુગુ દેશમ પાર્ટી (TDP), જનસેના પાર્ટી (JNP) અને ભારતીય જનતા પાર્ટી (BJP) ના ગઠબંધનવાળી NDA ની સરકાર બની છે.
- આંધ્રપ્રદેશ સત્તાધારી મુખ્યમંત્રી વાય. એસ. જગનમોહન રેડ્ડીની પાર્ટી યુવાજન શ્રમિક રાયતુ (YRS કોંગ્રેસ) નો પરાજય થયો હતો.
- આંધ્રપ્રદેશના નવા મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુ બન્યા છે જયારે નાયબ મુખ્યમંત્રી જનસેના પાર્ટીના નેતા પવન કલ્યાણ બન્યા છે.
- તેઓને આંધ્રપ્રદેશના રાજયપાલ સૈયદ અબ્દુલ નઝીરે શપથ લેવડાવ્યા હતા.

❖ **ઓડિશા**

- તાજેતરમાં ઓડિશાની 147 વિધાનસભાની બેઠકોની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતી મળી હતી.
- આથી ભારતીય જનતા પાર્ટીના નેતા મોહનચરણ માઝી ઓડિશાના નવા મુખ્યમંત્રી બન્યા છે.
- જયારે કનકવર્ધનસિંહ દેવ અને શ્રીમતી પ્રવતિ પરિદા નાયબ મુખ્યમંત્રી બન્યા છે.
- તેઓને ઓડિશાના રાજયપાલ રઘુબર દાસે શપથ લેવડાવ્યા હતા.
- નવીન પટનાયક ઓડિશાના પાંચ વખત મુખ્યમંત્રી રહી ચૂકયા છે. તેમણે 5 માર્ચ 2000 થી 12 જૂન 2024 સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.
- ભારતમાં સૌથી લાંબો સમય શાસન કરનાર મુખ્યમંત્રી તરીકેનો રેકોર્ડ સિક્કિમના પૂર્વ મુખ્યમંત્રી પવનકુમાર ચામલિંગના નામે છે તેમણે 24 વર્ષ, 165 દિવસ શાસન કર્યુ છે.
- ત્યારબાદ બીજા નંબરે ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયક આવે છે તેમણે 24 વર્ષ 98 દિવસ શાસન કર્યુ છે.

❖ **અરૂણાચલ પ્રદેશ**

- અરૂણાચલ પ્રદેશની 60 વિધાનસભાની બેઠકોની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો હતો.
- આથી ભારતીય જનતા પાર્ટીના નેતા પેમા ખાંડુ ફરીથી અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા.
- અરૂણાચલ પ્રદેશના રાજયપાલ કૈવલ્ય ત્રિવિક્રમ પારનાઈકએ તેમને શપથ લેવડાવ્યાં હતા.

❖ **સિક્કિમ**

- સિક્કિમ તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં સિક્કિમના સત્તાધારી પક્ષ 'સિક્કિમ ક્રાંતિકારી મોરચા' નો વિજય થયો છે.
- આથી SKM ના નેતા પ્રેમસિંહ તમાંગે સિક્કિમના મુખ્યમંત્રી તરીકે બીજી વાર કાર્યકાળ સંભાળ્યો.
- સિક્કિમ રાજયપાલ લક્ષ્મણ આચાર્યએ તેમને શપથ ગ્રહણ કરાવ્યાં હતા.

## વૈશ્વિક ડોમેસ્ટિક એરલાઈન માર્કેટમાં ભારત ત્રીજા ક્રમે




- ભારતીય ઉડ્ડયન બજાર એક દાયકા પહેલા પાંચમાં સ્થાનેથી આગળ વધીને વિશ્વમાં ત્રીજા ક્રમનું સૌથી મોટુ બજાર બની ગયું છે.
- આ સિદ્ધી વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ 6.9% ની એરલાઈન સીટ ક્ષમતામાં પ્રભાવશાળી સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર દર્શાવે છે જે વૈશ્વિક સ્તરે સૌથી વધુ છે.

- લો – કોસ્ટ કેરિયર્સ (LCC) આ વૃદ્ધિમાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે, જે હવે બજારનો 78.4% હિસ્સો ધરાવે છે. LCC ના પ્રસારથી ભારતીયો માટે હવાઈ મુસાફરી વધુ સુલભ બની છે, જે આર્થિક વિકાસમાં ફાળો આપે છે.
- ભારતના એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં બજારની સાથે સાથે નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. છેલ્લા 10 વર્ષમાં ઓપરેશનલ એરપોર્ટની સંખ્યા 74 થી વધીને 157 થઈ ગઈ છે.
- નવેમ્બર 2023 સુધીમાં, યુએસ આશરે 84 મિલિયન સીટો સાથે આગળ છે, ત્યારબાદ ચીન 65 મિલિયન સાથે બીજા ક્રમે છે ભારત લગભગ 15 મિલિયન બેઠકો સાથે ત્રીજા ક્રમે છે.
- આ આંકડાઓ આ બજારમાં સ્થાનિક ઉડ્ડયનના નોંધપાત્ર કદ અને તાકાતને પ્રકાશિત કરે છે અને વૈશ્વિક ઉડ્ડયન ઉદ્યોગમાં ભારતના વ્યૂહાત્મક મહત્વ અને પ્રભાવશાળી પ્રદર્શનને રેખાંકિત કરે છે.

## વિશ્વની પ્રથમ 100% બાયોડિગ્રેડેબલ પેન ભારતમાં લોન્ચ થઈ



- નવી દિલ્હીના સૌરભ એચ. મહેતાએ વિશ્વની પ્રથમ બાયોડિગ્રેડેબલ પેન લોન્ચ કરી છે. આ પેનનું નામ 'NOTE પેન' છે.
- આ પેનમાં રિસાયકલ કરેલ પેપર, બિન – ઝેરી શાહી અને મેટલ, કાગળ અને વાંસ એ બાહ્ય ભાગ માટેના વિકલ્પો છે, જેનો હેતુ પ્લાસ્ટિકનો કચરો ઘટાડવાનો છે.
- ટકાઉપણું અને નવીનતાની પૃષ્ઠભૂમિ સાથે સૌરભ એચ. મહેતાએ સાત વર્ષ પહેલા પ્લાસ્ટિક વિના પેન બનાવવાનું મિશન શરૂ કર્યું હતું.
- વાર્ષિક 50 બિલિયનથી વધુ બોલપોઈન્ટ પેન કાઢી નાખવામાં આવે છે, જેમાં 95% પ્લાસ્ટિકની બનેલી હોય છે.
- તેનો સામનો કરવા માટે સૌરભ એચ.મહેતાએ ટકાઉ વિકલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરવા અને પેનમાં પ્લાસ્ટિકનો કચરો ઘટાડવા માટે એક પર્યાવરણ – મૈત્રીપૂર્ણ સ્ટેશનરી કંપનીની સ્થાપના કરી.

## શ્રીનગરને 'વર્લ્ડ ક્રાફટ સિટી' તરીકે ઓળખવામાં આવ્યું

- વર્લ્ડ ક્રાફટ કાઉન્સિલ (WCC) દ્વારા 'વર્લ્ડ ક્રાફટ સિટી' તરીકે માન્યતા મેળવનાર શ્રીનગર ચોથું ભારતીય શહેર બન્યું છે.
- જયપુર, મલ્લપ્પુરમ અને મૈસુર અને અન્ય ત્રણ ભારતીય શહેરો છે જેને અગાઉ વર્લ્ડ ક્રાફટ સિટી તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.
- 2021 માં શ્રીનગર શહેરને હસ્તકલા અને લોકકલા માટે યુનેસ્કો ક્રિએટિવ સિટી નેટવર્ક (UCCN) ના ભાગરૂપે ક્રિએટીવ સિટી તરીકે નિયુક્ત કરવામાં આવ્યું હતું.
- પેપિયર – મેચ, અખરોટના લાકડાની કોતરણી, કાર્પેટ, સોઝની ભરતકામ અને પશ્મિના શાલ તથા કાની શાલ વગેરે શ્રીનગરની કેટલીક હસ્તકલા છે.




### ❖ મહત્વ

- **આંતરરાષ્ટ્રીય માન્યતા**
  - હસ્તકલા માલના વૈશ્વિક કેન્દ્ર તરીકે શ્રીનગરનો દરજ્જો ઉન્નત કરે છે.
- **આર્થિક લાભો**
  - સ્થાનિક અર્થતંત્રને વેગ આપતા, અધિકૃત હસ્તકલામાં રસ ધરાવતા પ્રવાસીઓ, રોકાણકારો, ખરીદદારોને સંભવિતપણે આકર્ષે છે.
- **સાંસ્કૃતિક સંરક્ષણ**
  - પરંપરાગત હસ્તકલાને સાચવવા અને ભાવિ પેઢીઓ માટે તેમનું અસ્તિત્વ સુનિશ્ચિત કરવા માટે શહેરના સમર્પણને હાઈલાઈટ કરે છે.

### ❖ WCC – વર્લ્ડ ક્રાફટ સિટી પ્રોગ્રામ

- તે 2014 માં વર્લ્ડ ક્રાફ્ટ્સ કાઉન્સિલ AISBL (WCC - ઈન્ટરનેશનલ) દ્વારા સમગ્ર વિશ્વમાં હસ્તકલા વિકાસમાં સ્થાનિક સત્તાવાળાઓ, કારીગરો અને સમુદાયોની ભૂમિકાને ઓળખવા માટે શરૂ કરવામાં આવી હતી.
- WCC - ઈન્ટરનેશનલની સ્થાપના 1964 માં કરવામાં આવી હતી અને શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાય, સ્થાપક સભ્યોમાંના એક હોવાથી, પ્રથમ WCC જનરલ એસેમ્બલીમાં હાજરી આપી હતી.
- શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાયે 1964 માં ભારતના હસ્તકલાના વારસાને બચાવવા અને તેને વધારવા માટે ક્રાફ્ટ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના કરી હતી.

## કેરળ વિધાનસભાએ રાજયનું નામ બદલીને 'કેરલમ' કરવાનો ઠરાવ પસાર કર્યો




- તાજેતરમાં કેરળ એસેમ્બલીએ સર્વસંમતિથી એક ઠરાવ પસાર કર્યો હતો જેમાં કેન્દ્રને બંધારણમાં રાજયનું નામ 'કેરલમ' રાખવાનું કહેવામાં આવ્યું.
- ભારતીય બંધારણની કલમ 3 કેન્દ્રને વર્તમાન રાજયોના નામ બદલવાની સત્તા આપે છે જેને બંધારણની કલમ 1 હેઠળ સૂચિબદ્ધ રાજયના નામમાં પણ સુધારાની જરૂર છે.
- કેરળ એ મલ્યાલી 'કેરલમ' માટેનો અંગ્રેજી શબ્દ છે અને આ શબ્દનો સૌથી પહેલો ઉલ્લેખ સમ્રાટ અશોકના 257 BCE ના રોક એડિક્ટ II માં જોવા મળે છે જેમાં 'કેરળપુત્ર' નો ઉલ્લેખ છે.
- સંસ્કૃતમાં કેરળપુત્રનો શાબ્દિક અર્થ થાય છે 'કેરળનો પુત્ર' જે દક્ષિણ ભારતના ત્રણ મુખ્ય સામ્રાજયોમાં એક ચેર વશનો સંદર્ભ આપે છે.
- સંયુક્ત મલયાલમ ભાષી રાજયની માંગ સૌપ્રથમ 1920 ના દાયકામાં ઉભી કરવામાં આવી હતી અને આઝાદી પછી 1949 માં ત્રાવણકોર અને કોચીનના બે મલયાલમ ભાષી રજવાડાઓને એકીકૃત કરીને ત્રાવણકોર – કોચીન રાજયની રચના આખરે ભાષાકીય આધાર પર કરવામાં આવી હતી.
- રાજય પુનર્ગઠન પંચની ભલામણના આધારે, કેરળ રાજયની રચના આખરે ભાષાકીય આધાર પર કરવામાં આવી હતી.

## કમ્પ્રેસ્ડ બાયોગેસ ઉત્પાદનમાં ઉત્તરપ્રદેશ ભારતમાં અગ્રેસર



- દિલ્હી સ્થિત થિંક ટેંક સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ (CSE) ના અહેવાલ મુજબ, ઉત્તરપ્રદેશ ભારતના રિન્યુએબલ એનર્જી લેન્ડસ્કેપમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે, જે દેશના 24% કમ્પ્રેસ્ડ બાયોગેસ (CBG) ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે.
- પશ્ચિમ ઉત્તરપ્રદેશ, મુઝફ્ફરનગર, મેરઠ અને સહરાનપુર જેવા શહેરો સહિત, CBG બનાવવા માટેનો મુખ્ય વિસ્તાર છે કારણ કે તેમાં ઘણો ફિડસ્ટોક છે. રાજયના મોટાભાગના વર્તમાન અને ભાવિ CBG બનાવવા માટેનો મુખ્ય વિસ્તાર છે કારણ કે તેમાં ઘણો ફિડસ્ટોક છે. રાજયના મોટાભાગના વર્તમાન અને ભાવિ CBG પ્લાન્ટ્સ આ વિસ્તારમાં છે.
- સસ્ટેનેબલ અલ્ટરનેટિવ ટુવર્ડ્સ અફોર્ડેબલ ટ્રાન્સપોર્ટેશન સ્કીમ હેઠળ સમગ્ર દેશમાં આયોજિત 5000 CBG પ્રોજેકટ્સમાંથી 1000 પુરા કરી શકે છે.
- રાજયની બાયોએનર્જી પોલિસીમાં 2022-27 થી CBG વિકાસ માટે 750 કરોડ રૂપિયાની નોંધપાત્ર ફાળવણીનો સમાવેશ થાય છે. જે રિન્યુએબલ એનર્જી માટે તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.
- ઉત્તરપ્રદેશ ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (UPNEDA) રાજયની બાયોએનર્જી પોલિસીના અમલીકરણમાં અને રિન્યુએબલ એનર્જી પ્રોડક્ટ્સને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ખાખીની ખુમારી... ખાખીની ખુમારી... ખાખીની ખુમારી...

# પોલીસ કોન્સ્ટેબલ PSI/ASI

ની તૈયારી કરો હવે આપના વિસ્તારમાં

# સુરત

તાજેતરમાં જાહેર થયેલ 12000 થી વધુ જગ્યાઓની ભરતી



Govt. Jobs

નવી પરીક્ષા પદ્ધતિ પ્રમાણે

- Maths
- Reasoning
- સામાન્ય જ્ઞાન
- ગુજરાતી
- English

જેવા વિષયોની સંપૂર્ણ મટીરિયલ્સ સાથે વિશેષ તૈયારી

- Weekly Tests
- Full Day Faculty
- Reading Facilities
- Online / Offline Test

Join New Class

ADMISSION OPEN

તૈયારી માટેના નવા વર્ગો

ટૂંક સમયમાં શરૂ

GPSC | Class-3 | જુ.ક્લાર્ક | સિ.ક્લાર્ક | TET/TAT

જેવી તમામ પરીક્ષાઓની તૈયારી આજે જ શરૂ કરો

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 3 ગુજરાત

## નમો વડ વન

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં 'નમો વડ વન' ની મુલાકાત લીધી હતી.
- તેમણે નમો વડ વનનું નિરીક્ષણ કર્યુ હતું અને વૃક્ષારોપણમાં પણ સામેલ થયા હતા.
- 21 માર્ચ, 2022 ના રોજ આંતરરાષ્ટ્રીય વન, 'આઝાદી કા અમૃત મહોત્સવ' દરમિયાન આઝાદીના 75 મા વર્ષની ઉજવણી કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 33 જિલ્લાઓમાં 75 સ્થળોએ 'નમો વડ વન' શરૂ કર્યું હતું.
- ગુજરાતમાં આ મુખ્ય પહેલનો ઉદ્દેશ્ય પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. તેમણે 21 માર્ચ, 2022 ના રોજ ગાંધીનગરમાં એક વડના છોડનું વાવેતર કરીને 'નમો વડ વન' નું ઉદ્ઘાટન કર્યું હતું.




## 44 રિચાર્જ બોરવેલનું ગાંધીનગરથી લોકાર્પણ

- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન – VYO દ્વારા રાજયમાં નિર્મિત 44 રિચાર્જ બોરવેલનું ગાંધીનગરથી લોકાર્પણ કર્યું હતું.
- VYO એ જળ સંરક્ષણ અભિયાન અંતર્ગત આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે રાજયના 75 ગામોમાં રિચાર્જ બોરવેલનું આયોજન કર્યું હતું.
- અગાઉ 31 રિચાર્જ બોરવેલ સફળતાપૂર્વક લોંચ કર્યા પછી, મુખ્યમંત્રીએ 18 જૂનના રોજ વધારાના 44 રિચાર્જ બોરવેલનું ઉદ્ઘાટન કર્યું હતું.
- મુખ્યમંત્રીએ જીવનની ગુણવત્તા સુધારવા અને જળ સંરક્ષણ જેવા નિર્ણાયક મુદ્દાઓને સંબોધિત કરવાના હેતુથી સામાજિક સેવાની પહેલને સમર્થન આપવા સરકારના સમર્પણની પુનઃપુષ્ટિ કરી.





## ગાંધીનગરમાં ફિડે વર્લ્ડ જૂનિયર ચેસ ચેમ્પિયનશિપ – 2024 નો સમાપન સમારોહ

- ગાંધીનગરમાં ગિફ્ટસિટી કલબમાં આયોજિત ફિડે વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશિપ – 2024 નું સમાપન ગુજરાતના મુખ્યમંત્રીએ કરાવ્યું હતું.
- તેમણે ચેસની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા 10 પુરુષ અને 10 સ્ત્રી ખેલાડીઓની શ્રેષ્ઠતાને બિરદાવવા પુરસ્કાર, ટ્રોફી અને મેડલ્સને એનાયત કર્યા હતા.
- 46 દેશોના બસોથી વધુ ખેલાડીઓ આ ચેમ્પિયનશિપમાં સહભાગી થયા હતા.
- ભારતની 5 દીકરીઓ સહિત છ ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં પદક, ઈનામ હાંસલ કર્યા હતા.
- ભારત ઉપરાંત આર્મેનિયાના – 3, રશિયાના – 3, અજરબૈજાનના – 2, કઝાકિસ્તાનના – 1, જર્મનીના – 1, કોલંબિયાના – 1 , ફિલિપાઈન્સના – 1 અને સ્વિત્ઝર્લેન્ડના – 1 એમ કુલ મળી અન્ય 14 દેશના ખેલાડીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.




Banking Academy

## ગુજરાતની પાંચ બેઠક પર વિધાનસભાની પેટા ચૂંટણી




- લોકસભાની ચૂંટણી સાથે ગુજરાત વિધાનસભાની 5 બેઠકો પર પેટા ચૂંટણીનું આયોજન થયું હતું.
- ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણી 2024 માં ચૂંટાયેલા પાંચ નવનિયુક્ત ધારાસભ્યશ્રીઓને વિધાન સભા અધ્યક્ષ શંકર ચૌધરીએ વિધાનસભા ખાતે ધારાસભ્ય પદ માટેના શપથ લેવડાવ્યા હતા.
- વિધાનસભા અધ્યક્ષના કાર્યાલયમાં યોજાયેલ શપથવિધિ સમારંભમાં વિજાપુર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ડો. સી.જે. ચાવડા, પોરબંદર વિધાનસભા બેઠકના અર્જુન મોઢવાડિયા, માણાવંદર વિધાનસભા બેઠકના ધારાસભ્ય અરવિંદ લાડાણી, ખંભાત વિધાનસભા બેઠકના ધારાસભ્ય ચિરાગ પટેલ અને વાઘોડિયા બેઠકના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ધારાસભ્દપદના શપથ ગ્રહણ કર્યા હતા.

## રાજયવ્યાપી પ્લસ પોલિયો અભિયાનનો મુખ્યમંત્રીએ ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો



- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'બાળ લકવા નાબૂદી અભિયાન 2024' અન્વયે નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે 23 જૂન, 2024 અંતર્ગત રાજયવ્યાપી પોલિયો વિરોધી રસીકરણનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો.
- રાજયના આરોગ્ય વિભાગ દ્વારા આ અભિયાન અંતર્ગત 0 થી 5 વર્ષની વય જૂથના 83 લાખ 72 હજારથી વધુ ભૂલકાઓને આવરી લેવાનું આયોજન હતું.
- આ હેતુસર 1 લાખ 33 હજાર 956 આરોગ્ય કર્મીઓ સેવારત રહીને રાજયના 33489 પોલિયો બુથ પરથી બાળકોને ટીપા પીવડાવવાની કામગીરીમાં જોડાયા હતા.
- સમગ્ર રાજયમાં 23 જૂન 2024 ના રવિવારને પોલિયો રવિવાર મનાવીને આ ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી.


## રાજકોટમાં ગેમઝોનમાં આગની દુર્ઘટના



- રાજકોટ શહેરના કાલાવાડ રોડ પર આવેલ TRP ગેમઝોનમાં આગ લાગવાથી 32 જેટલા લોકોના નિધન થયા.
- રાજકોટ ગેમ સેન્ટરમાં તાજેતરની આગ દુર્ઘટનાએ અગ્નિ સલામતીના નિયમો અને તેના અમલીકરણ અંગેની ચિંતાઓને પ્રકાશિત કરી છે.
- નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) ના એક્સિડેન્ટલ ડેથ્સ એન્ડ સ્યુસાઈડ ઈન ઈન્ડિયા (ADSI) રિપોર્ટ અનુસાર વર્ષ 2022 માં 7500 થી વધુ આગ અકસ્માતોમાં 7435 લોકોના મૃત્યુ થયા છે. આગની દુર્ઘટનાઓ મોટી સંખ્યામાં જાનહાનિનું કારણ બને છે.
- ભારતમાં નેશનલ બિલ્ડિંગ કોડ (NBC) આગ સલામતી માટે કેન્દ્રીત ધોરણ તરીકે કાર્ય કરે છે.
- તે વર્ષ 1970 માં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું અને છેલ્લે વર્ષ 2016 માં અપડેટ કરવામાં આવ્યું હતું.
- તે સામાન્ય બાંધકામની જરૂરિયાતો, ઈમારતોની જાળવણી અને અગ્નિ સલામતી વિશે વિગતવાર માર્ગદર્શિકા પ્રદાન કરે છે.
- NBC ના ભાગ – 4 માં આગ સલામતી સૂચનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાજય સરકારો માટે તેમના સ્થાનિક બિલ્ડિંગ પેટા નિયમોમાં NBC નો સમાવેશ કરવો ફરજિયાત જરૂરિયાત છે.
- કારણકે અગ્નિશમન સેવાઓ એ રાજયનો વિષય છે, જેનો બંધારણની 12 મી અનુસૂચિમાં મ્યુનિસિપલ કાર્યો તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

# 4 આંતરરાષ્ટ્રીય

## ડીપ સી માઈનિંગ સામે ક્લાઈમેટ લિટીગેશન




- તાજેતરમાં પર્યાવરણીય કાર્યકર્તાઓએ ઓસ્લો કોર્ટમાં નોર્વે દ્વારા દરિયાઈ તળિયે ખનિજ સંશોધન હાથ ધરવાની દરખાસ્તને પડકારવામાં આવી છે, કારણ કે સત્તાવાળાઓએ ડીપ સી માઈનિંગની અસરોનું પૂરતું મૂલ્યાંકન કર્યુ નથી.

**❖ ડીપ – સી માઈનિંગ શું છે?**

- ડીપ – સી માઈનિંગ એ સમુદ્રના તળિયેથી ખનિજો મેળવવાની પ્રક્રિયા છે.
- માઈનિંગના મુખ્ય ત્રણ ઉદ્દેશ્યો છે. જમીનમાંથી પોલિમેટાલિક નોડયુલ્સ મેળવવા, દરિયાના તળ પર વિશાળ સલ્ફાઈડ ભંડારનું ખાણકામ અને ભુગર્ભ ઉંડા ખડકોમાંથી કોબાલ્ટ પોપડાને દૂર કરવા.
- ગ્રીન એનર્જી સ્ત્રોતો માટે અને સેલફોન તથા બેટરી જેવી રોજિંદા વસ્તુઓમાં ઉપયોગમાં લેવાતા ઘણા ટેક ભાગો બનાવવા માટે આ ખનિજો ખૂબ જ મહત્વપૂર્ણ છે.
- ડીપ– સી માઈનિંગ અર્થતંત્ર માટે સારું છે, પરંતુ તે પર્યાવરણ માટે મોટી સમસ્યાનું કારણ બને છે.
- તેમાંથી આવતા ઘોંઘાટ, સ્પંદનો, પ્રકાશ પ્રદુષણ અને કાંપના પ્લુમ્સ દરિયાઈ જીવન અને કોરલને નુકશાન પંહોચાડે છે.

**❖ ક્લાઈમેટ લિટીગેશન**

- ક્લાઈમેટ લિટીગેશન એ કાનૂની કાર્યવાહીનું એક સ્વરૂપ છે જેનો ઉપયોગ દેશો અને કંપનીઓને તેમના આબોહવા ઘટાડવાના પ્રયત્નો અને આબોહવા પરિવર્તનમાં ઐતિહાસિક યોગદાન માટે જવાબદાર રાખવા માટે કરવામાં આવે છે.
- પેરિસ કરાર અને અન્ય આંતરરાષ્ટ્રીય કરારો અને કાયદાઓનો ઉપયોગ કરીને લોકોને પર્યાવરણીય નિયમો અને વચનોનું પાલન કરાવવાનો સમાવેશ થાય છે.
- વર્ષ 2017 માં 884 કેસ હતા જે વર્ષ 2022 ના અંત સુધીમાં 2180 થી વધુ થઈ ગયા છે.
- સમગ્ર વિશ્વમાં આબોહવા સંબંધિત કેસોની સંખ્યામાં વધારો થયો છે જેમાં બાળકો, મહિલાઓ, સ્થાનિક સમુદાયોનો ફાળો મહત્વનો છે.

## KAZA સમિટ 2024નું આયોજન




- તાજેતરમાં કાવાંગો – ઝામ્બેઝી ટ્રાન્સ ફ્રન્ટીયર કન્ઝર્વેશન એરિયા (KAZA – TFCA) માટે 2024 ના વડાઓની સમિટ લિવિંગસ્ટોન, ઝામ્બિયામાં યોજાઈ હતી.
- સમિટ દરમિયાન પ્રતિનિધિઓએ સભ્ય દેશોને Convention on International Trade in Endangered Species of Wild Fauna and Flora (CITES) માંથી ખસી જવા માટે પુનરોચ્ચાર કર્યો છે.
- આ માંગ CITES દ્વારા આ દેશોને તેમના નોંધપાત્ર હાથીદાંતના જથ્થાને વેચવાની મંજૂરી આપવાના વારંવારના ઈનકારને કારણે ઉભી થાય છે, જે તેઓ દલીલ કરે છે કે સંરક્ષણ અને આર્થિક લાભો માટે તેમના હાથી સંસાધનોનું મુદ્રીકરણ કરવાની તેમની ક્ષમતાને અવરોધે છે.
- વર્ષ 2022 માં પનામામાં CITES ના પક્ષોની પરિષદની 19 મી બેઠકમાં, KAZA દેશોએ, અન્ય પાંચ આફ્રિકન દેશો સાથે, હાથીદાંત અને અન્ય હાથી ઉત્પાદનોમાં વેપાર ખોલવા માટે દબાણ કર્યુ હતું.
- પરંતુ આ દરખાસ્તને નકારી કાઢવામાં આવી હતી, જેના કારણે આ દેશો દ્વારા CITES સાથેના વિવાદની ઔપચારિક ઘોષણા કરવામાં આવી હતી.
- તેઓએ દલીલ કરી હતી કે હાથીદાંતના વેપારને મંજૂરી આપવાનો ઈનકાર નિવાસસ્થાનના નુકશાન અને માનવ – વન્યજીવન સંઘર્ષને વધારે છે એન તેમના સંરક્ષણ ભંડોળના પ્રયાસોને અવરોધે છે.

### Kavango – Zambezi Trans-Frontier Conservation Area (KAZA-TFCA) વિશે....

- KAZA – TFCA એ ઓકાવાંગો અને ઝામ્બેઝી નદીના તટપ્રદેશમાં અંગોલા, બોત્સવાના, નામિબિયા, ઝામ્બિયા અને ઝિમ્બાબ્વે નામના 5 દક્ષિણ આફ્રિકન દેશોમાં ફેલાયેલું છે.
- KAZA ની લગભગ 70% જમીન 103 વન્યપ્રાણી વ્યવસ્થાપન વિસ્તારો અને 85 વન અનામતથી બનેલી સંરક્ષણ હેઠળ છે.
- આ પ્રદેશમાં આફ્રિકાની હાથીઓની બે તૃતીયાંશ વસ્તી (આશરે 4,50,000) અને બોત્સવના (1,32,000) અને ઝિમ્બાબ્વે (1,00,000) એકલા આ વસ્તીનો નોંધપાત્ર હિસ્સો ધરાવે છે.

Banking Academy

## રશિયન અવકાશયાત્રી અવકાશમાં 1000 દિવસ ગાળનાર પ્રથમ વ્યક્તિ બન્યો




- રોસકોસ્મોસ સ્ટેટ કોઓપરેશન અવકાશયાત્રી ઓલેગ કોનોનેન્કો, જેઓ હાલમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર કામ કરે છે, કુલ સ્પેસ ફ્લાઈટ સમયગાળાની દ્રષ્ટિએ વિશ્વમાં પ્રથમ વખત 1000 દિવસનો રેકોર્ડ બુક કર્યો છે.
- આ સીમાચિહ્ન તેમના ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) ના પાંચમા મિશન દરમિયાન થયું હતું. ISS ની વર્તમાન સફર સપ્ટેમ્બર15, 2023 થી શરૂ થઈ હતી.
- કોનોનેન્કો 2008 માં તેમની પ્રથમ સફરથી અવકાશમાં મુસાફરી કરી રહ્યો છે અને તેમણે અવકાશ સંશોધનમાં હંમેશા સુધારાઓ કર્યા છે.
- ફેબ્રુઆરી 2024 માં તેણે અવકાશમાં સૌથી લાંબો સમય પસાર કરવા માટે તેના સાથીદાર ગેન્નાડી પડાલ્કાના 878 દિવસના રેકોર્ડને વટાવી દીધો.
- કોનોનેન્કોની સિદ્ધી મહત્વપૂર્ણ વ્યક્તિગત અને વ્યાવસાયિક વળાંકને ચિહ્નિત કરે છે.

### International Space Station (ISS) વિશે....

- ISS અવકાશયાન, વેધશાળા, પ્રયોગશાળા અને અવકાશયાત્રીઓ માટે વસવાટ ક્વાર્ટર તરીકે સેવા આપે છે.
- તે પૃથ્વીની સપાટીથી આશરે 240 માઈલ ઉપરાત તરતું રહે છે અને એક સાથે 10 લોકોને સમાવી શકે છે.
- ઉદ્દેશ્ય – અવકાશના લાંબા ગાળાના સંશોધનને સરળ બનાવવું અને વૈજ્ઞાનિક સંશોધન દ્વારા પૃથ્વી પરના લોકોને મૂર્ત લાભો પ્રદાન કરવા.
- યુએસ, રશિયા અને જાપાન સહિત 15 દેશો દ્વારા બનાવવામાં આવેલ અને સંચાલિત, ISS ની શરૂઆત 1998 માં વિવિધ અવકાશ – આધારિત સંશોધન પહેલ માટે હબ તરીકે કરવામાં આવી હતી.

## પેરુ ઈન્સ્ટન્ટ ડિજિટલ પેમેન્ટ્સ માટે ભારતની UPI સિસ્ટમ અપનાવે છે




- NPCI ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ (NIPL) અને સેન્ટ્રલ રિઝર્વ બેંક ઓફ પેરુ (BCRP) વચ્ચેનો તાજેતરનો સોદો સમગ્ર વિશ્વમાં ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ માટે એક મોટુ પગલું છે.
- આ ભાગીદારીનો ધ્યેય પેરુમાં એક એવી સિસ્ટમ સેટ કરવાનો છે જે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) ની જેમ કામ કરે છે.
- આ NPCIની ટેક્નોલોજીનો ઉપયોગ કરનાર દક્ષિણ અમેરિકામાં પેરુ પ્રથમ દેશ બનશે.
- સહયોગના મુખ્ય ધ્યેયો પેરુની નાણાકીય વ્યવસ્થાને મજબૂત કરવા, આર્થિક વૃદ્ધિને વેગ આપવા, વધુ લોકોને નાણાકીય સેવાઓની એક્સેસ મેળવવામાં મદદ કરવા અને સોદાઓને વધુ ખુલ્લા અને ઓછા ખર્ચાળ બનાવવાનો છે.
- NPCI સાથે RBI 2028-29 સુધીમાં 20 દેશોમાં UPI સિસ્ટમ દાખલ કરવા માંગે છે. જેમાં ફ્રાન્સ, શ્રીલંકા અને UAE જેવા દેશો પહેલેથી જ સામેલ છે.

### Unified Payments Interface (UPI) વિશે....

- UPI એ 2016માં NPCI દ્વારા વિકસાવવામાં આવેલી ભારતીય ઈન્સ્ટન્ટ પેમેન્ટ સિસ્ટમ છે.
- તે એક જ મોબાઈલ એપ્લિકેશનમાં બહુવિધ બેંક ખાતાઓને એકીકૃત કરે છે, જે સીમલેસ ફંડ રૂટીંગ અને વેપારી ચૂકવણીની સુવિધા આપે છે.

## બોન ક્લાઈમેટ કોન્ફરન્સ 2024




- બોન, જર્મનીમાં તાજેતરની આબોહવા બેઠકમાં નવા ક્લાયમેટ ફાયનાન્સ ધ્યેયને વ્યાખ્યાયિત કરવામાં નોંધપાત્ર પ્રગતિ પ્રાપ્ત થઈ નથી.
- આબોહવા સંકટને પંહોચી વળવા માટે જરૂરી ભંડોળ સંબંધિત મુદ્દાઓ પર દેશોએ હજુ સુધી નક્કર પ્રગતિ કરી નથી.
- પરિષદ દરમિયાન પેરિસ ક્લાયમેટ ડીલની કલમ 6 હેઠળ અનુકૂલન સૂચકાંકો અને આંતરરાષ્ટ્રીય કાર્બન માર્કેટ વધુ સારી રીતે કાર્ય કરવા તરફ પ્રગતિ કરવામાં આવી હતી.
- પેરિસ ક્લાયમેટ ડીલની કલમ 6 બે મુખ્ય બજાર પદ્ધતિઓ સાથે દેશના ઉત્સર્જન – ઘટાડાના લક્ષ્યોને હાંસલ કરવામાં મદદ કરે છે. દેશો વચ્ચે દ્વિપક્ષીય સોદા અને એક નવું વૈશ્વિક ઓફસેટ બજાર.

❖ **ન્યુ ક્લેક્ટિવ ક્વોન્ટિફાઈડ ગોલ (NCQG)**

- COP 21 માં 2025 પછીના ક્લાયમેટ ફાઈનાન્સ ધ્યેય (નવો ધ્યેય) નક્કી કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.
- 2009 માં UNFCCC ના પક્ષોએ 2020 સુધીમાં વાર્ષિક $100 બિલિયન એકત્ર કરવાનું નક્કી કર્યું હતુ જે પછીથી 2025 સુધી લંબાવવામાં આવ્યું હતું. જો કે વિકસિત દેશો આ લક્ષ્યાંક પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા હતા.
- NCQG એ વર્તમાન ક્લાયમેટ ફાઈનાન્સિંગ મિકેનિઝમમાં મુખ્ય ખામીઓને સંબોધિત કરતી વખતે વર્તમાન $100 બિલિયન વાર્ષિક લક્ષ્યાંક કરતાં ક્લાયમેટ ફાઈનાન્સ પર માળખું વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

❖ **મિટીગેશન વર્ક પ્રોગ્રામ**

- પેરિસ કરારના 1.5° C ધ્યેયને હાંસલ કરવા માટે તાત્કાલિક ધોરણે શમન મહત્વકાંક્ષા અને અમલીકરણ વધારવા COP 26 ખાતે તેની સ્થાપના કરવામાં આવી હતી.
- 2024 માં કાર્યક્રમ 'Cities : buildings and urban System' પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં
  – ઓપરેશનલ ઉત્સર્જન ઘટાડવું (હીટિંગ, કૂલિંગ)
  – કાર્યક્ષમતા (રેટ્રોફિટિંગ) માટે બિલ્ડિંગ એન્વેલોપ ડિઝાઈન કરવું
  – રિડયુસિંગ મૂર્ત ઉત્સર્જન (બિલ્ડિંગ મટિરીયલ)

## UNSC ના નવા બિન –સ્થાયી સભ્યોની પસંદગી



- તાજેતરમાં પાકિસ્તાન, સોમાલિયા, ડેન્માર્ક, ગ્રીસ અને પનામાને UN સુરક્ષા પરિષદ (UNSC) ના બિન – કાયમી સભ્યો તરીકે પસંદ કરવામાં આવ્યા છે, જે 1 જાન્યુઆરી 2025 થી 31 ડિસેમ્બર 2026 સુધી 2 વર્ષની મુદતની સેવા આપે છે.

❖ **UNSC માં નવા સભ્યો કેવી રીતે ચૂંટાઈ છે?**

- UNSC પર બિન–સ્થાયી બેઠકો માટેની ચૂંટણી પ્રક્રિયામાં પ્રાદેશિક જૂથો ઉમેદવારોને નોમિનેટ કરે છે. ચાર પ્રાદેશિક જૂથો છે.
- નવા ચૂંટાયેલા સભ્યોમાં આફ્રિકન જૂથ માટે સોમાલિયા, એશિયા – પેસિફિક જૂથ માટે પાકિસ્તાન, લેટિન અમેરિકા અને કેરેબિયન જૂથ માટે પનામા અને પશ્ચિમ યુરોપિયન અને અન્ય જૂથ માટે ડેન્માર્ક અને ગ્રીસ છે.
- દરેક પ્રાદેશિક જૂથ સામાન્ય રીતે બે વર્ષની મુદત માટે સામાન્ય સભામાં રજૂ કરવા ઉમેદવારો પર સંમત થાય છે.
- આ પ્રક્રિયાનો ઉદ્દેશ્ય સુરક્ષા પરિષદમાં પ્રાદેશિક પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાનો છે, જે વૈશ્વિક ભૌગોલિક રાજકીય વિવિધતા અને હિતોને પ્રતિબિંબિત કરે છે.
- નવા સભ્યો મોઝામ્બિક, જાપાન, એક્વાડોર, માલ્ટા અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા આઉટગોંઈગ દેશોની જગ્યા લેશે.

**United Nations Security Council (UNSC) વિશે....**

- 1945માં UN ચાર્ટર હેઠળ સ્થપાયેલી યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ, UN ના 6 મુખ્ય અંગોમાંથી એક છે.
- તેમાં 15 સભ્યો (5 સ્થાયી અને 10 બિન– સ્થાયી ) નો સમાવેશ થાય છે.
- 10 બિન–સ્થાયી સભ્યોમાંથી, 5 દર વર્ષે સામાન્ય સભા દ્વારા બે વર્ષની મુદત માટે ચૂંટાય છે.
- સ્થાયી સભ્યો યુનાઈટેડ સ્ટેટ્સ, રશિયા, ફ્રાન્સ, ચીન અને યુનાઈટેડ કિંગ્ડમ છે.

## આબોહવા પરિવર્તનને કારણે પનામા ટાપુનું સ્થળાંતર



- પનામા તેના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ ક્ષણનો સામનો કરી રહ્યું છે કારણ કે તે આબોહવા પરિવર્તનની અસરોને કારણે સમગ્ર ટાપુ સમુદાયને ખાલી કરનાર પ્રથમ રાષ્ટ્ર બન્યું છે.
- કેરેબિયનના એક ટાપુ ગાર્ડી સુગડુબ પર રહેતા અંદાજે 300 સ્વદેશી ગુના પરિવારોને તેમના પૈતૃક ઘર છોડવાની ફરજ પડી રહી છે કારણ કે દરિયાની સપાટી વધતા તેમના અસ્તિત્વને જોખમમાં મૂકે છે.
- આ અભૂતપૂર્વ પગલું સંવેદનશીલ દરિયાકાંઠા અને ટાપુ સમુદાયો પર આબોહવા પરિવર્તનની ગંભીર અને તાત્કાલિક અસરોને પ્રકાશિત કરે છે.
- ગાર્ડી સુગડુબ એ ગુના યાલા પ્રદેશના દ્વિપસમૂહમાં આવેલા લગભગ 50 વસ્તીવાળા ટાપુઓમાંથી એક છે.
- પેઢીઓથી ગુના લોકો તેમના પર્યાવરણ સાથે સુમેળમાં રહે છે, પરંતુ દરિયાની સપાટીમાં સતત વધારો હવે તેમની જીવનશૈલીને વિક્ષપિત કરી રહ્યો છે.
- ખારા પાણીની ઘૂસણખોરીએ તાજા પાણીના ભંડારને દૂષિત કર્યા છે, અને વારંવાર પૂર આવવાથી ટાપુના પાયાનું ધોવાણ થઈ રહ્યું છે, જે તેને વધુ નિર્જન બનાવે છે.

**પનામા વિશે....**

- તે લેટિન અમેરિકામાં મધ્ય અમેરિકાના દક્ષિણ છેડે આવેલું છે.
- તેની પશ્ચિમમાં કોસ્ટા રિકા અને દક્ષિણપૂર્વમાં કોલંબિયા, ઉત્તરમાં કેરેબિયન સમુદ્ર અને દક્ષિણમાં પેસિફિક મહાસાગર છે.
- રાજધાની – પનામા સિટી

## યુરોપિયન કમિશને તાંઝાનિયાને સંરક્ષણ અનુદાનમાંથી બાકાત રાખ્યું

- યુરોપિયન કમિશન (EC) એ તેની NaturAfria પહેલના ભાગરૂપે પૂર્વ આફ્રિકામાં શરૂ કરવા માટે તેની 18 મિલિયન યુરો સંરક્ષણ અનુદાન માટે પાત્ર દેશોની સૂચિમાંથી તાંઝાનિયાને દૂર કર્યું છે.



❖ **NaturAfrica વિશે**

- EC દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ નેચરઆફ્રિકા પ્રોગ્રામનો ઉદ્દેશ્ય જૈવવિવિધતાને બચાવવા અને મુખ્ય આફ્રિકન લેન્ડસ્કેપમાં ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.
- તે કી લેન્ડસ્કેપ્સ ફોર કન્ઝર્વેશન એન્ડ ડેવલપમેન્ટ (KLCDs) તરીકે ઓળખાતા ચોક્કસ વિસ્તારોને લક્ષ્ય બનાવે છે.
- NaturAfrica પર્યાવરણીય સંરક્ષણને સંતુલિત કરવા, સ્થાનિક આજીવિકાને ટેકો આપવા અને મહત્વપૂર્ણ ઈકોસિસ્ટમ માટે સુશાસન સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે.
- EC નો નિર્ણય તાંઝાનિયામાં Ngorongoro કન્ઝર્વેશન એરિયા અને Loliondo માંથી Massai સમુદાયોને બળજબરીથી બહાર કાઢવા સાથે સંકળાયેલા સારી રીતે દસ્તાવેજીકૃત માનવાધિકાર ઉલ્લંઘનોથી ઉદ્ભવ્યો છે.
- મસાઈઈન્ટરનેશનલ સોલિડેરિટી એલાયન્સ (MISA) અને સર્વાઈવલ ઈન્ટરનેશનલ જેવા હિમાયતી જૂથોએ આ ઉલ્લંઘનો વિશે જાગૃતિ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.
- EC ની ક્રિયા વિશ્વ બેંક અને જર્મન વિકાસ સહકાર દ્વારા સમાન ભંડોળ ઉપાડ સાથે સંરેખિત કરે છે, જે સંરક્ષણમાં માનવ અધિકારો પર વધતા વૈશ્વિક ભારનો સંકેત આપે છે.
- આ વિકાસ સંરક્ષણ પ્રોજેક્ટ્સમાં નૈતિક વિચારણાઓના વધતા મહત્વને રેખાંકિત કરે છે, તે સુનિશ્ચિત કરે છે કે તેઓ સ્વદેશી સમુદાયોના અધિકારો અને આજીવિકાનો આદર કરે છે.

**તાંઝાનિયા વિશે....**

- રાજધાની – ડોડોમા
- ચલણ – તાંઝાનિયા શિલિંગ
- સત્તાવાર ભાષાઓ – સ્વાહિલી, અંગ્રેજી

## 67મી Global Environment Facility Council નું આયોજન

- Global Environment Facility ની 67મી કાઉન્સિલ મીટ વોશિંગટન, ડીસીમાં બોલાવવામાં આવી હતી.
- જેમાં વૈશ્વિક સ્તરે 34 પ્રકૃતિ સંરક્ષણ અને નવીનીકરણ પ્રોજેક્ટ્સને સમર્થન આપવા માટે કુલ $736.4 મિલિયન મંજૂર કરવામાં આવ્યા હતા.
- GEG ટ્રસ્ટ ફંડ, લિસ્ટ ડેવલપ કન્ટ્રી ફંડ (LDCF) અને ગ્લોબલ બાયોડાયવર્સિટી ફ્રેમવર્ક ફંડ (GBFF) માંથી પ્રોજેક્ટ્સ માટે ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે.
- ગ્રેટ ગ્રીન વોલ (GGW), સસ્ટેનેબલ સિટીઝ ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ (SCIP) વગેરે જેવા પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.
- GGW એ સમગ્ર આફ્રિકાના સાહેલ પ્રદેશમાં લેન્ડસ્કેપ્સ અને ઈકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.
- SCIP એ 20 – દેશોનો કાર્યક્રમ છે જેનો હેતુ શહેરી સિસ્ટમના પરિવર્તનને ઉત્પ્રેરિત કરવાનો છે.
- જેમાં 2 ભારતીય પ્રોજેક્ટ પણ સામેલ છે.
  (1) કુનમિંગ – મોન્ટ્રીયલ ગ્લોબલ બાયોડાયવર્સિટી ફ્રેમવર્ક લક્ષ્યો સાથે પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા માટે જૈવવિવિધતા સંરક્ષણ અને ટકાઉ ઉપયોગને વધારવો.
  (2) CoHABITAT – ભારતમાં મધ્ય એશિયન ફ્લાયવે સાથે સ્થળાંતર કરતી પ્રજાતિઓની વસ્તીને સુરક્ષિત કરવા માટે વેટલેન્ડ ફોરેસ્ટ અને ગ્રાસલેન્ડનું સંરક્ષણ અને ટકાઉ વ્યવસ્થાપન.
- આ પ્રોજેક્ટ્સ UNDP દ્વારા ભારતીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય સાથે મળીને કાર્યકારી એજન્સી તરીકે કાર્યરત છે.




**Global Environment Facility (GEF) વિશે....**

- ઉત્પતિ :– 1992 માં રિયો અર્થ સમિટની પૂર્વસંધ્યા દરમિયાન સ્થાપના
- વિશે :– વિશ્વના સૌથી પડકારરૂપ પર્યાવરણીય મુદ્દાઓને ઉકેલવા માટે 18 એજન્સીઓની ભાગીદારી
- ગવર્નન્સ :– GEF કાઉન્સિલ મુખ્ય સંચાલક મંડળ છે.
- GEF ટ્રસ્ટી :– વિશ્વ બેંક
- સભ્ય દેશો :– 186 (ભારત સહિત)
- સચિવાલય :– વોશિંગ્ટન, ડીસી (USA)
- કાર્યો :– 5 સંમેલનો માટે નાણાકીય મિકેનિઝમ તરીકે સેવા આપે છે.
  (1) જૈવિક વિવિધતા પર સંમેલન (CBD)
  (2) યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCCC)
  (3) સ્ટોકહોમ કન્વેન્શન ઓન પર્સિસ્ટન્ટ ઓર્ગેનિક પોલ્યુટન્ટ્સ (POP)
  (4) યુએન કન્વેન્શન ટુ કોમ્બેટ ડેઝર્ટિફિકેશન (UNCCD)
  (5) મિનામાટા કન્વેન્શન ઓન મર્ક્યુરી

## High Seas Biodiversity Treaty

➲ વિશ્વ મહાસાગર દિવસ (8 જૂન) પર, ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN) ના ડાયરેક્ટર જનરલે વિશ્વભરના દેશોને સંપૂર્ણપણે કાર્યરત High Seas Biodiversity Treaty માટે પ્રયત્ન કરવા વિનંતી કરી.




❖ **High Seas Biodiversity Treaty વિશે**

- તે યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી (UNCLOS) હેઠળ Biological Diversity of Areas Beyond National Juridiction (BBNJ) ની દરિયાઈ જૈવવિવિધતાના સંરક્ષણ અને ટકાઉ ઉપયોગ પરનો કરાર છે.
- 2023 માં મરીન BBNJ પર આંતર–સરકારી પરિષદ દ્વારા ઔપચારિક રીતે અપનાવવામાં આવ્યું અને ઓછામાં ઓછા 60 દેશો દ્વારા તેના પર હસ્તાક્ષર અને બહાલી આપવામાં આવે ત્યારે જ તે આંતરરાષ્ટ્રીય કાયદો બનશે.
- આજ સુધી માત્ર 7 દેશોએ સંધિને બહાલી આપી છે.
- ભારતે આ સંધિ પર ન તો હસ્તાક્ષર કર્યા છે કે ન તો તેને બહાલી આપી છે.

❖ **સંધિની મુખ્ય જોગવાઈઓ**

- પોલ્યુટર – પે સિદ્ધાંત પર આધારિત જોગવાઈઓ તેમજ ઉચ્ચ સમુદ્રમાં પ્રદુષણ સંબંધિત વિવાદોના નિરાકરણ માટેની પદ્ધતિઓનો સમાવેશ કરે છે.
- ક્ષમતા નિર્માણ અને દરિયાઈ ટેક્નોલોજીના સ્થળાંતરણ અને પ્રાદેશિક દરિયાઈ સંગઠનો અને પ્રાદેશિક મત્સ્યઉદ્યોગ વ્યવસ્થાપન સંસ્થાઓ વચ્ચે વધતા સહયોગના મહત્વને રેખાંકિત કરે છે.
- સ્વદેશી લોકો અને સ્થાનિક સમુદાયોના અધિકારો અને પરંપરગત જ્ઞાન, વૈજ્ઞાનિક સંશોધનની સ્વતંત્રતા અને લાભોની ન્યાયી અને સમાન વહેંચણીની જરૂરિયાતને ઓળખો.

### High Seas (ઉચ્ચ સમુદ્ર) વિશે....

- આંતરરાષ્ટ્રીય કાયદા દ્વારા ઉચ્ચ સમુદ્રોને મહાસાગરના તમામ ભાગો તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર, પ્રાદેશિક સમુદ્ર અથવા દેશના આંતરીક પાણીમાં અથવા દ્વીપસમૂહ દેશના દ્વીપસમૂહના પાણીમાં સમાવિષ્ટ નથી.
- ઉચ્ચ સમુદ્રો અને સંલગ્ન સંસાધનો કોઈપણ દેશની સીધી માલિકી અથવા નિયંત્રિત નથી.

## યુક્રેન 'પાથ ટુ પીસ' સમિટનું આયોજન

➲ તાજેતરમાં, સ્વિત્ઝર્લેન્ડમાં આયોજિત 'પાથ ટુ પીસ' નામની યુક્રેનમાં શાંતિ પર બે દિવસીય સમિટનું આયોજન થયું હતું.




➲ આ સમિટ દ્વારા સહભાગીઓએ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો અંત લાવવાની આશા વ્યક્ત કરી.

❖ **સમિટની મુખ્ય બાબતો**

- 80 દેશોએ રશિયા અ યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટે કોઈપણ શાંતિ કરાર માટે યુક્રેનની 'પ્રાદેશિક અખંડિતતા' ને આધાર બનાવવાની હાકલ કરી છે.
- તેઓએ અંતિમ સંયુક્ત સંદેશાવ્યવહારને ટેકો આપ્યો જેમાં 'પાથ ટુ પીસ' ની રૂપરેખા આપવામાં આવી હતી અને 3 એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતુ : પરમાણુ સલામણી, વૈશ્વિક ખાદ્ય સુરક્ષા અને માનવતાવાદી મુદ્દાઓ.
- રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતના આરોપના કારણે યજમાન સ્વિત્ઝર્લેન્ડ દ્વારા રશિયાને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું.
- સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા અને સંયુક્ત આરબ અમીરાતની સાથે ભારતે પીસ સમિટના નિષ્કર્ષ પર બહાર પાડવામાં આવેલા અંતિમ દસ્તાવેજ પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કર્યો હતો.
- ભારતે ભારપૂર્વક જણાવ્યું હતુ કે રશિયા અને યુક્રેન બંનને સ્વીકાર્ય પ્રસ્તાવો જ શાંતિ તરફ દોરી શકે છે.

## વિશ્વના સૌથી જૂના ઉધઈના ટેકરા નામક્વાલેન્ડમાં શોધાયા

➲ વૈજ્ઞાનિકોએ તાજેતરમાં નામક્વાલેન્ડમાં બફેલ્સ નદીના કાંઠે વિશ્વના સૌથી જૂના વસવાટવાળા ઉધઈના ટેકરા શોધી કાઢયા છે, જે 34,000 વર્ષ જૂના છે.

❖ **નામક્વાલેન્ડ વિશે**

- તે દક્ષિણ પશ્ચિમ આફ્રિકાનો રણ પ્રદેશ છે.
- તે ઉત્તરમાં નામિબિયાના કારાસ પ્રદેશથી દક્ષિણ માં દક્ષિણ આફ્રિકાના ઉત્તરી કેપ પ્રાંત સુધી વિસ્તરે છે.
- પશ્ચિમથી પૂર્વ સુધી, તે નામિબ રણથી કાલહારી સુધી વિસ્તરે છે.

Banking Academy



- નામિબિયામાં , ઓરેન્જ નદીની ઉત્તરે આવેલ નામક્વાલેન્ડનો ભાગ ગ્રેટ નામક્વાલેન્ડ તરીકે ઓળખાય છે.
- દક્ષિણ આફ્રિકામાં, ઓરેન્જ નદીની દક્ષિણે આવેલ વિસ્તારને લિટલ નામક્વાલેન્ડ કહેવામાં આવે છે.
- નામક્વાડલેન્ડ ખૂબ જ શુષ્ક છે. વર્ષના મોટા ભાગ માટે સુક્યુલન્ટ્સ લગભગ એકમાત્ર છોડ છે જે વિશાળ મેદાનો પર જોઈ શકાય છે. આ છોડ પાણીનો સંગ્રહ કરે છે અને વરસાદ વિના લાંબા સમય સુધી જીવી શકે છે.
- 19મી સદીમાં આ પ્રદેશ પર જર્મનીનો કબજો થયો તે પહેલા આ વિસ્તારમાં પરંપરાગત રીતે નામા લોકો વસવાટ કરતા હતા.
- નામાલેન્ડમાં તાંબાના મોટા ભંડાર છે. જેમાં નામા લોકોએ સેંકડો વર્ષો સુધી ખનન કર્યું.



# 5 અર્થવ્યવસ્થા

## RBI એ ફિનટેક સેક્ટરમાં સ્વ– નિયમનકારી સંસ્થાઓ માટે ફ્રેમવર્ક સૂચિત કર્યું

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ફિનટેક સેક્ટરમાં Self Regulatory Organisation (SROs) માટે એક માળખું સૂચિત કર્યું છે.




❖ **ફ્રેમવર્કની મુખ્ય લાક્ષણિકતાઓ**

❖ **પાત્રતા અને સભ્યપદ માપદંડ**

- SRO અરજદારોની લઘુત્તમ નેટવર્થ 2 કરોડ રૂપિયા હોવી આવશ્યક છે.
- આ જરૂરિયાત RBI ની માન્યતાના એક વર્ષની અંદર અથવા SRO કામગીરી શરૂ કરતા પહેલા, બેમાંથી જે વહેલું આવે તે પૂર્ણ થવી જોઈએ.
- SRO માં શેરહોલ્ડિંગ વૈવિધ્યસભર હોવું જોઈએ, જેમાં કોઈ એક એન્ટિટી 10% થી વધુ શેર ધરાવે છે.
- SRO એ તમામ કદ, તબક્કાઓ અને પ્રવૃત્તિઓનો સમાવેશ કરીને ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરવું જોઈએ. સભ્યપદ સ્વૈચ્છિક છે, પરંતુ RBI ફિનટેકને માન્યતા પ્રાપ્ત SRO માં જોડાવા પ્રોત્સાહિત કરે છે.

❖ **SRO લક્ષણો**

- ઉદ્દેશ્ય કાર્ય : SRO એ RBI ની દેખરેખ હેઠળ ઉદ્દેશ્યથી કાર્ય કરે છે.
- સસ્ટેનેબલ ડેવલપમેન્ટ :– SRO નો હેતુ સેક્ટર ડેવલપમેન્ટ માટે છે અને જો જરૂરી હોય તો તબક્કાવાર નિયમનકારી અનુપાલન માર્ગો ઓળખી શકે છે.
- વ્યાપક પ્રતિનિધિત્વ :– SRO વ્યાપક સભ્યપદ કરારો દ્વારા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે.
- સ્વતંત્રતા :– તેઓ સ્વતંત્ર રીતે કાર્ય કરે છે, કોઈપણ એક સભ્ય અથવા જૂથના પ્રભાવથી મુક્ત.
- વિવાદનું નિરાકરણ :– SRO સભ્યો વચ્ચેના વિવાદોમાં કાયદેસર મધ્યસ્થી તરીકે કામ કરે છે.
- નિયમનકારી પાલન :– સભ્યોને નિયમનકારી પ્રાથમિકતાઓને અનુસરવા પ્રોત્સાહિત કરવું એ તેમની ભૂમિકાનો એક ભાગ છે.


### Self Regulatory Organisation (SRO) વિશે....

- SRO એ ચોક્કસ ઉદ્યોગો અથવા ક્ષેત્રોમાં પોતાને નિયંત્રિત કરવા માટે રચાયેલી સંસ્થાઓ છે, ઘણી વાર સરકારી નિયમનકારો સાથે મળીને.
- SRO સરકારી નિયમનકારોની દેખરેખ હેઠળ કાર્ય કરે છે, તેઓ આ સંસ્થાઓને અમુક નિયમનકારી કાર્યો સોંપે છે.
- SRO નો ઉદ્દેશ્ય તેમના ઉદ્યોગોમાં શ્રેષ્ઠ વ્યવહારો અને નૈતિક આચરણને પ્રોત્સાહન આપવાનો છે. તેઓ વારંવાર માર્ગદર્શન, તાલીમ અને શૈક્ષણિક સંસાધનો પ્રદાન કરે છે જેથી સભ્યોને નિયમનકારી આવશ્યકતાઓને સમજવા અને તેનુ પાલન કરવામાં મદદ મળે.

❖ **કાર્યો**

- નિયમ નિર્માણ :– SRO ઉદ્દેશ્ય અને પરામર્શાત્મક પ્રક્રિયાઓ દ્વારા નિયમો અને ધોરણો સ્થાપિત કરે છે.
- ઈન્ડસ્ટ્રી બેન્ચમાર્ક :– તેઓ ઉદ્યોગ બેન્ચમાર્ક અને બેઝલાઈન ટેક્નોલોજી ધોરણો સેટ કરે છે.
- સર્વેલન્સ :– SRO સેક્ટરનુ નિરીક્ષણ કરે છે, અપવાદો શોધી કાઢે છે અને સમસ્યાઓને હાઈલાઈટ કરે છે.
- આચાર ધોરણો :– તેઓ આચારના ધોરણોને વ્યાખ્યાયિત કરે છે અને ઉલ્લંઘન માટે દંડ લાદે છે.
- વર્તમાન લોકસભા સ્પીકર ઓમ બિરલાએ 4 જૂન, 2024 ના રોજ કોટા સંસદીય બેઠક જીતીને એક નોંધપાત્ર સિદ્ધી હાંસલ કરી છે.
- 41,139 મતોના પ્રંચડ માર્જિન સાથે, બિરલા 20 વર્ષમાં સંસદના નીચલા ગૃહમાં ફરીથી ચૂંટાયેલા પ્રથમ પ્રિસાઈડિંગ ઓફિસર બન્યા છે.



- નીચલા ગૃહમાં પુનઃચૂંટણી મેળવનાર છેલ્લા લોકસભા અધ્યક્ષ પીએ સંગમાં હતા. જેમણે 1996 થી 1998 દરમિયાન 11 મી લોકસભા દરમિયાન પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે સેવા આપી હતી.
- ભારતીય જનતા પાર્ટીના ઓમ બિરલા અને કોંગ્રેસના કોડીકુન્નીલ સુરેશ વચ્ચે સ્પીકર પદ માટે અસામાન્ય હરીફાઈ હતી, કારણ કે નેશનલ ડેમોક્રેટીક અલાયન્સ (NDA) સરકાર અને વિરોધ પક્ષના INDIA ગઠબંધન સર્વસંમતિ સુધી પંહોચી શક્યા ન હતા.
- ભારતીય બંધારણની કલમ 93 આદેશ આપે છે કે નવી લોકસભાની પ્રથમ બેઠક પહેલા સ્પીકરનું પદ ખાલી થઈ જાય છે.
- રાષ્ટ્રપ્રતિ નવા સાંસદોને શપથ લેવા માટે પ્રોટેમ સ્પીકરની નિમણૂક કરે છે. 18 મી લોકસભામાં પ્રોટેમ સ્પીકર તરીકે ભર્તૃહરિ મહતાબની નિમણૂક કરવામાં આવી હતી.

## અનામિકા રાજીવ ભારતીય નૌકાદળની પ્રથમ મહિલા હેલિકોપ્ટર પાયલટ બની

- સબ લેફ્ટનન્ટ અનામિકા બી. રાજીવ રાનીપેટ જિલ્લાના અરક્કોનમ ખાતે નૌકાદળના હવાઈ મથક INS રાજલીમાં યોજાયેલી પાસિંગ આઉટ પરેડ દરમિયાન ભારતીય નૌકાદળની પ્રથમ મહિલા હેલિકોપ્ટર પાયલટ બની.




- ઈસ્ટર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ – ઈન – ચીફ વાઈસ એડમિરલ રાજેશ પેંઢારકર દ્વારા કુલ 21 અધિકારીઓને પ્રતિષ્ઠિત 'ગોલ્ડન વિંગ્સ' એનાયત કરવામાં આવી હતી.
- 102 મા હેલિકોપ્ટર કન્વર્ઝન કોર્સના ગ્રેજ્યુએશન નિમિત્તે 7 જૂને પાસિંગ આઉટ પરેડ યોજાઈ હતી.
- પાસિંગ આઉટ પરેડ ભારતીય નૌકાદળના તમામ હેલિકોપ્ટર પાઈલટ્સના અલ્મા મેટર, ઈન્ડિયન નેવલ એર સ્કવોડ્રન 561 ખાતે સખત ઉડ્ડયન અને ગ્રાઉન્ડ પ્રશિક્ષણને સમાવતા સઘન 22 અઠવાડિયાના તાલીમ કાર્યક્રમની સફળ પરાકાષ્ઠાને ચિહ્નિત કરે છે.
- કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના પ્રથમ કમિશન્ડ નેવલ ઓફિસર જામયાંગ ત્સેવાંગ પણ લાયકાત ધરાવતા હેલિકોપ્ટર પાઈલટ તરીકે સફળતાપૂર્વક સ્નાતક થયા.

## પ્રખ્યાત વન્યજીવન ક્ષેત્ર જીવવિજ્ઞાની અને સંરક્ષણવાદી એ.જે.ટી. જોનસિંહનું નિધન

- 78 વર્ષની વયે બેંગ્લુરુમાં જાણીતા વન્યજીવન ક્ષેત્ર જીવવિજ્ઞાની અને સંરક્ષણવાદી અસીમ જવાહર થોમસ જોનસિંઘના નિધનથી વન્યજીવ સંરક્ષણની દુનિયાએ એક અગ્રણી વ્યક્તિ ગુમાવી છે.




- એ.જે.ટી. જોનસિંહનો જન્મ તમિલનાડુના તિરુનેલવેલી જિલ્લાના નાંગુનેરીમાં થયો હતો. તેમણે બાળપણથી જ પ્રકૃતિ અને વન્યજીવ પ્રત્યેનો શોખ કેળવ્યો હતો.
- તેઓ વન્યજીવન અને તેના સંચાલન પર સંશોધન માટે દેશની અગ્રણી સંસ્થા, દહેરાદૂનમાં વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (WII) માં ફેકલ્ટી સભ્ય તરીકે જોડાયા અને ડીન તરીકે નિવૃત થયા.
- તેમની નિવૃતિ પછી તેઓ વન્યજીવન સંરક્ષણ પ્રયાસોમાં સક્રિય હતા અને વિવિધ સંરક્ષણ સંસ્થાઓ જેમ કે નેચર કન્જર્વેશન ફાઉન્ડેશન, WWF ઈન્ડિયા અને કોર્બેટ ફાઉન્ડેશન સાથે સંકળાયેલા હતા.
- તેમણે વન્યજીવ સંરક્ષણ પર 70 થી વધુ વૈજ્ઞાનિક પેપર અને 80 થી વધુ લોકપ્રિય લેખો લખ્યા છે. તેમનુ સંશોધન મુખ્યત્વે એશિયન હાથી, ગોરલ, હિમાલિયન આઈબેક્સ, નીલગીરી તહર, એશિયાટિક સિંહ વગેરે પર કેન્દ્રિત હતું.

- તેમના વન્યજીવ સંરક્ષણ અને ઈકોલોજીમાં અગ્રણી પ્રયાસોથી તેમને ઘણા પુરસ્કારો અને માન્યતા મળી. તેમને ભારત સરકારનો ચોથો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર – પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો છે.

## લેફ્ટન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીની ભારતના 30માં આર્મી ચીફ તરીકે નિમણૂક કરવામાં આવી



- ભારત સરકારે લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીની ચીફ ઓફ આર્મી સ્ટાફ તરીકે નિમણૂક કરી છે.
- લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી વર્તમાન આર્મી ચીફ જનરલ મનોજ પાંડે પાસેથી કાર્યકાળ સંભાળશે, જેઓ 30 જૂન 2024 ના રોજ નિવૃત થશે.
- લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી ભારતીય સેનાના 30મા વડા હશે. હાલમાં તેઓ આર્મી સ્ટાફના વાઈસ ચીફ છે.
- તેઓ સૈનિક સ્કૂલ રીવા, મધ્યપ્રદેશના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.
- 1984 માં તેમને 18 મી જમ્મુ અને કાશ્મીર રાઈફલ્સમાં ઓફિસર તરીકે કમિશન આપવામાં આવ્યું હતું અને બાદમાં તે જ યુનિટના કમાન્ડિંગ ઓફિસર બન્યા હતા.
- તેમણે સેક્ટર કમાન્ડર અને પેરામિલિટરી ફોર્સ આસામ રાઈફલ્સના ઈન્સ્પેક્ટર જનરલ તરીકે પણ સેવા આપી છે.
- લેફ્ટનન્ટ જનરલ તરીકે તેમણે 2022 થી 2024 સુધી પાયદળના મહાનિર્દેશક અને જનરલ ઓફિસર કમાન્ડિંગ ઈન – ચીફ તરીકે સેવા આપી હતી.
- લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીએ તેમની 40 વર્ષની સૈન્ય કારકિર્દીમાં પરમ વિશિષ્ટ સેવા મેડલ, અતિ વિશિષ્ટ સેવા મંડલ અને ત્રણ GOC – in – c કમ્મેન્ડેશન કાર્ડ સહિતની કેટલીક પ્રતિષ્ઠિત લશ્કરી માન્યતાઓથી નવાજવામાં આવ્યા છે.

### Indian Army વિશે....

- સ્થાપના : 1 એપ્રિલ, 1895
- વડુમથક : નવી દિલ્હી
- મુદ્રા (Motto) : सेवा परमो धर्म
- ભારતીય સેના વડા : ઉપેન્દ્ર દ્વિવેદી
- ભારતીય થલ સેના એ ભારતીય સશસ્ત્ર દળોનું સૌથી મોટું સૈન્ય છે. ભારતના રાષ્ટ્રપતિ ભારતીય સેનાના સર્વોચ્ચ કમાન્ડર છે અને સેના સ્ટાફના વડા 4 સ્ટાર ધરાવે છે.

## SSC ના અધ્યક્ષ તરીકે રાકેશ રંજનની નિમણૂક

- મણિપુર કેડરના 1992 બેચના IAS અધિકારી રાકેશ રંજનને સ્ટાફ સિલેક્શન કમિશન (SSC) ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- આ નિમણૂક કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા જારી કરાયેલી સૂચના બાદ કરવામાં આવી છે.

### Staff selection Commission (SSC) વિશે....

- ભારત સરકારે 1975માં ગૌણ સેવા આયોગની રચના કરી હતી, જેનું 1977માં નામ બદલીને સ્ટાફ સિલેક્શન કમિશન (SSC) કરવામાં આવ્યું.
- SSC ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં તથા ગૌણ કચેરીઓ અને એજન્સીઓમાં વિવિધ જગ્યાઓ માટે કર્મચારીઓની ભરતી કરે છે.
- આ કમિશન એ ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગની સંલગ્ન કચેરી છે.
- તેમાં અધ્યક્ષ, બે સભ્યો અને એક સચિવ–ક્રમ – કંટ્રોલર ઓફ એક્ઝામિનેશનનો સમાવેશ થાય છે.


## ભારતીય શાસ્ત્રીય સંગીતકાર રાજીવ તારાનાથનું નિધન

- ભારતીય શાસ્ત્રીય સંગીતકાર અને સરોદ ઉસ્તાદ પંડિત રાજીવ તારાનાથનું તાજેતરમાં નિધન થયું છે.
- રાજીવ તારાનાથ અલી અકબર ખાનના શિષ્ય હતા.
- તેમનો જન્મ 17 ઓક્ટોબર 1932 ના રોજ બેંગલોરમાં થયો હતો.
- તેમણે પિતા પંડિત તારાનાથ પાસેથી ગાયક સંગીતની પ્રારંભિક તાલીમ મેળવી હતી.

**❖ સરોદ વિશે**

- સરોદ એ લ્યૂટ પરિવારનું એક તારવાળું વાદ્ય છે, જેનો ઉપયોગ ભારતીય ઉપખંડમાં હિન્દુસ્તાની સંગીતમાં થાય છે.

- તે અફઘાન રબાનનું અનુકૂલન છે, જે 16મી સદી દરમિયાન ભારતમાં આવ્યું હતું.
- આ સાધનનું આધુનિક સ્વરૂપ 19મી સદીમાં ડિઝાઈન કરવામાં આવ્યું હતું.
- સરોદ 100 સેમી લાંબો છે અને તેનું બોડી હોલો સાગ, સાગવાન અથવા તુન લાકડામાંથી બનેલું છે.
- સરોદ વગાડે છે તેને સરોદિયા કહેવામાં આવે છે અને સરોદ શબ્દ પર્શિયન ગીત અથવા ધૂન માટે વપરાય છે.
- સરોદના તારને ત્રિકોણ આકારના પ્લેક્ટ્રમનો ઉપયોગ કરીને ખેંચવામાં આવે છે, જેને જાવા કહેવામાં આવે છે.






# 11 એવોર્ડ અને પુરસ્કાર

## મેજર રાધિકા સેનને યુએન મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ 2023

- મેજર રાધિકા સેન, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન સ્ટેબિલાઈઝેશન મિશન સાથે સેવા આપતા ભારતીય સૈન્ય શાંતિ રક્ષકને પ્રતિષ્ઠિત 2023 યુએન મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.
- મેજર રાધિકા હિમાચલ પ્રદેશની છે, તેને 2023 માં દક્ષિણ સુદાનમાં ભારતીય રેપિડ ડિપ્લોયમેન્ટ બટાલિયનમાં તૈનાત કરવામાં આવી હતી.
- તે ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં યુએન પીસકીપિંગ ઓપરેશન MONUSCO સાથે કામ કરી રહી છે.
- આ ભૂમિકામાં તેણે અસ્થિર વાતાવરણમાં મિશ્ર – લિંગ જોડાણ પેટ્રોલિંગ અને પ્રવૃતિઓનું નેતૃત્વ કર્યું, મહિલાઓ અને બાળકો સહિત સંઘર્ષથી પ્રભાવિત સમુદાયો સાથે વિશ્વાસ ઉભો કર્યો.
- મેજર સેન આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવનાર બીજા ભારતીય શાંતિ રક્ષક છે. વર્ષ 2019માં મેજર સુમન ગવાન આ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય હતા.




### યુએન મિલિટરી જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ વિશે....

- ડિપાર્ટમેન્ટ ફોર પીસ ઓપરેશન્સની અંદર લશ્કરી બાબતોના કાર્યાલય દ્વારા બનાવવામાં આવેલ આ એવોર્ડ એવા લશ્કરી પીસકીપરને માન્યતા આપે છે જેણે પીસકીપિંગ પ્રવૃત્તિઓમાં લિંગ પરિપ્રેક્ષ્યને શ્રેષ્ઠ રીતે સંકલિત કર્યો હોય.
- પુરસ્કાર મેળવનારની પસંદગી ફોર્સ કમાન્ડરો અને તમામ શાંતિ કામગીરીમાંથી મિશનના વડાઓ દ્વારા આગળ મૂકવામાં આવેલા નોમિનીઓમાંથી કરવામાં આવે છે.
- આ એવોર્ડ મહિલા, શાંતિ અને સુરક્ષા પર યુએન સુરક્ષા પરિષદના ઠરાવ 1325 ના સિદ્ધાંતોને પ્રોત્સાહન આપવા માટે વ્યક્તિગત લશ્કરી શાંતિ રક્ષકના સમર્પણ અને પ્રયત્નોને માન્યતા આપે છે.

## WHO નેલ્સન મંડેલા એવોર્ડ ફોર હેલ્થ પ્રમોશન 2024



- તાજેતરમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરો સાયન્સ (NIMHANS), બેંગલુરુને વર્ષ 2024 માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા આરોગ્ય પ્રમોશન માટે પ્રતિષ્ઠિત નેલ્સન મંડેલા એવોર્ડ એનાયત કરવામા આવ્યો છે.
- તે માનસિક સ્વાસ્થ્ય પડકારનો સામનો કરવા અને તમમ માટે સુલભ માનસિક સ્વાસ્થ્ય સેવાઓ સુનિશ્ચિત કરવા માટે દેશની પ્રતિબદ્ધતા દર્શાવે છે.
- ભારતે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન દ્વારા લગભગ તમામ જિલ્લાઓમાં ટેલી–મેન્ટલ હેલ્થ હેલ્પલાઈન (Tele MANAS) અને માનસિક સ્વાસ્થ્ય એકમોની સ્થાપના સાથે માનસિક સ્વાસ્થ્યમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.


**❖ આરોગ્ય પ્રમોશન માટે WHO નેલ્સન મંડેલા પુરસ્કાર**

- તેની સ્થાપના 2019 માં આફ્રિકન ક્ષેત્રના પ્રધાનોની પહેલ પર કરવામાં આવી હતી.
- વ્યકિતઓ, સંસ્થાઓ અથવા NGO કે જેઓ સ્વાસ્થ્ય પ્રમોશનમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે તેમને આ પુરસ્કાર આપવામાં આવે છે.

### National Institute of Mental Health and Neuro Sciences (NIMHANS) વિશે....

- તે ક્લિનિકલ કેર, શિક્ષણ (અંડરગ્રેજ્યુએટ, પોસ્ટગ્રેજ્યુએટ, PhD પ્રોગ્રામ્સ) અને સંશોધન દ્વારા માનસિક સ્વાસ્થ્ય અને ન્યુરોસાયન્સ બંને પર ધ્યાન કેન્દ્રિત કરતી બહુ – શિસ્ત સંસ્થા છે.
- 1974 માં તેની સ્થાપના કરવામાં આવી.
- 1994 માં ડીમ્ડ યુનિવર્સિટી જાહેર કરી.
- તે NIMHANS એક્ટ, 2012 શીર્ષક ધરાવતા સંસદના અધિનિયમ દ્વારા સંચાલિત છે.
- 2012માં રાષ્ટ્રીય મહત્વની સંસ્થા જાહેર કરી.

## સિદ્ધલિંગા પટ્ટનશેટ્ટીએ ગુડલેપ્પા હલ્લિકેરી એવોર્ડ 2024 જીત્યો



- કવિ અને નાટ્યકાર સિદ્ધલિંગા પટ્ટનશેટ્ટીને ગુડલેપ્પા હલ્લિકેરી મેમોરિયલ ફાઉન્ડેશન, હોસારિતિ (હાવેરી જિલ્લો) દ્વારા 2024 માટે પ્રતિષ્ઠિત ગુડલેપ્પા હલ્લિકેરી એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.
- આ 19 મો પુરસ્કાર છે અને 6 જૂને ગુડલેપ્પા હલ્લિકેરીની જન્મજયંતિના સન્માનમાં આપવામાં આવશે.
- ગુડલેપપા હલ્લિકરી એવોર્ડ એવા લોકોને સન્માનિત કરે છે જેમણે સાહિત્ય, સમાજ અથવા સમાજ સેવામાં નોંધપાત્ર સિદ્ધીઓ મેળવી છે. આ પુરસ્કારમાં રૂા.25,000 રોકડ અને સ્મૃતિચિહ્નનો સમાવેશ થાય છે.

### ❖ સિદ્ધલિંગા પટ્ટનશેટ્ટી

- પ્રસિદ્ધ કવિ – અનુવાદક – કટારલેખક સિદ્ધલિંગા પટ્ટનશેટ્ટીનો જન્મ 1939 માં ધારવાડ નજીકના યાદવાડામાં થયો હતો.
- તેમણે હિન્દીમાં MA, PH.D. કર્યુ અને બાદમાં કર્ણાટક કોલેજમાં હાઈસ્કુલના શિક્ષક અને પ્રોફેસર તરીકે કામ કર્યુ.
- તેઓએ બાળપણમાં જોયેલા નાટકોથી ખૂબ પ્રભાવિત થયા અને અંગ્રેજી, હિંદી, સંસ્કૃત સાહિત્ય અને અનુસંધાનનો અભ્યાસ કર્યો.
- તેમની મુખ્ય કવિતાઓમાં નીના, રી– બંદીદાલા, અપરામપરા અને કુલાઈનો સમાવેશ થાય છે.
- તેમણે અષાઢનો એક દિવસ, સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી ચોરા ચરણદાસ અને મુદ્રારાક્ષસ જેવા નાટકોનો અનુવાદ કર્યો છે.

**ગુડલેપ્પા હલ્લિકેરી વિશે....**

- ભારતીય સ્વાતંત્ર્ય સેનાની ગુડલેપ્પા હલ્લિકેરી કર્ણાટક રાજયના હાવેરી જિલ્લાના હોસરિતીના વતની હતા.
- હોસરિતીમાં તેમણે ગાંધી ગ્રામીણ ગુરૂકુલ, એક નિવાસી શાળાની સ્થાપના કરી હતી.

## SEBI એશિયન બેન્કર દ્વારા 'બેસ્ટ કન્ડક્ટ ઓફ બિઝનેસ રેગ્યુલેટર' એવોર્ડથી સન્માનિત




- સિક્યોરિટિઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) ને તેના નિયમનકારી ઉન્નતિકરણો માટે ધ એશિયન બેન્કર દ્વારા એશિયા – પેસિફિક ક્ષેત્રમાં 'બેસ્ટ કન્ડક્ટ ઓફ બિઝનેસ રેગ્યુલેટર' નો એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- હોંગકોંગમાં આયોજિત સમારોહમાં સેબીના મેમ્બર કમલેશચંદ્ર વાર્શ્નેયે દ્વારા આ એવોર્ડ સ્વીકારવામાં આવ્યો હતો.
- સેબીએ ઘણા મહત્વપૂર્ણ પગલાં લીધા છે જેણે ભારતીય શેરબજારને વધુ કાર્યક્ષમ અને વિશ્વાસપાત્ર બનાવ્યું છે.
- તેની નોંધપાત્ર સિદ્ધિઓમાં T + 1 સેટલમેન્ટ ચક્રની રજૂઆતનો સમાવેશ થાય છે. આ તબક્કાવાર પહેલ, જે 2021 માં શરૂ થઈ હતી અને જાન્યુઆરી 2023 સુધીમાં સંપૂર્ણ રીતે લાગૂ કરવામાં આવી હતી.
- રોકાણકારોને વેપાર પછીના તેમના ભંડોળને એક્સેસ કરવા માટે જરૂરી સમયને નોંધપાત્ર રીતે ઘટાડી દીધો છે જેથી બજારની તરલતા અને કાર્યક્ષમતામાં વધારો થયો છે.
- એશિયન બેન્કરે SEBI ને તેના નિયમો અને નવીન પ્રથાઓના સખત અમલ માટે માન્યતા આપી.


**The Asian Banker વિશે....**

- એશિયન બેન્કર પરંપરાગત બેન્કો, ડિજિટલ ડિસપ્ટર્સ, ફિનટેક અને પ્લેટફોર્મ પ્લેયર્સ સહિત નાણાકીય સેવાઓ ઉદ્યોગના ખેલાડીઓ વચ્ચે સમુદાયને પ્રોત્સાહન આપવા માટે પ્લેટફોર્મ બનાવે છે.
- તે નાણાકીય ઉત્પાદનો અને ઉકેલોના વિતરણમાં ઉચ્ચ ધોરણો સ્થાપિત કરવા માટે રેન્કિંગ અને રેટિંગ્સ પ્રદાન કરે છે.

**Securities and Exchange Board of India (SEBI) વિશે....**

- SEBI એ 'સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા એકટ, 1992' હેઠળ સ્થાપિત એક વૈધાનિક સંસ્થા છે.
- SEBIએ અર્ધ–ન્યાયિક સંસ્થા તરીકે કાર્ય કરે છે જેમાં નિયમોનો મુસદ્દો તૈયાર કરવા, પૂછપરછ હાથ ધરવી, ચુકાદાઓ જાહેર કરવા અને દંડ લાદવાની સત્તા છે.
- તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય રોકાણકારોના હિતોનું રક્ષણ કરવાનો, ગેરરિતીઓને અટકાવવાનો અને બજારોની યોગ્ય અને ન્યાયી કામગીરીને સુનિશ્ચિત કરવાનો છે.
- વડુમથક – મુંબઈ
- મંત્રાલય – નાણામંત્રાલય
- અધ્યક્ષ – માધવીપુરી બુચ

## કાવલી પુરસ્કાર (Kavli Prize)





- તાજેતરમાં આઠ વૈજ્ઞાનિકોને એસ્ટ્રોફિઝિક્સ, ન્યુરોસાયન્સ અને નેનો સાયન્સમાં તેમના યોગદાન માટે 2024 કાવલી પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.
- આ વર્ષે પુરસ્કાર એનાયત કરાયેલા તમામ આઠ વૈજ્ઞાનિકો અમેરિકાની અગ્રણી યુનિવર્સિટીઓમાં પ્રોફેસર છે.
  - **કાવલી પુરસ્કાર 2024 વિજેતાઓ**
  - **એસ્ટ્રોફિઝિક્સ**
  - ડેવિડ ચાર્બોન્યુ અને સાર સીગરને એક્સોપ્લેનેટ અને તેમના વાતાવરણની શોધ અને લાક્ષણિકતા માટે
  - તેઓએ ગ્રહોના વાતાવરણમાં અણુ પ્રજાતિઓની શોધ અને તેમના થર્મલ ઈન્ફ્રારેડ ઉત્સર્જનના માપન માટેની પદ્ધતિઓ ઘડી હતી.
  - **ન્યુરોસાયન્સ**
  - રોબર્ટ લેંગર ને નિયંત્રિત દવા વિતરણ પ્રણાલી માટે નેનો એન્જિનિયરિંગ માટે
  - આર્માન્ડ પોલ અલીવિસાટોસને બાયો – ઈમેજિંગ માટે સેમિકન્ડક્ટર ક્વોન્ટમ બિંદુઓનો વિકાસ માટે
  - ચાડ મિર્કિનને જનીન નિયમન અને ઈમ્યુનોથેરાપીમાં એપ્લિકેશન માટે Spherical nucleic acids (SNAs) નો ખ્યાલ વિકસાવવા માટે.
  - **ન્યુરોસાયન્સ**
  - નેન્સી કનવિશર, વિનરિચ ફ્રિવાલ્ડ અને ડોરિસ ત્સાઓને ન્યુરોઈમેજિંગ અને ન્યુરોનલ રેકોર્ડિંગ તકનીકોનો ઉપયોગ કરીને ચહેરાની ઓળખ સાથે સંબંધિત મગજના કાર્યોનું મેપિંગ, ચહેરાની પ્રક્રિયામાં સામેલ મગજના કેન્દ્રો અને ન્યુરલ આર્કિટેક્ચરની ઓળખ કરવી માટે

### કાવલી પુરસ્કાર વિશે....

- કાવલી પુરસ્કાર એ એક આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે જે વૈજ્ઞાનિકોને એસ્ટ્રોફિઝિક્સ, નેનોસાયન્સ અને ન્યુરોસાયન્સના ક્ષેત્રોમાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે માન્યતા આપે છે.
- આ પુરસ્કાર દ્વિવાર્ષિક ધોરણે આપવામાં આવે છે, તેની શરૂઆત 2008 માં કરવામાં આવી હતી.
- પુરસ્કારનું નામ નોર્વેજીયન – અમેરિકન ઉદ્યોગપતિ અને પરોપકારી ફ્રેડ કાવલીના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- કાવલી ફાઉન્ડેશન અને નોર્વેજીયન શિક્ષણ અને સંશોધન મંત્રાલયની ભાગીદારીમાં નોર્વેજીયન શિક્ષણ અને સંશોધન મંત્રાલયની ભાગીદારીમાં નોર્વેજીયન એકેડેમી ઓફ સાયન્સ એન્ડ લેટર્સ દ્વારા પુરસ્કાર આપવામાં આવે છે.
- કાવલી પુરસ્કાર એસ્ટ્રોફિઝિક્સ, ન્યુરોસાયન્સ અને નેનોસાયન્સ ના ક્ષેત્રોમાં નોબેલ સમાન છે.
- નોબેલ પુરસ્કાર અગાઉના વર્ષ દરમિયાન કરવામાં આવેલી સિદ્ધિઓ માટે આપવામાં આવે છે, જયારે કેવલી પુરસ્કાર અગાઉના વર્ષમાં કરવામાં આવેલી સિદ્ધિઓના પ્રતિબંધો વિના હાલની સિદ્ધિઓને માન્યતા આપે છે.

## સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર અને બાળ પુરસ્કાર 2024




- તાજેતરમાં સાહિત્ય અકાદમી દ્વારા 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2024' અને 'બાળ સાહિત્ય પુરસ્કાર 2024' ની જાહેરાત કરવામાં આવી છે.
- પ્રતિષ્ઠિત જ્યુરી સભ્યો દ્વારા ભલામણ કરાયેલ પુરસ્કારોને સાહિત્ય અકાદમીના એક્ઝિક્યુટિવ બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા.
- જેની બેઠક 15 જૂન 2024 ના રોજ સાહિત્ય અકાદમીના પ્રમુખ માધવ કૌશિકની અધ્યક્ષતામાં મળી હતી.
  - **સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર**
  - સાહિત્ય અકાદમી દ્વારા કુલ 24 ભાષાઓમાં અપાતા પુરસ્કારોમાંથી 23 ભાષાના પુરસ્કારની જાહેરાત કરી હતી. સંસ્કૃત ભાષાના પુરસ્કારોની જાહેરાત પાછળથી કરવામાં આવશે.

| ભાષા | વિજેતા / લેખક | કૃતિ |
|---|---|---|
| અંગ્રેજી | કે. વૈશાલી | Homeless : Growing up Lesbian and Dyslexic in India (સંસ્મરણ) |
| હિન્દી | ગૌરવ પાંડે | સ્મૃતિઓ કે બીચ ઘિરી હે પૃથ્વી (કવિતા) |
| ગુજરાતી | રિંકુબેન રાઠોડ | .... તો તમે રાજી (ગઝલ) |

### ❖ બાળ સાહિત્ય પુરસ્કાર 2024

| ભાષા | વિજેતા / લેખક | કૃતિ |
|---|---|---|
| અંગ્રેજી | નંદિની સેન ગુપ્તા | The Blue Horse and other Amazing Animal Stories from Indian History (ઐતિહાસિક સાહિત્ય) |
| હિન્દી | દેવેન્દ્ર કુમાર | 51 બાલ કહાનિયા (વાર્તા) |
| ગુજરાતી | ગીરા પિનાકિન ભટ્ટ | હસતી હવેલી (વાર્તા સંગ્રહ) |

**સાહિત્ય અકાદમી વિશે....**

- 'નેશનલ એકેડમી ઓફ લેટર્સ' તરીકે પણ ઓળખાય છે.
- આ સંસ્થા રવિન્દ્રભવન, નવી દિલ્હી ખાતે આવેલી છે.
- ભારતમાં થતી સાહિત્યિક ગતિવિધિઓના પોષણ અને સમન્વય માટે ભારત સરકાર દ્વારા 12 માર્ચ 1954ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

## IPBES એ બ્લુ પ્લેનેટ પ્રાઈઝ જીત્યું




- તાજેતરમાં Intergovernmental Platform on Biodiversity and Ecosystem Services (IPBES) એ 2024 માટે બ્લુ પ્લેનેટ પ્રાઈઝ જીત્યું.
- IPBES ને 'જૈવવિવિધતા, ઈકોસિસ્ટમ સેવાઓ અને લોકો માટે પ્રકૃતિના યોગદાન વિશે જ્ઞાન અને વિજ્ઞાનની સ્થિતિ પર અગ્રણી વૈશ્વિક સત્તા' તરીકે એનાયત કરવામાં આવ્યો હતો.
- અન્ય પુરસ્કાર મેળવનાર રોબર્ટ કોસ્ટાન્ઝા છે જે ઈકોલોજિકલ અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં તેમના યોગદાન માટે છે.

### ❖ IPBES વિશે

- જૈવવિવિધતા અને ઈકોસિસ્ટમ સેવાઓ માટે વિજ્ઞાન – નીતિ ઈન્ટરફેસને મજબૂત બનાવવાનો હેતુ એક સ્વતંત્ર આંતર– સરકારી સંસ્થા છે.
- પનામા શહેરમાં 2012 માં 94 સરકારો (ભારત સહિત) દ્વારા સ્થાપના કરવામાં આવી હતી.
- હાલમાં 145 થી વધુ સભ્યો દેશો છે.
- સચિવાલય – બોન, જર્મની
- ધ્યેય :– નીતિ સંબંધિત જ્ઞાન પ્રદાન કરવા અને સરકારી, ખાનગી ક્ષેત્ર અને નાગરિક સમાજમાં તમામ –સ્તરે જ્ઞાન – આધારીત નીતિઓના અમલીકરણને ઉત્પ્રેરિત કરવા માટે તમામ વૈજ્ઞાનિક શાખાઓ અને જ્ઞાન સમુદાયોમાંથી શ્રેષ્ઠ કુશળતા પ્રદાન કરવા.
- તે યુનાઈટેડ નેશન્સ બોડી નથી, જો કે યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) IPBES ને સચિવાલય સેવાઓ પૂરી પાડે છે.

**બ્લુ પ્લેનેટ પ્રાઈઝ વિશે....**

- તેની સ્થાપના 1992 માં કરવામાં આવી હતી, જે રિયો અર્થ સમિટનું વર્ષ હતું.
- આ પુરસ્કાર જાપાનના અસાહી ગ્લાસ ફાઉન્ડેશન દ્વારા વૈજ્ઞાનિક સંશોધનમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ અને વૈશ્વિક પર્યાવરણીય સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરનાર તેની એપ્લિકેશન માટે દર વર્ષે આપવામાં આવે છે.
- દર વર્ષે બે વિજેતાઓની પસંદગી કરવામાં આવે છે અને ઈનામમાં USD 5,00,000 નો પુરસ્કાર સામેલ છે.

## IIIT – દિલ્હીએ એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્ટ પ્રોજેક્ટ માટે પુરસ્કાર જીત્યો

- ઈન્દ્રપ્રસ્થ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, દિલ્હી (IIT – Delhi) દ્વારા એક પ્રોજેક્ટને એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR) ના વધતા જતા ખતરાનો સામનો કરવા માટેની ટ્રિનિટી ચેલેન્જની બીજી સ્પર્ધામાં સંયુક્ત બીજું ઈનામ જીત્યું છે.
- 'AMRSense : Empowering Communities with a Proative One Health Ecosystem' તરીકે ઓળખાતો આ પ્રોજેક્ટ AMR ની દેખરેખ અને નિયંત્રણને સુધારવા માટેની પદ્ધતિઓની વિશાળ શ્રેણી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- CHRI – PATH, ઓનલોઈન ફાર્મસી 1 mg.com અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) જેવા આરોગ્ય સંભાળમાં મહત્વના લોકોએ IIIT – દિલ્હી ખાતે તવપ્રિતેશ સેઠી સાથે પ્રોજેક્ટ પર કામ કર્યું.



- **AMRSence પ્રોજેક્ટના મુખ્ય ઘટકો**
  - **સામુદાયિક જોડાણ**
    - સામુદાયિક આરોગ્ય કાર્યકરો (CHWs) ને AI - સંચાલિત સાધનો આપીને વધુ શક્તિ આપો જે ડેટા સંગ્રહને વધુ સચોટ અને સરળ બનાવે છે.
  - **ડેટા એકિકરણ**
    - એન્ટિબાયોટિક્સના વેચાણ અને ઉપયોગ પરના ડેટાને જોડીને અને WHONet - સુસંગત મોનિટરિંગ સિસ્ટમ બનાવીને AMR માટે એકીકૃત ડેટા ઈકોસિસ્ટમ બનાવો.
  - **અનુમાનિત વિશ્લેષણ**
    - AMR પેટર્ન અને વલણોનું વધુ સંપૂર્ણ ચિત્ર મેળવવા માટે વિવિધ આરોગ્ય ઈકોસિસ્ટમના વિશ્લેષણને ભેગું કરો.
  - **AMRaura સ્કોરકાર્ડ**
    - આ ભાગ AMR વલણો પર નજર રાખવા અને તેનું મૂલ્યાંકન કરવા વિશે છે જે લક્ષ્યાંકિત હસ્તક્ષેપો બનાવવામાં અને ડેટા આધારિત પદ્ધતિઓ કામ કરે છે તે દર્શાવવામાં મદદ કરે છે.

Banking Academy


તાજેતરમાં જાહેર થયેલ Police Constable ની ભરતીમાં અમારી સફળતા
Once again Banking Academy shining
પોલીસ કોન્સ્ટેબલ Result - 2022
૨૦૨૨ માં પણ હંમેશા ની જેમ ગુજરાતમાં
શ્રેષ્ઠ રિઝલ્ટ આપવામાં અગ્રેસર
BHOOMI PATEL
JAYESH VALA
ALKESH VASAVA
VISHAL VALVI
AMIT GADHADARA
PRATIKBHAI GAMIT
HIRAL CHAUDHARI
PANKAJ CHAUDHARI
ALKESH CHAUDHARI
SANGITA GAMIT
NIRANJANA GAIN
VIRAL PATEL
ROHIT SHIMPI
Heartiest Congratulations
ADMISSION OPEN
GPSC I/II
ના.મામલતદાર
PSI/ASI
તલાટી
કોન્સ્ટેબલ
બિન સચિવાલય
TET I/II
તૈયારી માટેના નવા વર્ગો ટૂંક સમયમાં શરૂ
Our Branches
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (ઉધના) Ph. : 70461 40555
સુરત (વરાછા) Ph. : 70464 16555
સુરત (કતારગામ) Ph. : 70466 31555

# 12 મહત્વના દિવસો

## 1 – જૂન : વિશ્વ દૂધ દિવસ (World Milk Day)




- સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 જૂનના રોજ 'વિશ્વ દૂધ દિવસ' (World Milk Day) ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ડેરી ક્ષેત્રના વિકાસ, દૂધ ઉત્પાદન પ્રવૃત્તિઓ અને દૂધના પોષક મૂલ્યોના મહત્વને પ્રોત્સાહન આપવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) દ્વારા વર્ષ 2001થી દર વર્ષે 1 જૂને આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં દર વર્ષે 26 નવેમ્બરના રોજ ડૉ. વર્ગિસ કુરિયનના જન્મદિન નિમિત્તે 'રાષ્ટ્રીય દૂધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## 3 – જૂન : વિશ્વ સાયકલ દિવસ (World Bicycle Day)

- દર વર્ષે 3 જૂનના રોજ વિશ્વ સાયકલ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય ટકાઉ વિકાસને પ્રોત્સાહિત કરવા બાળકો અને યુવાઓ માટે શારીરિક શિક્ષણ મજબૂત કરવા. આરોગ્યને પોત્સાહન આપવા રોગને અટકાવવા સહનશીલતાને વધારવા, પરસ્પર સમજણ અને સામાજીક સમાવેશને સરળ બનાવવાના સાધન તરીકે સાયકલના ઉપયોગ પર ભાર મૂકવાનો છે.
- સંયુકત રાષ્ટ્ર સામાન્ય સભાએ એપ્રિલ 2018 માં પર્યાવરણની રક્ષા અને આરોગ્યને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 3 જૂનને વિશ્વ સાયકલ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.
- 3 જૂન, 2018 ના રોજ સૌપ્રથમવાર વિશ્વ સાયકલ દિવસ ઉજવવામાં આવ્યો હતો.




## 5 – જૂન : વિશ્વ પર્યાવરણ દિવસ (World Environment Day)

- દર વર્ષે 5 જૂનના રોજ વિશ્વ પર્યાવારણ દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ 'Land Restoration, Desertification and Drought Resilience'
- આ થીમ UNEP (United Nation Environment Programme) દ્વારા જાહેર કરવામાં આવી છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય પર્યાવરણ સંરક્ષણના મહત્વને કેન્દ્રમાં રાખી ટકાઉ ભવિષ્ય માટે દરેક વ્યક્તિને સકારાત્મક પગલા લેવા પ્રોત્સાહિત કરી પર્યાવરણ જાળવણી પ્રત્યે લોકજાગૃતિ વધારવાનો છે.
- 15 ડિસેમ્બર 1972ના રોજ સયુકત રાષ્ટ્ર સામાન્ય સભા દ્વારા ઠરાવ પસાર કરીને 5 જૂનના રોજ આ દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.
- વર્ષ 1973 માં સૌપ્રથમ વખત આ દિવસ ઉજવવામાં આવ્યો હતો.
- દર વર્ષે સંયુકત રાષ્ટ્ર વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી માટે યજમાન દેશ પસંદ કરે છે. વર્ષ 2024માં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની યજમાની સાઉદી અરેબિયા કરશે. રિયાધ ખાતે તેની ઉજવણી કરવામાં આવશે.




Banking Academy

## 7 – જૂન : વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ (World Food Safety Day)




- દર વર્ષે 7 જૂનના રોજ વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Food Safety : Prepare for the Unexpected"
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સલામત આહારના ધોરણોને જાળવવા માટે લોકજાગૃતિ લાવવાનો અને ખોરાકજન્ય રોગોના કારણે થતા મૃત્યુના પ્રમાણમાં ઘટાડો કરવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ડિસેમ્બર 2018માં ખાદ્ય અને કૃષિ સંસ્થા (FAO)ના સહયોગથી 7 જૂનને વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે.
- સૌ પ્રથમ વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ 7 જૂન 2019ના રોજ ઉજવવામાં આવ્યો હતો.
- World Food Dayની ઉજવણી દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ કરવામાં આવે છે.

## 8 – જૂન : વિશ્વ મહાસાગર દિવસ (World Ocean Day)




- દર વર્ષે 8 જૂનના રોજ વિશ્વ મહાસાગર દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Awakan New Depths" છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય માનવ જીવન અને સમગ્ર જીવસૃષ્ટિ માટે મહાસાગરનું મહત્વ અને આવનારા પડકારો અંગે લોકજાગૃતિ લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ ડિસેમ્બર, 2008માં એક ઠરાવ પસાર કરીને 8 જૂનને વિશ્વ મહાસાગર દિવસ તરીકે ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી.
- સૌપ્રથમ આ દિવસની ઉજવણી 8 જૂન 2009ના રોજ કરવામાં આવી હતી.

## 12 – જૂન : વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ (World Day Against Child Labour)





- દર વર્ષે 12 જૂનના રોજ વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસનું આયોજન કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Lets Act on our Commitments : End Child Labour" છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વભરમાં બાળ મજૂરી નાબૂદ કરવા માટે લોક જાગૃતિ લાવવાનો છે.
- વર્ષ 2002માં બાળ મજૂરી અંગે જાગૃતિ લાવવા આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) દ્વારા 12 જૂનને બાળ મજુરી વિરોધી દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ 2021ને બાળમજૂરી નાબૂદ કરવા માટેનું આંતરરાષ્ટ્રીય વર્ષ જાહેર કરવામાં આવ્યું હતું.

## 13 – જૂન : આંતરરાષ્ટ્રીય અલ્બિનિઝમ જાગૃતિ દિવસ (International Albinism Awareness Day)




- દર વર્ષે 13 જૂનના રોજ આંતરરાષ્ટ્રીય અલ્બિનિઝમ જાગૃતિ દિવસનું આયોજન કરવામાં આવે છે.
- અલ્બિનિઝમથી પીડિત વ્યકિતઓ વિરુદ્ધ થતા હુમલા અને ભેદભાવ રોકવા માટે લોકજાગૃતિ લાવવાનો છે.
- સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભામાં 18 ડિસેમ્બર, 2014ના રોજ એક ઠરાવ પસાર કરીને આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ સૌપ્રથમ વખત વર્ષ 2015માં ઉજવવામાં આવ્યો હતો.
- અલ્બિનિઝમ એ જન્મજાત દુર્લભ, બિનચેપી તેમજ આનુવંશિક રૂપે વારસાગત મળતો વિકાર છે. જેમાં ત્વચા, વાળ અને આંખોમાં રંગદ્રવ્ય મેલેમિનની આંશિક અથવા સંપૂર્ણ ગેરહાજરી જોવા મળે છે.

## 14 – જૂન : વિશ્વ રક્તદાતા દિવસ (World Blood Donor Day)





- દર વર્ષે 14 જૂનના રોજ વિશ્વ રક્તદાતા દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "20 Years of Celebrating Giving : Thank you Blood Donors !"
- પ્રસિદ્ધ વૈજ્ઞાનિક 'કાર્લ લેન્ડસ્ટેઈનર'ની યાદમાં તેમની જન્મ તારીખ 14 જૂનના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય રક્તદાનના મહત્વ અંગે લોકજાગૃતિ આપતા રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવાનો છે.
- સૌ પ્રથમવાર વર્ષ 2004માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન, આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ સંઘ અને રેડ ક્રિસેટ સોસાયટી દ્વારા 14 જૂનને વિશ્વ રક્તદાતા દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.
- ચિકિત્સા વિજ્ઞાન મુજબ કોઈ પણ સ્વસ્થ વ્યકિત જેની ઉંમર 17 થી 60 વર્ષની વચ્ચે હોય તેમજ વજન 45 કિલોગ્રામથી વધુ હોય અને HIV કે AIOS જેવા રોગ ન હોય તેવી વ્યકિત રક્તદાન કરી શકે છે.
- સામાન્ય રીતે પુરુષો દર ત્રણ મહિને અને સ્ત્રીઓ દર ચાર મહિને રક્તદાન કરી શકે છે.

## 15 – જૂન : વિશ્વ દુર્વ્યવહાર જાગરૂકતા દિવસ (World Elder Abuse Awareness Day)




- દર વર્ષે 15 જૂનના રોજ વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગરૂકતા દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વમાં વૃદ્ધો સાથે થતાં દુર્વ્યવહારને રોકવા માટે લોક જાગૃતિ લાવવાનો છે.
- સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા ડિસેમ્બર 2011માં ઠરાવ પસાર કરીને આ દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.
- સૌપ્રથમવાર આ દિવસ 15 જૂન 2012ના રોજ ઉજવવામાં આવ્યો હતો.

## 17 – જૂન : વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ (World Day to Combat Desertification and Drought)




- દર વર્ષે 17 જૂનના રોજ વિશ્વ રસીકરણ અને દુષ્કાળનો સામનો કરવા માટેનો દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "United for Land : Legacy our Futur" છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય રણના વિસ્તરણ અને દુષ્કાળના પરિણામો પ્રત્યે અસરકારક રીતે સામનો કરી વિશ્વ સમુદાયમાં જાગૃતિ લાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ 1994 માં ઠરાવ પસાર કરીને આ દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી.
- આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 1995માં ઉજવવામાં આવ્યો હતો.
- SDG માટે વર્ષ 2030 એજન્ડામાં પૃથ્વીને ધોવાણથી બચાવવાનો સમાવેશ થાય છે. SDG 15 નો ઉદ્દેશ જમીનની અધોગતિ રોકવાનો છે.


## 19 – જૂન : વિશ્વ સિકલ સેલ દિવસ (World Sickle Cell Day)

- દર વર્ષે સમગ્ર વિશ્વમાં 19 જૂનના રોજ વિશ્વ સિકલ સેલ દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સિકલ સેલના રોગથી પીડાતા લોકોને યોગ્ય સારવાર આપવા અને રોગ અંગે જાગૃતિ લાવવાનો છે.
- સંયુકત રાષ્ટ્ર (UN) ની સામાન્ય સભાએ 22મી ડિસેમ્બર, 2008ના રોજ ઠરાવ પસાર કરી 19 જૂનના રોજ વિશ્વ સિકલ સેલ દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી.
- સૌપ્રથમ આ દિવસ વર્ષ 2009માં ઉજવવામાં આવ્યો હતો.





- સિકલ સેલ એ આનુવંશિક રોગ છે, જે માતા – પિતાના માધ્યમથી બાળકમાં ફેલાય છે.
- તે માનવ શરીરના લાલ રક્તકણોને અસર કરતી બિમારી છે.
- સિકલ સેલ માનવ શરીરના સામાન્ય રીતે ગોળાકાર અને લચીલા લોહીના કોષોને સખત અને સિકલ આકારનું બનાવે છે. જેના લીધે રકતકણો પૂરતા પ્રમાણમાં ઓક્સિજન લઈ શકતા નથી.
- સિકલ સેલ એનેમિયામાં લાલ રક્તકણોનો આકાર અર્ધચંદ્રાકાર જેવા થઈ જાય છે અને લોહીનો અભાવ જોવા મળે છે. આ રોગ ચેપથી ફેલાતો નથી.
- સિકલ સેલના લીધે માનવ શરીરમાં હૃદય હુમલા, અંધત્વ અને હાડકાનું ભંગાણ જેવા જોખમો વધી જાય છે.

## 20 – જૂન : વિશ્વ શરણાર્થી દિવસ (World Refugee Day)




- દર વર્ષે 20 જૂનના દિવસે વિશ્વ શરણાર્થી દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ – “For a World where Refugees are welcomed” છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિવિધ દેશોના શરણાર્થીઓની સમસ્યા સમજીને તેમને મદદ કરવાનો છે.
- સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભામાં (4) ડિસેમ્બર, 2000ના રોજના આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ સૌ પ્રથમવાર વર્ષ 2001માં ઉજવવામાં આવ્યો હતો.

## 21 – જૂન : આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (International Day of Yoga)




- દર વર્ષે 21 જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ “Yoga for Self and Society”
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં યોગના ફાયદાઓ વિશે જાગૃતિ લાવવાનો અને સામૂહિક વિકાસને ઉત્તેજન આપવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 27 સપ્ટેમ્બર, 2014ના રોજ યોગ દિવસનો વિચાર રજૂ કર્યો હતો. ત્યારબાદ ભારતના આ ઠરાવને સંયુક્ત રાષ્ટ્રના 177 દેશોનો ટેકો મળ્યો હતો.
- જે સંયુક્ત રાષ્ટ્રના કોઈપણ ઠરાવ માટેનો સૌથી મોટો સહયોગ હતો.

### ❖ વર્ષ 2024ની ઉજવણી

- 21 જૂન 2024ના રોજ 10માં યોગ દિવસના કાર્યક્રમનું આયોજન ભારતમાં આયુષ મંત્રાલય દ્વારા જમ્મુ–કાશ્મીરના શ્રીનગરમાં શેર–એ–કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ કાર્યક્રમનું નેતૃત્વ કર્યુ અને યોગસત્રમાં ભાગ લીધો તથા દાલ તળાવ ખાતે શ્રીનગરના નાગરિકોને સંબોધિત કર્યા.
- કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે અમદાવાદમાં યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.
- વર્ષ 2024માં રાજ્યકક્ષાના યોગ દિવસની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગુજરાતના બનાસકાંઠાના સરહદી ગામ નડાબેટ ખાતે કરવામાં આવી.

### ❖ યોગ

- યોગ શબ્દ સંસ્કૃત શબ્દ તુજા પરથી ઉદ્દ્ભવ્યો છે. જેનો અર્થ જોડાવું અથવા એક થવું થાય છે.
- યોગનો ઉદ્દ્ભવ ભારતમાં (5)મી સદીમાં થયો હતો.
- મહર્ષિ પતંજલિને યોગના જનક કહેવામાં આવે છે. તેમણે 195 યોગસૂત્રને સંકલિત કરી યોગદર્શનની રચના કરી હતી.
- માનસિક અને શારીરિક રોગોને દૂર કરી, તંદુરસ્તી જાળવવામાં મદદ માટે જાણીતી એવી યોગપ્રથા પૂર્વ વૈદિક ભારતીય પરંપરાઓમાં અપનાવવામાં આવી છે.
- પ્રાચીન કથા અનુસાર 21 જૂનના દિવસે પ્રથમ યોગી ભગવાન શિવે માનવજાતને યોગનું મહત્વ સમજાવવાનું શરૂ કર્યું હતું.

## 23 – જૂન : વિશ્વ ઓલિમ્પિક દિવસ (World Olympic Day)

- દર વર્ષે 23 જૂનના રોજ વિશ્વ ઓલિમ્પિક દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય લિંગ, વય અને રમતવીરની ક્ષમતાના કોઈ ભેદભાવ વિના વિશ્વભરમાં વિવિધ રમતોમાં રમતવીરોની ભાગીદારી વધારવાનો તેમજ લોકોમાં આરોગ્ય અને રમતગમત પ્રત્યે જાગૃતિ લાવવાનો છે.
- 23 જૂન, 1894 પેરિસ (ફ્રાન્સ) માં આધુનિક રમતોની શરૂઆત કરવામાં આવી હતી. તેથી તેની યાદમાં વર્ષ 1948થી આ દિવસ ઉજવવામાં આવે છે.





### ❖ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC)

- તેની સ્થાપના 23 જૂન 1894માં કરવામાં આવી હતી.
- તેની સત્તાવાર ભાષા ફ્રેન્ચ અને અંગ્રેજી છે.
- મુખ્યાલય : લોસાને, સ્વિત્તઝર્લેન્ડ
- ઓલિમ્પિક ખેલ પ્રકારોમાં સમર ઓલિમ્પિક, વિન્ટર ઓલિમ્પિક, પેરાલિમ્પિક અને યુથ ઓલિમ્પિક નો સમાવેશ થાય છે.
- આ રમતમાં મહિલાઓ અને ટ્રાન્સજેન્ડર ખેલાડીઓને રમવાની તક અનુક્રમે વર્ષ 1900 ખાતે વર્ષ 2015 માં આપવામાં આવી છે.

## 26 – જૂન : નશીલા પદાર્થોના દૂરૂપયોગ અને ગેરકાયદેસર હેરફેર વિરૂદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Drug Abuse and Illicit Trafficking)

- દર વર્ષે 26 જૂનના રોજ નશીલા પદાર્થોના દુરૂપયોગ અને ગેરકાયદેસર હેરફેર વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "The Evidence is clear : Invest in Prevention"
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં સકારાત્મક અભિગમ કેળવી નશીલા પદાર્થોના દુરૂપયોગ અને ગેરકાયદેસર હેરફેરને અટકાવવાનો છે.
- સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભાએ 7 ડિસેમ્બર 1987ના રોજ ઠરાવ પસાર કરી 26 જૂનના રોજ આ દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરી હતી.
- આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 1988માં ઉજવવામાં આવ્યો હતો.
- United Nations World Drug Report અનુસાર વિશ્વમાં ગેરકાયદેસર દવાઓનું મૂલ્ય પ્રતિ વર્ષ 322 બિલિયન અમેરિકન ડૉલર છે.





## 27 – જૂન : સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ દિવસ (Micro, Small and Medium Sized Enterprises (MSME) Day

- દર વર્ષે 27 જૂનના રોજ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2024ની MSME દિવસની થીમ 'MSMEs and SDG : Leveraging Power and Resilience of MSMEs to Accelerate Sustainable Development and Eradicate Poverty in Times of Multiple Crises' છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વર્ષ 2030ના સતત વિકાસ માટેના લક્ષ્યાંકો (SDG)ને પ્રાપ્ત કરવા માટે લોકોમાં જાગૃતતા લાવવાનો તેમજ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગમાં મહિલા અને યુવાનોની ભાગીદારી વધારવાનો છે.





- સંયુકત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા 6 એપ્રિલ 2017ના રોજ ઠરાવ પસાર કરી 27 જૂનને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગના દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- સૌપ્રથમ વખત આ દિવસ વર્ષ 2017માં ઉજવવામાં આવ્યો હતો.

## 29 – જૂન : રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ (National Statics Day)




- દર વર્ષે 29 જૂનના રોજ ભારત સરકાર દ્વારા આ દિવસ ઉજવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની થીમ "Use of Data for Decision making"
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય રોજીંદા જીવનમાં આંકડાશાસ્ત્રના ઉપયોગને લોકપ્રિય બનાવવાનો અને દેશના સામાજિક–આર્થિક આયોજન તથા નીતિ નિર્માણમાં આંકડાકીય માહિતીના મહત્વ અંગે લોકજાગૃતિ લાવવાનો છે.
- ભારતીય આંકડાકીય પ્રણાલીના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર પી.સી. મહાલનોબિસની યાદમાં વર્ષ 2007થી તેમની જન્મજયંતિ નિમિત્તે 29 જૂનના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે.
- વર્ષ 2007માં સૌપ્રથમવાર આ દિવસ ઉજવવામાં આવ્યો હતો.

## 30 – જૂન : આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ (International Day of Parliamenterism)




- દર વર્ષે 30 જૂનના રોજ આંતરરાષ્ટ્રીય સંસદિયતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વના વિભિન્ન દેશોની સંસદો અને સાંસદો સાથે કામ કરીને લોકતાંત્રિક મૂલ્યોને સ્થાપિત કરવાનો અને તેના મહત્વ અંગે લોકજાગૃતિ લાવવાનો છે.
- 30 જૂન 1889ના રોજ આંતરરાષ્ટ્રીય સ્તરે સંસદીય કાર્યપ્રણાલી માટે ઈન્ટર પાર્લામેન્ટ્રિ યુનિયનની સ્થાપના કરવામાં આવી હતી. આથી 30 જૂનની પસંદગી કરવામાં આવી છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ વર્ષ 2018માં 30 જૂનના રોજ આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ ઉજવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસ સૌપ્રથમવાર વર્ષ 2019માં ઉજવવામાં આવ્યો હતો.
- વર્તમાન સમયે વિશ્વના આશરે 193 દેશોમાં સંસદીય વ્યવસ્થા અસ્તિત્વમાં છે.

Banking Academy

# 13 Facts.... Inshort

1. તાજેતરમાં કયા દેશે ચલણની અસ્થિરતા અને અતિ ફુગાવાને ઘટાડવાના પ્રયાસરૂપે નવી – ગોલ્ડ સમર્થિત ચલણ (ZiG) બહાર પાડી છે? – **ઝિમ્બાબ્વે**
2. તાજેતરમાં કઈ કંપની બોમ્બે સ્ટોક એક્સચેન્જના સેન્સેક્સમાં સામેલ થનારી અદાણી ગ્રુપની પ્રથમ કંપની બની? – **અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ)**
3. તાજેતરમાં કઈ સંશોધન સંસ્થાઓ કોન્ટેક્ટલેસ વોલ્ટેજ માપન ઉપકરણની તેમની નવીન ડિઝાઈન માટે પેટન્ટ મેળવી છે? – **કોલેજ ઓફ એન્જિનિયરિંગ તિરુવનંતપુરમ (CET) અને IIT મદ્રાસ**
4. 'વન પર્સન, વન ફાઈલ (OPOF)' એ કયા દેશની સરકાર દ્વારા સૂચવવામાં આવેલ એક પ્રોગ્રામ છે જે ડિજિટલ સર્વેલન્સ અને સેન્સરશીપને વધુ કડક બનાવશે? – **ચીન**
5. તાજેતરમાં OpenAI એ સમાચાર પ્રકાશનોની સામગ્રીની એક્સેસ મેળવવા માટે કયા મીડિયા સમૂહ માટે કરાર કર્યા છે? – **ન્યૂઝ કોર્પ**
6. રશિયા સામે યુક્રેનના સંરક્ષણને મજબૂત કરવા માટે કયા દેશે બે સાબ એરબોર્ન સર્વેલન્સ એન્ડ કંટ્રોલ (ASC) 890 એરક્રાફ્ટના દાનની જાહેરાત કરી છે? – **સ્વીડન**
7. તાજેતરમાં કઈ કંપની એપલને પાછળ છોડીને વિશ્વને બીજી સૌથી મોટી મૂલ્યવાન કંપની બની ગઈ છે? – **Nvidia**
8. તાજેતરમાં ચર્ચામાં રહેલું એસ્ટેરોઈડ – અન્વેષણ અવકાશયાન OSIRIS – APEX એ કઈ સંસ્થાનું અવકાશયાન છે? – **NASA**
9. તાજેતરમાં મેક્સિકોના પ્રથમ મહિલા પ્રમુખ તરીકે કોણ ચૂંટાઈ આવ્યું છે? – **ક્લાઉડિયા શેનબૌમ**
10. તાજેતરમાં કઈ કંપનીએ Rubin AI ચિપ પ્લેટફોર્મની જાહેરાત કરી છે, જે વર્ષ 2026 સુધીમાં ઉપલબ્ધ થશે? – **Nvidia**
11. તાજેતરમાં ભારતના કયા પાડોશી દેશે ઈઝરાયેલી પાસપોર્ટ સાથે મુલાકાતીઓના પ્રવેશ પર પ્રતિબંધ મુક્યો છે? – **માલદીવ**
12. બિનઅનામત બેઠક પરથી જીતનાર સૌથી યુવા આદિવાસી મહિલા કોણ બની છે? – **પ્રિયંકા જરકીહોલી**
13. તાજેતરમાં કયા દેશે અફોર્ડબલ હાઉસિંગને સપોર્ટ કરવા માટે 'ગોલ્ડન વિઝા' ને અપનાવ્યું છે? – **પોર્ટુગલ**
14. તાજેતરમાં કયા દેશની સંસદમાં મતદાન પછી પેલેસ્ટાઈનને સાર્વભૌમ રાજ્ય તરીકે કાયદેસર રીતે માન્યતા આપી? – **સ્લોવેનિયા**
15. તાજેતરમાં કયા રાજ્યની સરકારે 'મુખ્યમંત્રી કિસાન ઈવમ ખેતીહાર મજદૂર જીવન સુરક્ષા યોજના' હેઠળ વય મર્યાદાને દૂર કરવાનો નિર્ણય લીધો છે? – **હરિયાણા**
16. જૂન, 2024 માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાનો કેટલામો હપ્તો જાહેર કરવામાં આવ્યો? – **17 મો**
17. તાજેતરમાં કોલેકેન ઈનાકયાલી (Koleken inakayali) નામના ડાયનાસોરનો નવો પ્રકાર કયાંથી મળી આવ્યો હતો? – **પેટાગોનિયા, દક્ષિણ અમેરિકા**
18. ધ ગ્રેટર ચેન્નઈ કોર્પોરેશન (GCC), કઈ બેંકની સહાયથી 2026-27 સુધીમાં ટકાઉ સિસ્ટમ સ્થાપિત કરવા માટે તેની કચરાના વ્યવસ્થાપન પદ્ધતિઓને વધારવાનું લક્ષ્ય રાખે છે? – **વિશ્વ બેંક**
19. કોર્નેલ યુનિવર્સિટીના સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં કયા દેશના લોકો દ્વારા માઈક્રો પ્લાસ્ટિકનો માથાદીઠ ખોરાકનો વપરાશ સૌથી વધુ છે? – **ઈન્ડોનેશિયા**
20. તાજેતરમાં કયા રાજયમાં જમીનના સ્વાસ્થ્યને સુધારવા માટે 'મુખ્યમંત્રી મન્નુયીર કાથુ મન્નુ યીર કપોમ' યોજના શરૂ કરવામાં આવી છે? – **તમિલનાડુ**
21. તાજેતરમાં કયા રાજયમાં પુડુકોટ્ટાઈ જિલ્લાના કવિનાડુ કામનોઈ ખાતે કુત્રિમ ટાપુઓ બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યુ છે? – **તમિલનાડુ**
22. તાજેતરમાં કઈ કંપનીના સહયોગથી કેરળ સરકાર દ્વારા કોચીમાં બે દિવસીય 'ઈન્ટરનેશનલ જનરલ AI' કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું? – **IBM**
23. તાજેતરમાં ભારતના કયા બેડમિન્ટન ખેલાડીને તમાકુ નિયંત્રણ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે? – **પી.વી. સિંધુ**
24. તાજેતરમાં ચર્ચામાં રહેલી 'ઓંગે જનજાતિ' જે ભારતના આદિમ જાતિઓમાંની એક છે તે ભારતના કયા પ્રદેશમાં વસવાટ કરે છે? – **નાના આંદામાન ટાપુઓ**
25. રિટેલ બેંકિંગ પર ટેક્નોલોજીના ઝડપી વિસ્તરણ અને RBI ની માર્ગદર્શિકા વચ્ચે બેંક ગ્રાહકોને ફરિયાદ નિવારણમાં મદદ કરવા માટે 'બેંક ક્લિનિક' પહેલ કોના દ્વારા શરૂ કરવામાં આવી છે? – **ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન (AIBEA)**
26. તાજેતરમાં કોના દ્વારા લોન્ગીટયુડિનલ હેલ્થ મોનિટરિંગ પ્રોજેક્ટ, ફિનોમ ઈન્ડિયાના પ્રથમ તબક્કાનું સમાપન કરવામાં આવ્યું હતું? – **CSIR**

Banking Academy

27. તાજેતરમાં ભારતીય સેનાએ હાઈડ્રોજન ફયુઅલ સેલ બસ માટે કઈ કંપની સાથે સહયોગ કર્યો છે? – **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ**
28. તાજેતરમાં જંગલની આગનો સામનો કરી રહેલી વિશ્વની સૌથી મોટી ઉષ્ણકટિબંધીય 'પેન્ટાનલ વેટલેન્ડ' કયા દેશમાં આવેલી છે? – **બ્રાઝિલ, બોલિવિયા, પેરાગ્વે**
29. યુનાઈટેડ કિંગ્ડમની સેન્ટ્રલ બેકિંગ દ્વારા કઈ ભારતીય બેંકને 'રિસ્ક મેનેજર ઓફ ધ યર 2024' નો એવોર્ડ મળ્યો છે? – **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા**
30. તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રાલયે 'પ્રચંડ' લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર ખરીદવા માટે રૂા. 50,000 કરોડનો કોન્ટ્રાકટ કઈ કંપની સાથે કર્યો છે? – **હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)**
31. તાજેતરમાં માઈક્રોસોફટને ટોચના સ્થાનેથી પછાડીને વિશ્વની સૌથી મૂલ્યવાન કંપની કઈ બની છે? – **Nvidia**
32. મોતીના વેપાર માટે પ્રખ્યાત શહેર તુઆમ (Tu'am) ના અવશેષો પુરાતત્વવિદોને કયાંથી મળી આવ્યા છે? – **સિનિયાહ ટાપુ, UAE**
33. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ તાજેતરમાં કયા વર્ષ સુધીમાં ઉડ્ડયન ક્ષેત્રે મહિલા પ્રતિનિધિત્વને 25% સુધી વધારવાના ઉદ્દેશ્યથી 'નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં જાતિ સમાનતા' નામનો એક સલાહકાર પરિપત્ર બહાર પાડયો છે? – **2025**
34. તાજેતરમાં ચર્ચામાં રહેલા 'Gliese 12 b' એ શું છે? – **NASA દ્વારા શોધાયેલો સુપર –અર્થ એક્સોપ્લેનેટ**
35. તાજેતરમાં પર્વતારોહક અને ક્રિકેટર 'કબાક યાનો' માઉન્ટ એવરેસ્ટ સર કરનારી ન્યાશી જનજાતિની પ્રથમ મહિલા બની છે તે કાય રાજયની છે? – **અરૂણાચલ પ્રદેશ**
36. તાજેતરમાં ગીતાનાસ નૌસેદા કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે બીજી મુદ્દત માટે ફરીથી ચૂંટાયા છે? – **લિથુઆનિયા**
37. રશિયાએ તાજેતર 'જો કોઈપણ રાષ્ટ્ર સશસ્ત્ર આક્રમણનો સામનો કરે તો તાત્કાલિક લશ્કરી સહાય પૂરી પાડવા' નવો સંરક્ષણ કરાર કયા દેશ સાથે કર્યો છે? – **ઉત્તર કોરિયા**
38. PLEASE (Plastic Free Rivers and Seas of South Asia) પ્રોગ્રામ હેઠળ તાજેતરમાં સુનકોશી નદીના કાંઠા અને કચરાના હોટસ્પોટમાંથી કચરો દૂર કરવાનું સફાઈ અભિયાન પૂર્ણ કરવામાં આવ્યું, તે સુનકોશી નદી કયા દેશમાં આવેલી છે? – **નેપાળ**
39. એક મહાન પ્રશાસક અને આધ્યાત્મિક વલણ ધરાવતા સ્વપ્નદૃષ્ટા મરાઠા રાણી અહિલ્યાબાઈ હોલ્કરની તાજેતરમાં કેટલામી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી? – **300 મી**
40. તાજેતરમાં કયા દેશે નિઃશસ્ત્ર 'મિનિટમેન III' ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ પરીક્ષણ હાથ ધર્યું હતું? – **અમેરિકા**
41. તાજેતરમાં ચર્ચામાં રહેલું ઈન્દિરા ગાંધી ઝૂઓલોજિકલ પાર્ક કયા રાજયમાં આવેલું છે? – **વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ**
42. તાજેતરમાં ભારતના કયા અનુભવી વિકેટકીપર અને બેટ્સમેને IPL અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે? – **દિનેશ કાર્તિક**
43. તાજેતરમાં કયા શહેરમાં આવેલા પ્રખ્યાત 'મહારાણી મંદિર' માં ભીષણ આગના કારણે મંદિરને ખૂબ જ નુકશાન થયું હતું? – **ગુલમર્ગ, જમ્મુ – કાશ્મીર**

Banking Academy

Govt.Jobs જેવી કે

BANK SBI IBPS LIC SSC RRB RBI

તેમજ

GPSC PSI નાયબ મામલતદાર રાજ્યવેરા નિરીક્ષક તલાટી

બિન સચિવાલય કોન્સ્ટેબલ TET/TAT ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

# GPSC Class - I/II માટે સંપૂર્ણ મટીરીયલ સેટ







**COMBO BOOKS SET**

**8140858555**

આ સંપૂર્ણ મટીરીયલ સેટ મેળવવા માટે સંપર્ક કરો

# GPSC Class - III માટે સંપૂર્ણ મટીરીયલ સેટ




## Head Office-Surat (Udhna Branch)

Shree Arc, Opp. Shanidev Temple, Sosyo Corcle, Udhna-Magdalla Road, SURAT.

| Contact | Visit us | Email |
|---|---|---|
| 70466 33255 | www.bankingacademy.co.in | info@bankingacademy.co.in |

## Branches

**VARACHHA (Surat)**
4th Floor, "Silver Business Hub",
Simada-Naka to Yogichowk,
150ft BRTS Road, Varachha,
Surat PH: 70464 16555

**KATARGAM (Surat)**
422, 4th Floor, KBC -Kedar Business Hub,
Katargam Dabholi BRTS Road,
Near Bapa Sitaram Chowk, Katargam,
Surat PH: 70466 31555